અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ કરેલ ઉકત સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી સંદર્ભ (૨) હેઠળના પત્રથી તબદીલ થઈ નોર્થઝોન(કતારગામ) કચેરી ખાતે અરજી આઈ.ડી.નં.૧૩૫૮, તા.૧૮/૦૩/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૧૬/૦૪/૨૦૨૪ના પત્રથી અરજદારશ્રીને મુદ્દા નં–૨, ૪ અને ૫ ની માંગેલ માહિતી માટે નાણાં ભરવા જણાવેલ. તથા મુદ્દા નં–૧, ૩, ૬ અને ૭ ની માહિતી માટે ઉપલબ્ધ રેકર્ડની દફતરી ચકાસણી કરતા માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ રેકર્ડ પર જણાતી ન હોવાનું જણાવી, માંગેલ માહિતી આપી શકાય તેમ નથી તેવો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. તથા ૯ ની માહિતી માટે આર.ટી.આઈ. એકટ – ૨૦૦૫ હેઠળ ફકત રેકર્ડ આધારિત માહિતી પૂરી પાડવાનું પ્રાવધાન છે એવુ જણાવેલ. તથા મુદ્દા નં–૮ ની માંગેલ માહિતી શહેર વિકાસ વિભાગને લાગુ પડતી ન હોવાનું જણાવેલ. અરજદારશ્રી ધ્વારા માહિતી અન્વયે નારાજ થઈ, સંદર્ભ (૪) હેઠળથી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના નોર્થઝોન(કતારગામ) ખાતે પ્રથમ અપીલ નં.૨૭, તા.૧૫/૦૫/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી તા.૨૨/૦૫/૨૦૨૪ ના રોજ સાંજે ૦૪ઃ૩૦ થી ૦૫ઃ૩૦ કલાક દરમ્યાન અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલરને સંયુકત રીતે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર બંને સંયુકત રીતે હાજર રહેલ હતા. સદર સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગ્યા મુજબની માહિતી અન્વયે ડિમોલીશનની રસીદ આપવા જણાવેલ, જયારે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારે ઉપરોકત રજુઆત આર.ટી.આઈ. ની અરજીમાં જણાવેલ ન હોવાનું / માંગણી કરેલ ન હોવાનું જણાવેલ.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, અત્રેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમઃ–

જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીને માંગ્યા મુજબની માહિતી અન્વયે સંદર્ભ (૩) માં જણાવેલ તા.૧૬/૦૪/૨૦૨૪ના પત્રથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં–૨, ૪ અને ૫ ની માહિતી માટે નાણાં ભરવા જણાવેલ. જે અન્વયે અરજદારશ્રીએ માહિતી નાં નાણાં રૂ.૧૪/– રસીદ નં–૩૦૦/૫૨, તા.૧૯/૦૪/૨૦૨૪ થી ભરેલ. જે અન્વયે અરજદારશ્રીને માહિતીનાં પાના નંગ ૦૭ તા.૨૫/૦૪/૨૦૨૪નાં પત્ર થી ટપાલ દ્વારા મોકલી આપવામાં આવેલ છે તથા બાકીનાં મુદ્દાઓનો રેકર્ડ આધારીત પ્રત્યુતર પાઠવેલ છે. અરજદારશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાન કરવામાં આવેલ રજુઆતને ધ્યાને લેતા તેઓશ્રી દ્વારા ડિમોલીશનની રસીદ આપવા જણાવેલ છે. પરંતુ અરજદારશ્રીની નમુના 'ક' અરજીનો વિસ્તૃત રીતે અભ્યાસ કરતા તેઓશ્રી દ્વારા રૂબરૂ સુનાવણી દરમ્યાન કરવામાં આવેલ રજુઆત મુજબની માહિતીનું વર્ણન નમુના 'ક' માં કરવામાં આવેલ નથી. વધુમાં અરજદારશ્રી દરેક સુનાવણી દરમ્યાન પ્રથમ અપીલ અધિકારીશ્રી સમક્ષ આવીને ગમે તેવા શબ્દ પ્રયોગ કરી, તોછડાઈપણું કરી અપીલ અધિકારીશ્રીનું અપમાન કરે છે. અને સરકારી કામકાજમાં ખલેલ પહોંચાડવાનું કૃત્ય કરે છે. આર.ટી.આઈ. નાં કાયદાનું સરેઆમ ઉલ્લઘંન કરતા હોવાનું જણાઈ આવેલ છે. આમ, અરજદારશ્રી દ્વારા પ્રથમ અપીલ અધિકારીશ્રીના સુનાવણી સ્થળ / કચેરીમાં અશિષ્ત ભર્યુ વર્તન કરેલ છે. જે પ્રથમ અપીલ અધિકારીશ્રી તથા જાહેર માહિતી અધિકારીશ્રીની માન / મર્યાદાને હાનિ પહોંચે તેવું કૃત્ય ગણવામાં આવેલ છે.

ઉપરોકત તમામ વિગત / હકીકત ધ્યાને લેતા, આપશ્રીની સદર પ્રથમ અપીલ અન્વયે અત્રેથી વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ના હોય, સદર પ્રથમ અપીલ અરજી અત્રેથી દફતરે કરવામાં આવે છે. જે આપશ્રીની જાણ સારૂ. આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો અત્રેથી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી જ પૂરી પાડવાની જોગવાઈ છે. જે આપશ્રીની જાણ સારૂ.

વધુમાં અરજદારશ્રીને માહિતી પૂરી પાડવાનાં પ્રત્યુતરમાં જાહેર માહિતી અધિકારીશ્રીનું નામ, હોદ્દો, ટેલીફોન નંબર વિગેરે જેવી માહિતીનો અચુક ઉલ્લેખ કરવા તથા મુદ્દાવાઈઝ પ્રત્યુતર આપવા પણ સુચના આપવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકો છો.

(કામિની એસ. દોષી)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
શ્રી મિતેષ જરીવાલા

નકલ રવાનાઃ– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર, નોર્થઝોન(કતારગામ) પ્રતિ..... જાણ તથા અમલ સારૂ.

FIRST APPEAL
EXECUTIVE ENGINEER
SMC/FAP/NO.30/2024
DT. 18/05/2024

અપીલ અરજી : તા.૧૮/૦૫/૨૦૨૪
અરજદાર (વાદી) : શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર, નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા.

<u>ફરીયાદની હકીકત</u> :

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયાની તા.૦૬/૧૨/૨૦૨૩ના રોજની અરજીથી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– (૧) આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટેની વાદીશ્રીની અરજી એન.ઝેડ.આઈ.ડી.નં. ૯૦૫, તા.૦૬/૧૨/૨૦૨૩.
(૨) જાહેર માહિતી અધિકારી અને જુની.ઈજનેર (ટેક.) વિજીલેન્સ એન્ડ ઈન્સ્પે. ડિપાર્ટમેન્ટનો પત્રનં. વીઆઈડી/૧૭૪૩, તા.૩૦/૧૧/૨૦૨૩. (મૂળ આઈ ડી નં. એપી–૨૨૪૭, તા.૦૯/૧૧/૨૦૨૩)
(૩) અત્રેની કચેરીનો પત્ર.નં.એન.ઝેડ/આઉટ/નં.૨૧૫૧, તા.૨૬/૧૨/૨૦૨૩.
(૪) અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી તા.૧૮/૦૫/૨૦૨૪
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૩૫૪, તા.૨૦/૦૫/૨૦૨૪.

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ કરેલ ઉકત સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી સંદર્ભ (૨) હેઠળના પત્રથી તબદીલ થઈ નોર્થઝોન(કતારગામ) કચેરી ખાતે અરજી આઈ.ડી.નં.૯૦૫, તા.૦૬/૧૨/૨૦૨૩ થી નોંધાયેલ છે. અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૨૬/૧૨/૨૦૨૩ના પત્રથી અરજદારશ્રીને મુદ્દા નં–૧ થી ૩ ની માંગેલ માહિતી માટે નાણાં ભરવા જણાવેલ. તથા મુદ્દા નં–૪ અને ૫ ની માહિતી માટે આર.ટી.આઈ. એકટ – ૨૦૦૫ હેઠળ ફકત રેકર્ડ આધારિત માહિતી પૂરી પાડવાનું પ્રાવધાન છે એવુ જણાવેલ. તથા મુદ્દા નં–૬ ની માંગેલ માહિતી માટે મુદ્દા નં–૧ અને ૨ મુજબ કાર્યવાહી કરેલ હોવાનું જણાવેલ. અરજદારશ્રી ધ્વારા માહિતી અન્વયે નારાજ થઈ, સંદર્ભ (૪) હેઠળથી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના નોર્થઝોન(કતારગામ) ખાતે પ્રથમ અપીલ નં.૩૦, તા.૧૮/૦૫/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી તા.૨૨/૦૫/૨૦૨૪ ના રોજ સાંજે ૦૪ઃ૩૦ થી ૦૫ઃ૩૦ કલાક દરમ્યાન અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલરને સંયુકત રીતે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર બંને સંયુકત રીતે હાજર રહેલ હતા. સદર સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગ્યા મુજબની માહિતી અન્વયે નમુના 'ક' ની અરજીનાં ૩૦ દિવસ બાદ નાણા ભરાવી માહિતી આપેલ હોવાનું જણાવેલ, જયારે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીને ઉપરોકત બાબતે ઘટિત કાર્યવાહી હાથ ધરવામાં આજશે તેમ જણાવેલ.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, અત્રેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમઃ–

જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીને માંગ્યા મુજબની માહિતી અન્વયે સંદર્ભ (૩) માં જણાવેલ તા.૨૬/૧૨/૨૦૨૩ના પત્રથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં–૧ થી ૩ ની માહિતી માટે નાણાં ભરવા

જણાવેલ. જે અન્વયે અરજદારશ્રીએ માહિતી નાં નાણાં રૂ.૯૦/– રસીદ નં–૪૦૦/૨૭૭, તા.૨૭/૧૨/૨૦૨૩ થી ભરેલ. જે અન્વયે અરજદારશ્રીને માહિતીનાં પાના નંગ ૪૫ તા.૧૭/૦૧/૨૦૨૪નાં પત્ર થી ટપાલ દ્વારા મોકલી આપવામાં આવેલ છે તથા બાકીનાં મુદ્દાઓનો રેકર્ડ આધારીત પ્રત્યુતર પાઠવેલ છે. જે અન્વયે આપશ્રીની સદર પ્રથમ અપીલ અન્વયે અત્રેથી વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ના હોય, સદર પ્રથમ અપીલ અરજી અત્રેથી દફતરે કરવામાં આવે છે. જે આપશ્રીની જાણ સારૂ. પરંતુ અરજદારશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાન કરવામાં આવેલ રજુઆતને ધ્યાને લેતા, નમુના 'ક' ની અરજીનાં ૩૦ દિવસ બાદે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નાણા ભરવા અંગેનો પ્રત્યુતર પાઠવવામાં આવેલ છે. આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ નમુના 'ક' ની અરજીનાં ૩૦ દિવસની અંદર અરજદારશ્રીને માંગેલ માહિતી અન્વયે જવાબ/પ્રત્યુતર પાઠવવાનો રહેતો હોય છે. જેમાં જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા ચુક થયેલ હોય, ભવિષ્યમાં સદર બાબતે કાળજી રાખવાં જણાવવામાં આવે છે. જેની સ્પષ્ટ પણે ગંભીર નોંધ લેવાની રહેશે. વધુમાં અરજદારશ્રી દ્વારા માહિતી અંગેના નાણા ભર્યેથી તાકિદે માહિતી પાઠવવા જાહેર માહિતી અધિકારીશ્રીને નિર્દેશ કરવામાં આવે છે. આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો અત્રેથી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી જ પૂરી પાડવાની જોગવાઈ છે. જે આપશ્રીની જાણ સારૂ.

વધુમાં અરજદારશ્રીને માહિતી પૂરી પાડવાનાં પ્રત્યુતરમાં જાહેર માહિતી અધિકારીશ્રીનું નામ, હોદ્દો, ટેલીફોન નંબર વિગેરે જેવી માહિતીનો અચુક ઉલ્લેખ કરવા તથા મુદ્દાવાઈઝ પ્રત્યુતર આપવા પણ સુચના આપવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકો છો.

(કામિની એસ. દોષી)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા

નકલ રવાનાઃ– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર, નોર્થઝોન(કતારગામ) પ્રતિ..... જાણ તથા અમલ સારૂ.

(૨) જાહેર માહિતી અધિકારી અને જુની.ઈજનેર (ટેક.) વિજીલેન્સ એન્ડ ઈન્સ્પે. ડિપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા પ્રતિ..... જાણ તથા અરજદારશ્રીની રજુઆત ધ્યાને લેતા ભવિષ્યમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ નિયત સમય મર્યાદામાં નમુના 'ક' ની અરજી તબદીલ કરવા સારૂ. જેથી નિયત સમયમર્યાદામાં અરજદારશ્રીને પ્રત્યુતર પાઠવી શકાય.

FIRST APPEAL
EXECUTIVE ENGINEER
SMC/FAP/NO.28/2024
DT. 16/05/2024

અપીલ અરજી : તા.૧૬/૦૫/૨૦૨૪
અરજદાર (વાદી) : શ્રી દિપ જયોત સો. ના પ્રમુખશ્રી અશોકભાઈ જેરામભાઈ દેસાઈ
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી, નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા.

<u>ફરીયાદની હકીકત</u> :

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી દિપ જયોત સો. ના પ્રમુખશ્રી અશોકભાઈ જેરામભાઈ દેસાઈની તા.૦૪/૦૩/૨૦૨૪ ના રોજની અરજીથી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– (૧) આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટેની વાદીશ્રીની અરજી એન.ઝેડ.આઈ.ડી.નં. ૧૨૮૭, તા.૦૪/૦૩/૨૦૨૪.
(૨) આર.ટી.આઈ અરજી સિવિક નોર્થઝોન(કતારગામ) ઈન/ નં. ૧૧૪૩, તા. ૦૪/૦૩/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર.નં.એન.ઝેડ/આઉટ/નં.૨૮૫૫, તા.૨૮/૦૩/૨૦૨૪.
(૪) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરનો પત્ર નં. ટીપીડી / આરટીઆઈ / આ / ૧૧, તા.૦૬/૦૪/૨૦૨૪.
(૫) જાહેર માહિતી અધિકારી અને આસી. ઈજનેર, શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતુનો પત્ર નં. ટી.ડી.ઓ/ આર.ટી.આઈ./૦૪૮, તા.૨૪/૦૪/૨૦૨૪.
(૬) અત્રેની કચેરીનો પત્ર.નં.એન.ઝેડ/આઉટ/નં.૩૧૯, તા.૦૮/૦૫/૨૦૨૪.
(૭) અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી તા.૧૬/૦૫/૨૦૨૪
(૮) અત્રેની કચેરીનો પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૩૫૬, તા.૨૦/૦૫/૨૦૨૪.

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ કરેલ ઉકત સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી નોર્થઝોન(કતારગામ) કચેરી ખાતે અરજી આઈ.ડી.નં.૧૨૮૭, તા.૦૪/૦૩/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૨૮/૦૩/૨૦૨૪ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીને માહિતી માંગતી અરજી નમુનો 'ક' સંપૂર્ણ તબદીલ કરેલ. ત્યારબાદ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી દ્વારા સદર અરજી સંદર્ભ (૪) હેઠળના તા.૦૬/૦૪/૨૦૨૪ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને જુનિયર નગર નિયોજકશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને આસી. ઈજનેરશ્રી, શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતાને તબદીલ કરેલ. ત્યારબાદ જાહેર માહિતી અધિકારી અને આસી. ઈજનેરશ્રી, શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતા દ્વારા સદર અરજી નમુનો 'ક' સંદર્ભ (૫) હેઠળના તા.૨૪/૦૪/૨૦૨૪ના પત્રથી અત્રેના વિભાગને ફેર તબદીલ કરતા, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ (૬) હેઠળના તા.૦૮/૦૫/૨૦૨૪ના પત્રથી અરજદારશ્રીને ઉપલબ્ધ રેકર્ડની દફતરી ચકાસણી કરતા માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ રેકર્ડ પર જણાતી ન હોવાનું જણાવી, માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ થયેથી પૂરી પાડી શકાશે તેમ જણાવેલ. અરજદારશ્રી ધ્વારા માહિતી અન્વયે નારાજ થઈ, સંદર્ભ (૭) હેઠળથી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના નોર્થઝોન(કતારગામ) ખાતે પ્રથમ અપીલ નં.૨૮, તા.૧૬/૦૫/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા સંદર્ભ (૮) હેઠળના પત્રથી તા.૨૨/૦૫/૨૦૨૪ ના રોજ સાંજે ૦૪ઃ૩૦ થી ૦૫ઃ૩૦ કલાક દરમ્યાન અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરીને સંયુકત રીતે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી બંને સંયુકત રીતે હાજર રહેલ હતા. સદર સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગ્યા મુજબની માહિતી અન્વયે કતારગામ ટીપી ૪૯, એફ.પી. ૭૩/૨ વાળી જગ્યા અને એફ.પી. ૮૪/૨ વાળી જગ્યા ઉપર

એફ.પી. ૩૬૬ વાળી જગ્યા પ્લાન પાસ તેના ઉપર થયેલ બાંધકામ તે ગેરકાયદેસર કે તેને કોની મંજુરી આપી તે બાબતની લેખિતમાં જવાબ આપવા વિનંતી કરેલ, જયારે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીને માંગ્યા મુજબની માહિતી અન્વયે તા.૦૮/૦૫/૨૦૨૪થી જવાબ પાઠવેલ હોવાનું જણાવેલ.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, અત્રેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમ:–

અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારીશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાનની રજુઆતને ધ્યાને લેતા તથા અરજદારશ્રીની નમુના 'ક' ની અરજીનો વિસ્તૃત અભ્યાસ કરતા અરજદારશ્રીને જણાવવાનું કે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા તા.૦૮/૦૫/૨૦૨૪નાં રોજ કરવામાં આવેલ પૂર્તતા યથાયોગ્ય છે. આથી આપશ્રીની સદર પ્રથમ અપીલ અન્વયે અત્રેથી વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ના હોય, સદર પ્રથમ અપીલ અરજી અત્રેથી દફતરે કરવામાં આવે છે. જે આપશ્રીની જાણ સારૂ. વધુમાં આર.ટી.આઈ એકટ – ૨૦૦૫ હેઠળ અરજદારશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે નિયત સમય મર્યાદામાં નમુના 'ક' ની અરજી તબદીલ કરવા જાહેર માહિતી અધિકારીશ્રીને નિર્દેશ આપવામાં આવે છે. આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો અત્રેથી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી જ પૂરી પાડવાની જોગવાઈ છે. જે આપશ્રીની જાણ સારૂ.

વધુમાં અરજદારશ્રીને માહિતી પૂરી પાડવાનાં પ્રત્યુતરમાં જાહેર માહિતી અધિકારીશ્રીનું નામ, હોદ્દો, ટેલીફોન નંબર વિગેરે જેવી માહિતીનો અચુક ઉલ્લેખ કરવા તથા મુદ્દાવાઈઝ પ્રત્યુતર આપવા પણ સુચના આપવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકો છો.

(કામિની એસ. દોષી)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
શ્રી દિપ જયોત સો. ના પ્રમુખશ્રી અશોકભાઈ જેરામભાઈ દેસાઈ

નકલ રવાના:– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી, નોર્થઝોન(કતારગામ) પ્રતિ..... જાણ તથા અમલ સારૂ.

FIRST APPEAL
EXECUTIVE ENGINEER
SMC/FAP/NO.24/2024
DT.15/05/2024

અપીલ અરજી : તા.૧૫/૦૫/૨૦૨૪
અરજદાર (વાદી) : શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી, (એફ) એ.એમ.જરીવાલા, નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા.

<u>ફરીયાદની હકીકત</u> :

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી હસમુખભાઈ વી. ધોળકીયાની તા.૧૮/૦૪/૨૦૨૪ના રોજની અરજીથી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– (૧) આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટેની વાદીશ્રીની અરજી એન.ઝેડ.આઈ.ડી.નં. ૫૫, તા.૧૮/૦૪/૨૦૨૪.
(૨) જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ (નાગરીક સુવિધા કેન્દ્ર)નો પત્રનં.સીસીસી. સીઝેડ/ આર.ટી.આઈ/ આઉટ–૭૮, તા.૧૫/૦૪/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર.નં.નોર્થઝોન/આઉટ/નં.૧૬૧, તા.૨૨/૦૪/૨૦૨૪.
(૪) અત્રેની કચેરીનો પત્ર.નં.એનઝેડ/મહેકમ/આઉટ/નં.૨૩૧, તા.૨૫/૦૪/૨૦૨૪.
(૫) અત્રેની કચેરીનો પત્ર.નં.એન.ઝેડ./આ./નં.૩૪૧, તા.૧૭/૦૫/૨૦૨૪.
(૬) અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી તા.૧૫/૦૫/૨૦૨૪
(૭) અત્રેની કચેરીનો પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૩૫૦, તા.૧૮/૦૫/૨૦૨૪.

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ કરેલ ઉકત સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી સંદર્ભ (૨) હેઠળના પત્રથી તબદીલ થઈ નોર્થઝોન(કતારગામ) કચેરી ખાતે અરજી આઈ.ડી.નં.૫૫, તા.૧૮/૦૪/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એફ) એ.એમ.જરીવાલા ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૩) હેઠળના તા.૨૨/૦૪/૨૦૨૪ના પત્રથી મુદ્દા નં–૫ (E) બાબતે નોર્થઝોન (કતારગામ) વહીવટી ભવનનાં પાર્કીગમાં લગાડવામાં આવેલ CCTV કેમેરાનાં બીલનું ચુકવણું બાકી હોય, ખર્ચ આપી શકાય તેમ ન હોવાનો પ્રત્યુત્તર પાઠવેલ. તથા મુદ્દા નં–૬ SNS-10 ની માહિતી અત્રેનાં પત્ર નં. નોર્થઝોન / આઉટ/નં.૨૩૪૩, તા.૧૦/૦૩/૨૦૨૧થી આપેલ હોવાનું જણાવેલ. તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૪) હેઠળના તા.૨૫/૦૪/૨૦૨૪ના પત્રથી પાણી વિભાગમાંથી સ્ટેપ નં. ૬ માટે જરૂરી માહિતી પાઠવેલ. તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૫) હેઠળના તા.૧૭/૦૫/૨૦૨૪ના પત્રથી શહેર વિકાસ વિભાગમાંથી મુદ્દા નં–૧ અને ૯ ની માહિતી પ્રશ્નવાચક હોય, પુરી પાડી શકાય તેમ ન હોવાનો પ્રત્યુત્તર પાઠવેલ. તથા મુદ્દા નં–૨ અને ૩ ની માંગેલ માહિતી અન્વયે સ્પષ્ટ માહિતીનો ઉલ્લેખ કર્યેથી માહિતી પૂરી પાડવામાં આવશે તેમ જણાવેલ. તથા મુદ્દા નં–૪, ૫, ૬ અને ૧૦ ની માહિતી શહેર વિકાસ વિભાગને લાગુ પડતી ન હોવાનું જણાવેલ. તથા મુદ્દા નં – ૭ માટે અત્રેનાં મહેકમ વિભાગનાં શીડયુલ પ્રમાણે જે તે અધિકારી / કર્મચારી દ્વારા ફરજ બજાવવામાં આવે છે તેમ જણાવેલ. તથા મુદ્દા નં–૮ અને ૧૧ ની માહિતી માટે ઉપલબ્ધ રેકર્ડની દફતરી ચકાસણી કરતા માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ રેકર્ડ પર જણાતી ન હોવાનું જણાવી, માંગેલ માહિતી આપી શકાય તેમ નથી તેવો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. અરજદારશ્રી ધ્વારા માહિતી અન્વયે નારાજ થઈ, સંદર્ભ (૬) હેઠળથી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના નોર્થઝોન(કતારગામ) ખાતે પ્રથમ અપીલ નં.૨૪, તા.૧૫/૦૫/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા સંદર્ભ (૭) હેઠળના પત્રથી તા.૨૨/૦૫/૨૦૨૪ ના રોજ સાંજે ૦૪ઃ૩૦ થી ૦૫ઃ૩૦ કલાક દરમ્યાન અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રીઓને સંયુકત રીતે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ.સદર સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રીઓ સંયુકત રીતે હાજર રહેલ હતા. સદર સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગ્યા મુજબની માહિતી અન્વયે માહિતી છુપાવવી ગુનો છે. ખોટી માહિતી આપવી ગુનો છે. આજે લાબાં સમયથી માહિતીથી વંચિત રાખેલ છે. સામાન્ય માહિતી સામે ચાલીને રજુ કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટનો હુકમ ધારા હેઠળ માહિતી આપેલ નથી. વેબસાઈટ પર માહિતી જાહેર હીતના મુદ્દા મુકેલ નથી. જાહેરાત કરતા જાહેર હીત મહત્વનું છે. જાહેર ચેતવણી કરેલ નકલ પણ રજુ કરશો. નમુના 'ક' મુજબની માહિતી

આપશો. ૨૭૪૦ દિવસથી ભ્રષ્ટાચાર આચરેલ છે. કોમન પ્લોટ/શેરી/R-19 રીઝર્વેશન (R49) ઈમ્પેક / COR / રસ્તા CCTV AC ચેમ્બર સથીગરી બાબત હોવાનું જણાવેલ, જયારે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રીઓ ધ્વારા અરજદારશ્રીને માંગ્યા મુજબની માહિતી અન્વયે નિયત સમય મર્યાદામાં જવાબ પાઠવેલ હોવાનું જણાવેલ.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, અત્રેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

—:હુકમ:—

અરજદારશ્રી દ્વારા અત્યાર સુધીમાં ઘણી અરજીઓ કરવામાં આવેલ છે. જે સ્પષ્ટ / લાગત હોતી નથી. નમૂના "ક" માં મોટાભાગના મુદ્દાઓમાં અરજદારશ્રી કઈ માહિતીની નકલ મેળવવા માંગે છે તે સ્પષ્ટ થતુ ના હોય, છતા પણ આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ માહિતીના કાયદાનો સદઉપયોગ થાય તે હેતુથી જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા તમામ અરજીઓના જવાબો આપવામાં આવેલ છે. જેથી વહીવટી કામગીરીમાં બિનજરૂરી વિક્ષેપ પડે છે. અને બિનજરૂરી માનવબળ / માનવકલાકો બગડે છે. પ્રસ્તુત અપીલ અરજી વંચાણે / ધ્યાને લેતા, અરજદારશ્રીના આક્ષેપો જ જણાય છે. જેથી અરજદારશ્રીને સંબંધિત ખાતાધિકારીશ્રીનો રૂબરૂ સંપર્ક સાધી લાગત જાહેર માહિતી અધિકારીશ્રીને અરજી કરવા જણાવવામાં આવે છે. પરંતુ અરજદારશ્રીની રૂબરૂ સુનાવણીની રજુઆતને ધ્યાને લઈ કુદરતી ન્યાયનાં સિદ્વાંત ખાતર અરજદારશ્રીને ફરીથી જણાવવામાં આવે છે કે તેઓશ્રીને માહિતીની જરૂરીયાત જણાય તો જાહેર માહિતી અધિકારી (બી) જી.આર.ચાંપાનેરી તથા (એફ) એ.એમ.જરીવાલાનો રૂબરૂ સંર્પક કરી ચોકકસ તથા સ્પષ્ટ માહિતીનું વર્ણન લેખિતમાં કાર્યરત દિન–૭ માં રજુ કરવાનુ રહેશે. ત્યારબાદ જાહેર માહિતી અધિકારી (બી) જી.આર.ચાંપાનેરી તથા (એફ) એ.એમ.જરીવાલાને અરજદારશ્રીની લેખિત રજુઆતને ધ્યાને લઈ માંગ્યા મુજબની માહિતી અન્વયે કચેરીનાં રેર્કડની ફરીથી ઝીણવટપૂર્વક તપાસ / શોધખોળ કરી, માહિતી ઉપલબ્ધ થયેથી/મળી આવ્યેથી આર.ટી.આઈ એકટ – ૨૦૦૫ હેઠળ કાર્યરત દિન – ૦૭ માં નિયત ફી ની ભરપાઈ કરાવી અત્રેની જાણ હેઠળ અચુક પૂરી પાડવાની રહેશે તેમજ સદર બાબતે અરજદારશ્રીને સ્પષ્ટ જવાબ પાઠવવા હુકમ કરવામાં આવે છે. વધુમાં નમૂના "ક" માં માંગવામાં આવેલ માહિતી અન્વયે ડ્રેનેજ વિભાગનો પ્રત્યુતર આપવાનો બાકી હોય, જાહેર માહિતી અધિકારીશ્રી (બી) જી.આર.ચાંપાનેરીને સદર માહિતી અન્વયે કચેરીનાં રેર્કડની ઝીણવટપૂર્વક તપાસ / શોધખોળ કરી, માહિતી ઉપલબ્ધ થયેથી/મળી આવ્યેથી આર.ટી.આઈ એકટ – ૨૦૦૫ હેઠળ તાકિદે દિન–૫ માં વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ અચુક પૂરી પાડવાની રહેશે અથવા તે સબબ સદર બાબતે અરજદારશ્રીને સ્પષ્ટ જવાબ પાઠવવા હુકમ કરવામાં આવે છે. આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો અત્રેથી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી જ પૂરી પાડવાની જોગવાઈ છે. જે આપશ્રીની જાણ સારૂ.

વધુમાં અરજદારશ્રીને માહિતી પૂરી પાડવાનાં પ્રત્યુતરમાં જાહેર માહિતી અધિકારીશ્રીનું નામ, હોદ્દો, ટેલીફોન નંબર વિગેરે જેવી માહિતીનો અચુક ઉલ્લેખ કરવા તથા મુદ્દાવાઈઝ પ્રત્યુતર આપવા પણ સુચના આપવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકો છો.

(કામિની એસ. દોષી)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા

નકલ રવાના:– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી તથા (એફ) એ.એમ.જરીવાલા, નોર્થઝોન(કતારગામ) પ્રતિ..... જાણ તથા અમલ સારૂ.

FIRST APPEAL
EXECUTIVE ENGINEER
SMC/FAP/NO.29/2024
DT. 18/05/2024

અપીલ અરજી : તા.૧૮/૦૫/૨૦૨૪
અરજદાર (વાદી) : શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર, નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા.

<u>ફરીયાદની હકીકત</u> :

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયાની તા.૧૬/૦૩/૨૦૨૪ના રોજની અરજીથી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– (૧) આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટેની વાદીશ્રીની અરજી એન.ઝેડ.આઈ.ડી.નં. ૧૩૨૭, તા.૧૬/૦૩/૨૦૨૪.
(૨) જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) નો પત્ર નં.સી./ આર.ટી.આઈ./૬૨૮, તા.૧૪/૦૩/૨૦૨૪ .
(૩) અત્રેની કચેરીનો પત્ર.નં.એન.ઝેડ/આઉટ/નં.૩૬૯, તા.૨૨/૦૫/૨૦૨૪.
(૪) અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી તા.૧૮/૦૫/૨૦૨૪
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૩૫૫, તા.૨૦/૦૫/૨૦૨૪.

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ કરેલ ઉકત સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી સંદર્ભ (૨) હેઠળના પત્રથી તબદીલ થઈ નોર્થઝોન(કતારગામ) કચેરી ખાતે અરજી આઈ.ડી.નં.૧૩૨૭, તા.૧૬/૦૩/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૨૨/૦૫/૨૦૨૪ના પત્રથી અરજદારશ્રીને માંગેલ માહિતી વિનામુલ્યે આપેલ. અરજદારશ્રી ધ્વારા નિયત સમય મર્યાદામાં માહિતી મળી ન હોવાના કારણે નારાજ થઈ, સંદર્ભ (૪) હેઠળથી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના નોર્થઝોન(કતારગામ) ખાતે પ્રથમ અપીલ નં.૩૦, તા.૧૮/૦૫/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી તા.૨૨/૦૫/૨૦૨૪ ના રોજ સાંજે ૦૪ઃ૩૦ થી ૦૫ઃ૩૦ કલાક દરમ્યાન અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલરને સંયુકત રીતે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર બંને સંયુકત રીતે હાજર રહેલ હતા. સદર સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગ્યા મુજબની માહિતી અન્વયે માંગેલ માહિતી મળી ગઈ હોવાનું જણાવેલ, જયારે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીની ઉપરોકત રજુઆત અંગે હવે અરજદારશ્રીનો કોઈ પ્રશ્ન રહેતો ન હોવાનું જણાવેલ.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, અત્રેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમઃ–

જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીને માંગ્યા મુજબની માહિતી અન્વયે સંદર્ભ (૩) માં જણાવેલ તા.૨૨/૦૫/૨૦૨૪ના પત્રથી રૂબરૂ સુનાવણીનાં દિવસે પ્રત્યુતર પાઠવેલ છે. જે અન્વયે અરજદારશ્રીને આપેલ માહિતીથી સંતોષ હોય, સદર પ્રથમ અપીલ અન્વયે અત્રેથી વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ના હોય, સદર પ્રથમ અપીલ અરજી અત્રેથી દફ્તરે કરવામાં આવે છે. જે આપશ્રીની જાણ સારૂ. વધુમાં

આર.ટી.આઈ એકટ – ૨૦૦૫ હેઠળ અરજદારશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે નિયત સમય મર્યાદામાં માહિતી આપવા અથવા અરજદારશ્રીને અચૂક રીતે જવાબ આપવા નિર્દેશ આપવામાં આવે છે. જેની સ્પષ્ટ પણે ગંભીર નોંધ લેવાની રહેશે. આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો અત્રેથી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી જ પૂરી પાડવાની જોગવાઈ છે. જે આપશ્રીની જાણ સારૂ.

વધુમાં અરજદારશ્રીને માહિતી પૂરી પાડવાનાં પ્રત્યુતરમાં જાહેર માહિતી અધિકારીશ્રીનું નામ, હોદ્દો, ટેલીફોન નંબર વિગેરે જેવી માહિતીનો અચુક ઉલ્લેખ કરવા તથા મુદ્દાવાઈઝ પ્રત્યુતર આપવા પણ સુચના આપવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકો છો.

(કામિની એસ. દોષી)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા

નકલ રવાનાઃ– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર, નોર્થઝોન(કતારગામ) પ્રતિ..... જાણ તથા અમલ સારૂ.

FIRST APPEAL
EXECUTIVE ENGINEER
SMC/FAP/NO.11/2024
DT.15/04/2024

અપીલ અરજી : તા.૧૫/૦૪/૨૦૨૪
અરજદાર (વાદી) : શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી, (એફ) એ.એમ.જરીવાલા, નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા.

<u>ફરીયાદની હકીકત</u> :

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી હસમુખભાઈ વી. ધોળકીયાની તા.૧૯/૦૩/૨૦૨૪ના રોજની અરજીથી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– (૧) આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટેની વાદીશ્રીની અરજી એન.ઝેડ.આઈ.ડી.નં. ૧૩૬૯, તા.૧૯/૦૩/૨૦૨૪.
(૨) જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ (નાગરીક સુવિધા કેન્દ્ર)નો પત્રનં.સીસીસી. સીઝેડ/ આર.ટી.આઈ/ આઉટ–૩૨૨૫, તા.૧૫/૦૩/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર.નં.નોર્થઝોન/આઉટ/નં.૨૮૨૮, તા.૨૭/૦૩/૨૦૨૪.
(૪) અત્રેની કચેરીનો પત્ર.નં.એનઝેડ/મહેકમ/આઉટ/નં.૩૬, તા.૦૨/૦૪/૨૦૨૪.
(૫) અત્રેની કચેરીનો પત્ર.નં.એન.ઝેડ./આ./નં.૧૩૯, તા.૧૮/૦૪/૨૦૨૪.
(૬) અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી તા.૧૫/૦૪/૨૦૨૪
(૭) અત્રેની કચેરીનો પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૧૮૩, તા.૨૪/૦૪/૨૦૨૪ તથા પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૩૨૮, તા.૦૯/૦૫/૨૦૨૪ .

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ કરેલ ઉકત સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી સંદર્ભ (૨) હેઠળના પત્રથી તબદીલ થઈ નોર્થઝોન(કતારગામ) કચેરી ખાતે અરજી આઈ.ડી.નં.૧૩૬૯, તા.૧૯/૦૩/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એફ) એ.એમ.જરીવાલા ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૩) હેઠળના તા.૨૭/૦૩/૨૦૨૪ના પત્રથી માંગેલ માહિતી અસ્પષ્ટ જણાતી હોય, સ્પષ્ટતા થયેથી માહિતી પૂરી પાડવામાં આવશે તેમ જણાવેલ. તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૪) હેઠળના તા.૦૨/૦૪/૨૦૨૪ના પત્રથી પાણી વિભાગમાંથી સ્ટેપ નં. ૪ માટે જરૂરી માહિતી પાઠવેલ. તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૫) હેઠળના તા.૧૮/૦૪/૨૦૨૪ના પત્રથી શહેર વિકાસ વિભાગમાંથી મુદ્દા નં–૧ થી ૩ અને ૬ થી ૮ ની માહિતી માટે ઉપલબ્ધ રેકર્ડની દફતરી ચકાસણી કરતા માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ રેકર્ડ પર જણાતી ન હોવાનું જણાવી, માંગેલ માહિતી આપી શકાય તેમ નથી તેવો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. તથા મુદ્દા નં–૪ ની માહિતી શહેર વિકાસ વિભાગને લાગુ પડતી ન હોવાનું જણાવેલ. તથા મુદ્દા નં–૫ ની માહિતી પ્રશ્નવાચક હોય, પુરી પાડી શકાય તેમ ન હોવાનો પ્રત્યુત્તર પાઠવેલ. અરજદારશ્રી ધ્વારા માહિતી અન્વયે નારાજ થઈ, સંદર્ભ (૬) હેઠળથી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના નોર્થઝોન(કતારગામ) ખાતે પ્રથમ અપીલ નં.૧૧, તા.૧૫/૦૪/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા સંદર્ભ (૭) હેઠળના પત્રથી તા.૦૩/૦૫/૨૦૨૪ ના રોજ સાંજે ૦૪ઃ૩૦ થી ૦૫ઃ૩૦ કલાક દરમ્યાન અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રીઓને સંયુકત રીતે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. પરંતુ સદર તારીખે અંગત કારણસર અરજદારશ્રી હાજર રહેલ નહી તથા તેઓશ્રીની ફેર રૂબરૂ સુનાવણી અર્થેની રૂબરૂ તથા ટેલિફોનિક રજુઆતને ધ્યાને રાખી તા.૨૨/૦૫/૨૦૨૪ ના રોજ સાંજે ૦૪ઃ૩૦ થી ૦૫ઃ૩૦ કલાક દરમ્યાન ફેર રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ જેની જાણ અરજદારશ્રીને પત્ર નં. એન.ઝેડ/આર.ટી.આઈ/ આઉટ/૩૨૮ તા.૦૯/૦૫/૨૦૨૪થી કરવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રીઓ સંયુકત રીતે હાજર રહેલ હતા. સદર સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગ્યા મુજબની માહિતી અન્વયે મુદ્દાવાઈઝ માહિતી મળેલ નથી. નમુના 'ક' મુજબ કાગળ સમયમર્યાદામાં આપેલ નથી. વારંવાર જણાવેલ. ૨૭૪૦ દિવસ રૂબરૂ માહિતી લેવા આવીએ છીએ. ધારા–૪ પાલન કરતા નથી. ભુમાફિયા પ્રોત્સાહન આપે છે. કાગળ દબાવી ફાયદા મેળવેલ છે. સ્ટેપ નં ૧ થી ૮ મુદ્દા ૨ ની લાગુ થતા વિભાગ આપશો. માહિતી વંચિત રાખવાનું બંધ કરશો. વારંવાર સથીગર

અદલાબદલી થાય છે. કાગળ દબાવીને ફાયદો મેળવેલ હોવાનું જણાવેલ, જયારે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રીઓ ધ્વારા અરજદારશ્રીને માંગ્યા મુજબની માહિતી અન્વયે જવાબ પાઠવેલ હોવાનું જણાવેલ.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, અત્રેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમ:–

અરજદારશ્રી દ્વારા અત્યાર સુધીમાં ઘણી અરજીઓ કરવામાં આવેલ છે. જે સ્પષ્ટ / લાગત હોતી નથી. નમૂના "ક" માં મોટાભાગના મુદ્દાઓમાં અરજદારશ્રી કઈ માહિતીની નકલ મેળવવા માંગે છે તે સ્પષ્ટ થતુ ના હોય, છતા પણ આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ માહિતીના કાયદાનો સદઉપયોગ થાય તે હેતુથી જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા તમામ અરજીઓના જવાબો આપવામાં આવેલ છે. જેથી વહીવટી કામગીરીમાં બિનજરૂરી વિક્ષેપ પડે છે. અને બિનજરૂરી માનવબળ / માનવકલાકો બગડે છે. પ્રસ્તુત અપીલ અરજી વંચાણે / ધ્યાને લેતા, અરજદારશ્રીનાં આક્ષેપો જ જણાય છે. જેથી અરજદારશ્રીને સંબંધિત ખાતાધિકારીશ્રીનો રૂબરૂ સંપર્ક સાધી લાગત જાહેર માહિતી અધિકારીશ્રીને અરજી કરવા જણાવવામાં આવે છે. પરંતુ અરજદારશ્રીની રૂબરૂ સુનાવણીની રજુઆતને ધ્યાને લઈ કુદરતી ન્યાયનાં સિદ્વાંત ખાતર અરજદારશ્રીને ફરીથી જણાવવામાં આવે છે કે તેઓશ્રીને માહિતીની જરૂરીયાત જણાય તો જાહેર માહિતી અધિકારી (બી) જી.આર.ચાંપાનેરી તથા (એફ) એ.એમ.જરીવાલાનો રૂબરૂ સંપર્ક કરી ચોકકસ તથા સ્પષ્ટ માહિતીનું વર્ણન લેખિતમાં કાર્યરત દિન–૭ માં રજુ કરવાનુ રહેશે. ત્યારબાદ જાહેર માહિતી અધિકારી (બી) જી.આર.ચાંપાનેરી તથા (એફ) એ.એમ.જરીવાલાને અરજદારશ્રીની લેખિત રજુઆતને ધ્યાને લઈ માંગ્યા મુજબની માહિતી અન્વયે કચેરીનાં રેર્કડની ફરીથી ઝીણવટપૂર્વક તપાસ / શોધખોળ કરી, માહિતી ઉપલબ્ધ થયેથી/મળી આવ્યેથી આર.ટી.આઈ એકટ – ૨૦૦૫ હેઠળ કાર્યરત દિન – ૦૭ માં નિયત ફી ની ભરપાઈ કરાવી અત્રેની જાણ હેઠળ અચુક પૂરી પાડવાની રહેશે તેમજ સદર બાબતે અરજદારશ્રીને સ્પષ્ટ જવાબ પાઠવવા હુકમ કરવામાં આવે છે. વધુમાં નમૂના "ક" માં માંગવામાં આવેલ માહિતી અન્વયે ડ્રેનેજ તથા દબાણ વિભાગનો પ્રત્યુતર આપવાનો બાકી હોય, જાહેર માહિતી અધિકારીશ્રી (બી) જી.આર.ચાંપાનેરીને સદર માહિતી અન્વયે કચેરીનાં રેર્કડની ઝીણવટપૂર્વક તપાસ / શોધખોળ કરી, માહિતી ઉપલબ્ધ થયેથી/મળી આવ્યેથી આર.ટી.આઈ એકટ – ૨૦૦૫ હેઠળ તાકિદે દિન–૫ માં વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ અચુક પૂરી પાડવાની રહેશે અથવા તે સબબ સદર બાબતે અરજદારશ્રીને સ્પષ્ટ જવાબ પાઠવવા હુકમ કરવામાં આવે છે. આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો અત્રેથી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી જ પૂરી પાડવાની જોગવાઈ છે. જે આપશ્રીની જાણ સારૂ.

વધુમાં અરજદારશ્રીને માહિતી પૂરી પાડવાનાં પ્રત્યુતરમાં જાહેર માહિતી અધિકારીશ્રીનું નામ, હોદો, ટેલીફોન નંબર વિગેરે જેવી માહિતીનો અચુક ઉલ્લેખ કરવા તથા મુદ્દાવાઈઝ પ્રત્યુતર આપવા પણ સુચના આપવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકો છો.

(કામિની એસ. દોષી)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા

નકલ રવાના:– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી તથા (એફ) એ.એમ.જરીવાલા, નોર્થઝોન(કતારગામ) પ્રતિ..... જાણ તથા અમલ સારૂ.

FIRST APPEAL
EXECUTIVE ENGINEER
SMC/FAP/NO.33/2024
DT.24/05/2024

અપીલ અરજી : તા.૨૪/૦૫/૨૦૨૪
અરજદાર (વાદી) : શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી, નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા.

<u>ફરીયાદની હકીકત</u> :

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી હસમુખભાઈ વી. ધોળકીયાની તા.૨૯/૦૪/૨૦૨૪ના રોજની અરજીથી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– (૧) આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટેની વાદીશ્રીની અરજી એન.ઝેડ.આઈ.ડી.નં. ૯૨, તા.૨૯/૦૪/૨૦૨૪.
(૨) જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ (નાગરીક સુવિધા કેન્દ્ર)નો પત્રનં.સીસીસી. સીઝેડ/ આર.ટી.આઈ/ આઉટ–૧૩૯, તા.૨૪/૦૪/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર.નં.નોર્થઝોન/આઉટ/નં.૩૩૮, તા.૧૬/૦૫/૨૦૨૪.
(૪) અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી તા.૨૪/૦૫/૨૦૨૪
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૩૯૦, તા.૩૦/૦૫/૨૦૨૪.

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ કરેલ ઉકત સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી સંદર્ભ (૨) હેઠળના પત્રથી તબદીલ થઈ નોર્થઝોન(કતારગામ) કચેરી ખાતે અરજી આઈ.ડી.નં.૯૨, તા.૨૯/૦૪/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૩) હેઠળના તા.૧૬/૦૫/૨૦૨૪ના પત્રથી રસ્તા વિભાગમાંથી માંગેલ માહિતી માટે નાણાં ભરવા જણાવેલ. અરજદારશ્રી ધ્વારા માહિતી અન્વયે નારાજ થઈ, સંદર્ભ (૪) હેઠળથી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના નોર્થઝોન(કતારગામ) ખાતે પ્રથમ અપીલ નં.૩૩, તા.૨૪/૦૫/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા સંદર્ભ (૬) હેઠળના પત્રથી તા.૦૬/૦૬/૨૦૨૪ ના રોજ સાંજે ૦૪ઃ૩૦ થી ૦૫ઃ૦૦ કલાક દરમ્યાન અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરીને સંયુકત રીતે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી બંને સંયુકત રીતે હાજર રહેલ હતા. સદર સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગ્યા મુજબની માહિતી અન્વયે સ્ટેપ ૧ થી ૭ ના મુદ્દામાં માહિતી ટેકનિકલ વિભાગને ડ્રેનેજ અને રોડ રસ્તા વિભાગ તમામ જાણકારી આપવાય નથી. વારંવાર રૂબરૂ / લેખીત અને ઈ મેલ રજુઆત આપેલ છે. આ કોમન પ્લોટ ડ્રેનેજ અને તા.૧૯/૦૪/૨૦૨૪ ના બનાવ બાબત તમામ જાણકારી આપવા છતા રેકોર્ડ નીરીક્ષણ કે કોઈપણ જવાબ આપતા નથી. કાગળ દબાવી ફાયદા મેળવેલ છે. આ સોસાયટી અરજદાર ૨૪ વર્ષ રહે છે. PIO વારંવાર માહિતી છુપાવેલ છે. નમુના 'ક' મુજબની માહિતી ૧ થી ૭ મુદ્દામાં કોઈ પણ માહિતી રજુ થયેલ નથી. અરજદારનું સાંભળતા નથી. અપીલ અધિકારી રજુઆત મુકેલ છે, જયારે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીને માંગ્યા મુજબની માહિતી અન્વયે નિયત સમય મર્યાદામાં જવાબ પાઠવેલ હોવાનું જણાવેલ.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, અત્રેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમ:–

જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી દ્વારા તા.૧૬/૦૫/૨૦૨૪ ના પત્રથી અરજદારશ્રીને રસ્તા વિભાગમાંથી નિયત સમયમાં માંગેલ માહિતી માટે નાણાં ભરવા જણાવેલ. જે અન્વયે અરજદારશ્રીએ માહિતી નાં નાણાં રૂ.૦૨/– રસીદ નં–૩૦૦/૨૪, તા.૨૧/૦૫/૨૦૨૪ થી ભરેલ જે અન્વયે અરજદારશ્રીને માહિતીનાં પાના નંગ ૦૧ તા.૨૭/૦૫/૨૦૨૪નાં પત્ર થી ટપાલ દ્વારા મોકલી આપવામાં આવેલ છે. પરંતુ અરજદારશ્રી દ્વારા રૂબરૂ સુનાવણી દરમ્યાન રોડ અને ડ્રેનેજ વિભાગ તરફથી તેઓશ્રી દ્વારા નમુના 'ક' માં માંગવામાં આવેલ માહિતી અન્વયે ઉપલબ્ધ રેકર્ડના નિરીક્ષણ માટે રજુઆત કરવામાં આવેલ છે. આથી અરજદારશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાનની મૌખિક તથા લેખિત રજુઆતને ધ્યાને રાખી, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરીને અરજદારશ્રી દ્વારા નમુના 'ક' ની રોડ અને ડ્રેનેજ વિભાગની માંગેલ માહિતી અન્વયે તા.૧૮/૦૬/૨૦૨૪ ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક દરમ્યાન ઉપલબ્ધ રેકર્ડનું દફતરી નિરિક્ષણ કરાવવા તથા રૂબરૂ નિરિક્ષણ દરમ્યાન અરજદારશ્રી દ્વારા નકલોની જરૂરીયાત જણાવ્યેથી આર.ટી.આઈ. એકટ – ૨૦૦૫ હેઠળ સદર માહિતી કાર્યરત દિન–૭ માં નિયત ફી ની ભરપાઈ કરાવી અત્રેની જાણ હેઠળ અચુક પૂરી પાડવા હુકમ કરવામાં આવે છે. તથા અરજદારશ્રીને સદર તારીખ તથા સમયે અત્રેની કચેરીએ હાજર રહેવા જણાવવામાં આવે છે. વધુમાં ડ્રેનેજ વિભાગ તરફથી અરજદારશ્રીને માંગેલ માહિતી અન્વયે પ્રત્યુતર પાઠવવામાં આવેલ ના હોય, આર.ટી.આઈ એકટ – ૨૦૦૫ હેઠળ અરજદારશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે નિયત સમય મર્યાદામાં માહિતી આપવા અથવા અરજદારશ્રીને અચૂક રીતે જવાબ આપવા નિર્દેશ આપવામાં આવે છે. જેની સ્પષ્ટ પણે ગંભીર નોંધ લેવાની રહેશે. આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો અત્રેથી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી જ પૂરી પાડવાની જોગવાઈ છે. જે આપશ્રીની જાણ સારૂ. .

વધુમાં અરજદારશ્રીને માહિતી પૂરી પાડવાનાં પ્રત્યુતરમાં જાહેર માહિતી અધિકારીશ્રીનું નામ, હોદ્દો, ટેલીફોન નંબર વિગેરે જેવી માહિતીનો અચુક ઉલ્લેખ કરવા તથા મુદ્દાવાઈઝ પ્રત્યુતર આપવા પણ સુચના આપવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકો છો.

(કામિની એસ. દોષી)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા

નકલ રવાના:– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી, નોર્થઝોન(કતારગામ) પ્રતિ..... જાણ તથા અમલ સારૂ.

FIRST APPEAL
EXECUTIVE ENGINEER
SMC/FAP/NO.31/2024
DT.22/05/2024

અપીલ અરજી : તા.૨૨/૦૫/૨૦૨૪
અરજદાર (વાદી) : શ્રી ધર્મેશ અનિલભાઈ પટેલ
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી, નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા.

<u>ફરીયાદની હકીકત</u> :

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી હસમુખભાઈ વી. ધોળકીયાની તા.૦૯/૦૪/૨૦૨૪ના રોજની અરજીથી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– (૧) આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટેની વાદીશ્રીની અરજી એન.ઝેડ.આઈ.ડી.નં. ૪૬, તા.૦૯/૦૪/૨૦૨૪.
(૨) જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) નો પત્ર નં.સી./ આર.ટી.આઈ./૧૨, તા.૦૮/૦૪/૨૦૨૪ .
(૩) અત્રેની કચેરીનો પત્ર.નં.નોર્થઝોન/આઉટ/નં.૨૬૧, તા.૩૦/૦૪/૨૦૨૪.
(૪) અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી તા.૨૨/૦૫/૨૦૨૪
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૩૯૧, તા.૩૦/૦૫/૨૦૨૪.

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ કરેલ ઉકત સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી સંદર્ભ (૨) હેઠળના પત્રથી તબદીલ થઈ નોર્થઝોન(કતારગામ) કચેરી ખાતે અરજી આઈ.ડી.નં.૪૬, તા.૦૯/૦૪/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૩) હેઠળના તા.૩૦/૦૪/૨૦૨૪ના પત્રથી મુદ્દા નં–૧ અને ૨ ની માંગવામાં આવેલ માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ suratmunicipal.gov.in પર મુકવામા આવેલ છે. જેથી માહિતી વેબસાઈટ ઉપરથી મેળવી લેવા જણાવેલ. તથા મુદ્દા નં–૩ ની માહિતી માટે ઉપલબ્ધ રેકર્ડની દફતરી ચકાસણી કરતા માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ રેકર્ડ પર જણાતી ન હોવાનું જણાવી, માંગેલ માહિતી આપી શકાય તેમ નથી તેવો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. અરજદારશ્રી ધ્વારા માહિતી અન્વયે નારાજ થઈ, સંદર્ભ (૪) હેઠળથી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના નોર્થઝોન(કતારગામ) ખાતે પ્રથમ અપીલ નં.૩૧, તા.૨૨/૦૫/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી તા.૦૬/૦૬/૨૦૨૪ ના રોજ સાંજે ૦૪ઃ૩૦ થી ૦૫ઃ૦૦ કલાક દરમ્યાન અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરીને સંયુકત રીતે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી બંને સંયુકત રીતે હાજર રહેલ હતા. સદર સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગ્યા મુજબની માહિતી અન્વયે આજ રોજ સુનાવણીમાં હાજર રહી ૧૦ થી ૧૫ દિવસ પછી મળવાનો સમય માંગેલ હોવાની રજુઆત કરેલ, જયારે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પૂરી પાડેલ હોવાનું જણાવેલ.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, અત્રેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમ:–

અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારીશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાનની રજુઆતને ધ્યાને લેતા તથા અરજદારશ્રીની નમુના 'ક' ની અરજીનો વિસ્તૃત અભ્યાસ કરતા અરજદારશ્રીને જણાવવાનું કે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા તા.૩૦/૦૪/૨૦૨૪નાં રોજ કરવામાં આવેલ પૂર્તતા યથાયોગ્ય છે. આથી આપશ્રીની સદર પ્રથમ અપીલ અન્વયે અત્રેથી વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ના હોય, સદર પ્રથમ અપીલ અરજી અત્રેથી દફતરે કરવામાં આવે છે. જે આપશ્રીની જાણ સારૂ. વધુમાં જાહેર રજા તથા બીજા અને ચોથા શનિવાર તેમજ તમામ રવિવારનાં દિવસો સિવાય મુલાકાતના કલાકો દરમ્યાન આપશ્રી અત્રેની કચેરીએ રૂબરૂ સંપર્ક સાધી શકો છો. જે આપશ્રીની જાણ સારૂ. આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો અત્રેથી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી જ પૂરી પાડવાની જોગવાઈ છે. જે આપશ્રીની જાણ સારૂ.

વધુમાં અરજદારશ્રીને માહિતી પૂરી પાડવાનાં પ્રત્યુતરમાં જાહેર માહિતી અધિકારીશ્રીનું નામ, હોદ્દો, ટેલીફોન નંબર વિગેરે જેવી માહિતીનો અચુક ઉલ્લેખ કરવા તથા મુદ્દાવાઈઝ પ્રત્યુતર આપવા પણ સુચના આપવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકો છો.

(કામિની એસ. દોષી)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
શ્રી ધર્મેશ અનિલભાઈ પટેલ

નકલ રવાના:– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી, નોર્થઝોન(કતારગામ) પ્રતિ..... જાણ તથા અમલ સારૂ.

FIRST APPEAL
EXECUTIVE ENGINEER
SMC/FAP/NO.34/2024
DT. 29/05/2024

અપીલ અરજી : તા.૨૯/૦૫/૨૦૨૪
અરજદાર (વાદી) : શ્રી જ્ઞાનેશ્વર સખારામ ઘસે
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી, નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા.

<u>ફરીયાદની હકીકત</u> :

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી જ્ઞાનેશ્વર સખારામ ઘસેની તા.૧૪/૦૨/૨૦૨૪ ના રોજની અરજીથી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– (૧) આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટેની વાદીશ્રીની અરજી એન.ઝેડ.આઈ.ડી.નં. ૧૨૦૯, તા.૧૪/૦૨/૨૦૨૪.
(૨) આર.ટી.આઈ અરજી સિવિક નોર્થઝોન(કતારગામ) ઈન/ નં. ૧૦૯૯, તા.૧૪/૦૨/૨૦૨૪
(૩) અત્રેની કચેરીનો પત્ર.નં.એન.ઝેડ/આઉટ/નં.૩૫૯, તા.૨૧/૦૫/૨૦૨૪.
(૪) અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી તા.૨૯/૦૫/૨૦૨૪
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૩૯૩, તા.૩૧/૦૫/૨૦૨૪.

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ કરેલ ઉકત સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી નોર્થઝોન(કતારગામ) કચેરી ખાતે અરજી આઈ.ડી.નં.૧૨૦૯, તા.૧૪/૦૨/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૨૧/૦૫/૨૦૨૪ના પત્રથી અરજદારશ્રીને માંગેલ માહિતી માટે તા.૨૪/૦૫/૨૦૨૪ ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે જાહેર માહિતી અધિકારીશ્રીને મળી કચેરીમાં દફતરી નિરિક્ષણ કરી જણાવ્યા મુજબની ઉપલબ્ધ માહિતી મેળવી શકાશે તેવો પ્રત્યુતર પાઠવેલ. અરજદારશ્રી ધ્વારા માહિતી અન્વયે નારાજ થઈ, સંદર્ભ (૪) હેઠળથી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના નોર્થઝોન(કતારગામ) ખાતે પ્રથમ અપીલ નં.૩૪, તા.૨૯/૦૫/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી તા.૦૬/૦૬/૨૦૨૪ ના રોજ સાંજે ૦૪:૩૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરીને સંયુકત રીતે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી ગેરહાજર રહેલ હતા તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી હાજર રહેલ હતા. સદર સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીને માંગ્યા મુજબની માહિતી અન્વયે પ્રત્યુતર પાઠવેલ હોવાનું જણાવેલ.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, અત્રેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમઃ–

જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા સંદર્ભ (૩) માં જણાવેલ તા.૨૧/૦૫/૨૦૨૪ ના પત્રથી દફતરી નિરિક્ષણ માટે હાજર રહેવાનો જવાબ/પ્રત્યુતર પાઠવેલ. જે અન્વયે તા.૨૪/૦૫/૨૦૨૪ ના રોજ અરજદારશ્રી હાજર રહેલ તથા તેઓશ્રીને ઉપલબ્ધ રેકર્ડનું દફતરી નિરિક્ષણ કરાવેલ છે. વધુમાં અરજદારશ્રીને રૂબરૂ સુનાવણીની તક આપેલ હોય પરંતુ તેઓશ્રી સદર તારીખે હાજર રહેલ નથી. જે અન્વયે રૂબરૂ સુનાવણી અંગે અન્ય તારીખ ફાળવવા માટે આપશ્રીની લેખિત રજુઆત બીજા દિવસે તા.૦૭/૦૬/૨૦૨૪ના રોજ સુનાવણી બાદે મળેલ છે. જેમાં આપશ્રી તરફથી રૂબરૂ સુનાવણીની જાણ કરતો પત્ર મોડો મળ્યો હોવાની રજુઆત કરાયેલ છે. પરંતુ સદર બાબતે આપશ્રીને જણાવવાનું કે અત્રેની

કચેરીએ તપાસ કરતા આપશ્રીને સુનાવણી પત્ર સુનાવણીની તારીખ તા.૦૬/૦૬/૨૦૨૪ની આગળની તારીખે તા.૦૫/૦૬/૨૦૨૪ ના રોજ સમય સાંજે ૦૪:૦૦:૦૯ કલાકે મળેલ હોવાનું જણાયેલ છે. આથી આપશ્રીની સદર રજુઆત નામંજુર કરવામાં આવે છે. વધુમાં તા.૨૪/૦૫/૨૦૨૪ ના રોજ આપશ્રી દ્વારા કરવામાં આવેલ દફતરી નિરિક્ષણ દરમ્યાનની માંગેલ માહિતીનાં પાના નંગ ૧૩ તા.૧૧/૦૬/૨૦૨૪નાં પત્ર થી ટપાલ દ્વારા મોકલી આપવામાં આવેલ છે. આમ, અરજદારશ્રીની સદર પ્રથમ અપીલ અરજી અન્વયે અત્રેથી વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ના હોય, સદર પ્રથમ અપીલ અરજી અત્રેથી દફતરે કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ એકટ – ૨૦૦૫ હેઠળ અરજદારશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે નિયત સમય મર્યાદામાં માહિતી આપવા અથવા અરજદારશ્રીને અચૂક રીતે જવાબ આપવા નિર્દેશ આપવામાં આવે છે. જેની સ્પષ્ટ પણે ગંભીર નોંધ લેવાની રહેશે. આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો અત્રેથી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી જ પૂરી પાડવાની જોગવાઈ છે. જે આપશ્રીની જાણ સારૂ.

વધુમાં અરજદારશ્રીને માહિતી પૂરી પાડવાનાં પ્રત્યુતરમાં જાહેર માહિતી અધિકારીશ્રીનું નામ, હોદ્દો, ટેલીફોન નંબર વિગેરે જેવી માહિતીનો અચુક ઉલ્લેખ કરવા તથા મુદ્દાવાઈઝ પ્રત્યુતર આપવા પણ સુચના આપવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકો છો.

(કામિની એસ. દોષી)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
શ્રી જ્ઞાનેશ્વર સખારામ ઘસે

નકલ રવાનાઃ– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી, નોર્થઝોન(કતારગામ) પ્રતિ..... જાણ તથા અમલ સારૂ.

FIRST APPEAL
EXECUTIVE ENGINEER
SMC/FAP/NO.36/2024
DT. 11/06/2024

અપીલ અરજી : તા.૧૧/૦૬/૨૦૨૪
અરજદાર (વાદી) : શ્રી સુધીર એમ. ગામીત
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર, નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા.

<u>ફરીયાદની હકીકત</u> :

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી સુધીર એમ. ગામીતની તા.૦૧/૦૫/૨૦૨૪ના રોજની અરજીથી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– (૧) આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટેની વાદીશ્રીની અરજી એન.ઝેડ.આઈ.ડી.નં. ૯૭, તા.૦૧/૦૫/૨૦૨૪.
(૨) આર.ટી.આઈ અરજી સિવિક નોર્થઝોન(કતારગામ) ઈન/ નં. ૫૬, તા.૦૧/૦૫/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર.નં.એન.ઝેડ/આઉટ/નં.૩૬૪, તા.૨૧/૦૫/૨૦૨૪.
(૪) અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી તા.૧૧/૦૬/૨૦૨૪
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૪૭૩, તા.૨૦/૦૬/૨૦૨૪.

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ કરેલ ઉકત સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી નોર્થઝોન(કતારગામ) કચેરી ખાતે અરજી આઈ.ડી.નં.૯૭, તા.૦૧/૦૫/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૨૧/૦૫/૨૦૨૪ના પત્રથી અરજદારશ્રીને મુદ્દા નં–૧,૨,૩ ની માહિતી માટે અત્રેની કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોવાનું જણાયેલ ન હોય, માંગેલ માહિતી પુરી પાડી શકાય તેમ નથી તેવો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. અરજદારશ્રી ધ્વારા માહિતી અન્વયે નારાજ થઈ, સંદર્ભ (૪) હેઠળથી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના નોર્થઝોન(કતારગામ) ખાતે પ્રથમ અપીલ નં.૩૬, તા.૧૧/૦૬/૨૦૨૪ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી તા.૨૫/૦૬/૨૦૨૪ ના રોજ સાંજે ૦૪:૩૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલરને સંયુકત રીતે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. અપીલ અધિકારીશ્રીનાં કચેરી કામાર્થેના અગત્યના કારણસર સુનાવણી બપોરે ૧૨:૦૦ થી ૧૨:૩૦ કલાક દરમ્યાન રાખવામાં આવેલ જેની ટેલિફોનિક જાણ અરજદારશ્રીને કરવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર બંને સંયુકત રીતે હાજર રહેલ હતા. સદર સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગ્યા મુજબની માહિતી અન્વયે તેઓશ્રી ધ્વારા કરવામાં આવેલ આર.ટી.આઈ. અનુસંધાને જવાબદાર અધિકારી અને એની કામગીરીની સંપૂર્ણ માહિતી આપવા તથા આર.ટી.આઈ. ના તમામ જવાબો આપવા વિનંતી કરેલ, માહિતી મળી રહે તેવો આગ્રહ સેવવામાં આવેલ, જયારે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીને માંગ્યા મુજબની માહિતી અન્વયે તા.૨૧/૦૫/૨૦૨૪ ના પત્રથી નિયત સમયમાં જવાબ પાઠવેલ હોવાનું જણાવેલ.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, અત્રેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમઃ–

અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારીશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાનની રજુઆતને ધ્યાને લેતા તથા અરજદારશ્રીની નમુના 'ક' ની અરજીનો વિસ્તૃત અભ્યાસ કરતા અરજદારશ્રીને જણાવવાનું કે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા તા.૨૧/૦૫/૨૦૨૪નાં રોજ કરવામાં આવેલ પૂર્તતા યથાયોગ્ય છે. આથી આપશ્રીની સદર પ્રથમ અપીલ અન્વયે અત્રેથી વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ના હોય, સદર પ્રથમ અપીલ અરજી અત્રેથી દફતરે કરવામાં આવે છે. જે આપશ્રીની જાણ સારૂ. આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો અત્રેથી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી જ પૂરી પાડવાની જોગવાઈ છે. જે આપશ્રીની જાણ સારૂ.

વધુમાં અરજદારશ્રીને માહિતી પૂરી પાડવાનાં પ્રત્યુતરમાં જાહેર માહિતી અધિકારીશ્રીનું નામ, હોદ્દો, ટેલીફોન નંબર વિગેરે જેવી માહિતીનો અચુક ઉલ્લેખ કરવા તથા મુદ્દાવાઈઝ પ્રત્યુતર આપવા પણ સુચના આપવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકો છો.

(કામિની એસ. દોષી)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
શ્રી સુધીર એમ. ગામીત

નકલ રવાનાઃ– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર, નોર્થઝોન(કતારગામ) પ્રતિ..... જાણ તથા અમલ સારૂ.

FIRST APPEAL
EXECUTIVE ENGINEER
SMC/FAP/NO.35/2024
DT. 07/06/2024

અપીલ અરજી : તા.૦૭/૦૬/૨૦૨૪
અરજદાર (વાદી) : શ્રી ભરતભાઈ નટવરલાલ પટેલના કુલમુખત્યાર તરીકે અંકિલ ભરતભાઈ પટેલ
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર, નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા.

<u>ફરીયાદની હકીકત</u> :

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી ભરતભાઈ નટવરલાલ પટેલના કુલમુખત્યાર તરીકે અંકિલ ભરતભાઈ પટેલની તા.૦૭/૦૩/૨૦૨૪ના રોજની અરજીથી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– (૧) આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટેની વાદીશ્રીની અરજી એન.ઝેડ.આઈ.ડી.નં. ૧૩૦૧, તા.૦૭/૦૩/૨૦૨૪.
(૨) આર.ટી.આઈ અરજી સિવિક નોર્થઝોન(કતારગામ) ઈન/ નં. ૧૧૪૯, તા.૦૭/૦૩/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર.નં.એન.ઝેડ/આઉટ/નં.૧૫૯, તા.૨૦/૦૪/૨૦૨૪.
(૪) અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી તા.૦૭/૦૬/૨૦૨૪
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૪૭૫, તા.૨૦/૦૬/૨૦૨૪ તથા પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૫૦૩, તા.૨૬/૦૬/૨૦૨૪.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકો છો.

(કામિની એસ. દોષી)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
શ્રી મહેન્દ્રકુમાર બાબુભાઈ કાચરીયા

નકલ રવાનાઃ– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર, નોર્થઝોન(કતારગામ) પ્રતિ..... જાણ તથા અમલ સારૂ.

FIRST APPEAL
EXECUTIVE ENGINEER
SMC/FAP/NO.129/2024
DT.06/03/2025

અપીલ અરજી : તા.૦૬/૦૩/૨૦૨૫
અરજદાર (વાદી) : શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી, નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા.

ફરીયાદની હકીકત :

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી હસમુખભાઈ વી. ધોળકીયાની તા.૨૪/૦૨/૨૦૨૫ના રોજની અરજીથી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– (૧) આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટેની વાદીશ્રીની અરજી એન.ઝેડ.આઈ.ડી.નં. ૯૪૫, તા.૨૪/૦૨/૨૦૨૫.
(૨) જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) નો પત્ર નં.સી./ આર.ટી.આઈ./૪૭૦, તા.૨૧/૦૨/૨૦૨૫. જે અત્રેની કચેરીએ તા.૨૪/૦૨/૨૦૨૫નાં રોજ મળેલ. (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર નો પત્ર ક્રમાંકઃ સમન/૯૦૨૦૨૫/RTI-૧૭/પી, તા.૧૫/૦૨/૨૦૨૫, મૂળ આઈ ડી નં.૧૭–પી, તા.૨૯/૦૧/૨૦૨૫)
(૩) અત્રેની કચેરીનો પત્ર.નં. એનઝેડ/આઉટ/નં.૧૭૪૧, તા.૦૩/૦૩/૨૦૨૫.
(૪) અત્રેની કચેરીનો પત્ર.નં.નોર્થઝોન/આઉટ/નં.૧૭૮૮, તા.૧૨/૦૩/૨૦૨૫.
(૫) અત્રેની કચેરીનો પત્ર.નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ નં.૧૮૩૫, તા.૧૮/૦૩/૨૦૨૫.
(૬) અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી તા.૦૬/૦૩/૨૦૨૫.
(૭) અત્રેની કચેરીનો પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૧૮૧૨, તા.૧૫/૦૩/૨૦૨૫.

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ કરેલ ઉકત સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી સંદર્ભ (૨) હેઠળના પત્રથી તબદીલ થઈ નોર્થઝોન(કતારગામ) કચેરી ખાતે અરજી આઈ.ડી.નં.૯૪૫, તા.૨૪/૦૨/૨૦૨૫ થી નોંધાયેલ છે. અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૩) હેઠળના તા.૦૩/૦૩/૨૦૨૫ના પત્રથી પાણી વિભાગમાંથી માહિતી નીલનો પ્રત્યુતર પાઠવેલ. તથા સંદર્ભ (૪) હેઠળના તા.૧૨/૦૩/૨૦૨૫ના પત્રથી શહેર વિકાસ વિભાગમાંથી ઉપલબ્ધ રેકર્ડની દફતરી ચકાસણી કરતા માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ રેકર્ડ પર જણાતી ન હોવાનું જણાવી, માંગેલ માહિતી આપી શકાય તેમ નથી તેવો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. તથા સંદર્ભ (૫) હેઠળના તા.૧૮/૦૩/૨૦૨૫ના પત્રથી રોડ વિભાગમાંથી મુદ્દા નં. ૧ થી ૪ અન્વયે અત્રેનાં ઝોનનાં રસ્તા વિભાગની માહિતી નીલ હોવાનો પ્રત્યુત્તર પાઠવેલ. અરજદારશ્રી ધ્વારા માહિતી અન્વયે નારાજ થઈ, સંદર્ભ (૬) હેઠળથી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના નોર્થઝોન(કતારગામ) ખાતે પ્રથમ અપીલ નં.૧૨૯, તા.૦૬/૦૩/૨૦૨૫ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા સંદર્ભ (૭) હેઠળના પત્રથી તા.૧૯/૦૩/૨૦૨૫ના રોજ સાંજે ૦૪ઃ૩૦ થી ૦૫ઃ૦૦ કલાક દરમ્યાન અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરીને સંયુકત રીતે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. પરંતુ સદર સમયે અપીલ અધિકારીશ્રીને અગત્યનું કચેરી કામ આવી પડેલ હોય, સુનાવણી સદર તારીખે સવારે ૧૧ઃ૦૦ કલાકે રાખવામાં આવેલ જેની ટેલિફોનિક જાણ અરજદારશ્રીને કરવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી હાજર રહેલ હતા તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી કચેરીનાં અન્ય કામાર્થે વ્યસ્ત હોય, ગેરહાજર રહેલ હતા. સદર સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગ્યા મુજબની માહિતી અન્વયે ૨૯/૧/૨૦૨૫ ની શહેર વિકાસ ગાંધીનગરની અરજી તબદીલ બાબત મુગલીસરા અપીલ કરેલ છે. નોર્થઝોન અપીલ થયેલ નથી. શહેર વિકાસ સમય મર્યાદા પાલન કરેલ નથી. ૨કમ ૨૦ રૂા પોસ્ટલ ઓર્ડરથી ભરેલ છે. 42F141361 42F141359 ૨કમ ભરેલ છે. આ અરજી PMO/દિલ્લી ની બાબત છે. અમે આ બાબત ઈમેલ / અથવા રૂબરૂ કાગળ અરજી જવાબ આપશું. PIO ચાંપાનેરી ગેરહાજર છે. PIO ની અંલકારિક ભાષા સમજાતી નથી. ૨૯/૧/૨૦ આ અરજી કાર્યપાલકની બાબત છે.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, અત્રેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમ:–

આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી દ્વારા આજદીન સુધી કરવામાં આવેલ દરેક અરજીઓ મુખ્યત્વે સ્પષ્ટ હોતી નથી. છતા પણ માહિતીના કાયદાનો સદઉપયોગ થાય તે હેતુથી જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા તમામ અરજીઓના જવાબો આપવામાં આવેલ છે જ. પ્રસ્તુત અપીલ અરજીની ઈ–મેઈલ રજુઆત વંચાણે / ધ્યાને લેતા, અરજદારશ્રીના આક્ષેપો જ જણાય છે. જેમાં અરજદારશ્રી ખરેખર કઈ માહિતી મેળવવા માંગે છે તે સ્પષ્ટ થતું નથી. અરજદારશ્રી દ્વારા અત્રેની કચેરીની કામગીરી પ્રત્યેના અસંતોષના કારણે અરજદારશ્રીને અત્રેની કચેરીનાં દરેક વિભાગ જેમ કે લાઈટ, પાણી, શહેર વિકાસ, રોડ તથા ડ્રેનેજ વિભાગનાં ઉપલબ્ધ તમામ રેકર્ડ અન્વયે તા.૧૮/૦૬/૨૦૨૪, તા.૦૫/૦૯/૨૦૨૪, તથા તા.૦૮/૧૦/૨૦૨૪ એમ ત્રણ વખત દફતરી નિરિક્ષણ પાઠવેલ પરંતુ અરજદારશ્રી અત્રેની કચેરીએ દફતરી નિરિક્ષણ માટે એક પણ વખત હાજર રહેલ નથી. વધુમાં તેઓને ખરેખર જરૂરી અને ઉપયોગી માહિતી મળી રહે તે માટે તેઓને મુદ્દા / સ્ટેપ વાઈઝ સમજણ આપી કયા વિભાગ / ખાતામાંથી કઈ માહિતી મળી રહે તે માટે સંબધિત વિભાગ / ખાતાના જાહેર માહિતી અધિકારી પાસે માંગવા જોગ માહિતી નમૂના 'ક' માં તૈયાર કરી આપવા માટે પણ પ્રથમ અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનરશ્રીએ દરખાસ્ત કરેલ પરંતુ અરજદારશ્રી કોઈપણ પ્રકારનો સહયોગ કે સહકાર આપતા નથી. અરજદારશ્રીને ખરેખર કઈ માહિતીની જરૂર છે તે સ્પષ્ટ થતું ના હોય, અરજદારશ્રી દ્વારા વારંવાર કરવામાં આવતી R.T.I અરજીઓનાં પ્રશ્નોનો આખરી નિવેડો આવી શકે તેમ નથી. અરજદારશ્રી દ્વારા કરવામાં આવેલ પ્રસ્તુત નમૂના ''ક'' ની અરજી વંચાણે લેતા, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરીને અરજદારશ્રી દ્વારા તા.૦૮/૦૧/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ અરજી નં. PMOPG/D/2022/0013345 ની ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી કાર્યરત દિન – ૭ માં વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ અચુક પુરી પાડવા અથવા તે સબબ અરજદારશ્રીને સદર બાબતથી વાકેફ કરવા હુકમ કરવામાં આવે છે. આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો અત્રેથી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી જ પૂરી પાડવાની જોગવાઈ છે. જે આપશ્રીની જાણ સારૂ.

વધુમાં અરજદારશ્રીને માહિતી પૂરી પાડવાનાં પ્રત્યુતરમાં જાહેર માહિતી અધિકારીશ્રીનું નામ, હોદ્દો, ટેલીફોન નંબર વિગેરે જેવી માહિતીનો અચુક ઉલ્લેખ કરવા તથા મુદ્દાવાઈઝ પ્રત્યુતર આપવા પણ સુચના આપવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકો છો.

(કામિની એસ. દોષી)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા

નકલ રવાના:– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી, નોર્થઝોન(કતારગામ) પ્રતિ..... જાણ તથા અમલ સારૂ.

FIRST APPEAL
EXECUTIVE ENGINEER
SMC/FAP/NO.130/2024
DT. 07/03/2025

અપીલ અરજી : તા.૦૭/૦૩/૨૦૨૫
અરજદાર (વાદી) : શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર, નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા.

<u>ફરીયાદની હકીકત</u> :

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયાની તા.૦૭/૦૩/૨૦૨૫ના રોજની અરજીથી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– (૧) આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટેની વાદીશ્રીની અરજી એન.ઝેડ.આઈ.ડી.નં. ૯૬૯, તા.૦૭/૦૩/૨૦૨૫. (દ્વિતિય અપીલ નં. ૪૮૩૭–૨૦૨૪)
(૨) અત્રેની કચેરીનો પત્ર.નં.નોર્થઝોન/આઉટ/નં.૧૮૩૬, તા.૧૮/૦૩/૨૦૨૫.
(૩) અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી તા.૦૭/૦૩/૨૦૨૫.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૧૮૧૩, તા.૧૫/૦૩/૨૦૨૫.

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ કરેલ ઉકત સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી નોર્થઝોન(કતારગામ) કચેરી ખાતે અરજી આઈ.ડી.નં.૯૬૯, તા.૦૭/૦૩/૨૦૨૫ થી નોંધાયેલ છે. અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના તા.૧૮/૦૩/૨૦૨૫ના પત્રથી અરજદારશ્રીને માંગેલ માહિતી અન્વયે સદર અરજીમાં ચોકકસ માહિતી અંગેનું સ્પષ્ટીકરણ જણાતું નથી. વધુમાં અરજી મહદઅંશે પ્રશ્નવાચક હોય માંગેલ માહિતી આપી શકાય તેમ ન હોવાનું જણાવેલ. ડેપ્યુટી મ્યુ. કમિશનર અને નોડલ ઓફિસર, રાઈટ ટુ ઈન્ફર્મેશન સેલ, સુરત મહાનગરપાલિકાનો પત્ર નં. આ.નં.આર.ટી.આઈ.સેલ/ ૧૯૭, તા.૦૬/૦૩/૨૦૨૫ જે અત્રેની કચેરીએ તા.૦૭/૦૩/૨૦૨૫ નાં રોજ મળેલ. સદર પત્રથી સંદર્ભ (૩) હેઠળની પ્રથમ અપીલ અરજી અત્રેના નોર્થઝોન(કતારગામ) ખાતે પ્રથમ અપીલ નં.૧૩૦, તા.૦૭/૦૩/૨૦૨૫ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી તા.૧૯/૦૩/૨૦૨૫ ના રોજ સાંજે ૦૪ઃ૩૦ થી ૦૫ઃ૦૦ કલાક દરમ્યાન અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલરને સંયુકત રીતે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર બંને સંયુકત રીતે હાજર રહેલ હતા. સદર સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગેલ માહિતી આપવા વિનંતી કરેલ, જયારે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારે TP3 ધર્મનંદનની સામે ફા.પ્લોટ નં. ૧૭૪/A ની માહિતી માંગેલ છે. ખરેખર સ્થળ તપાસ કરતા ધર્મનંદનની સામે ફા.પ્લોટ નં. ૧૭૪/B આવેલ છે. આમ, અરજદારે માંગેલ માહિતીમાં ભૂલ કરેલ છે. તેમ છતાં આજ રોજની રજુઆત અન્વયે ૧૭૪/B ની રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવશે તેમ જણાવેલ.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, અત્રેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમઃ–

અરજદારશ્રીની નમુના ‘ક’ ની અરજીનો વિસ્તૃત રીતે અભ્યાસ કરતા તથા જાહેર માહિતી અધિકારીશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાનની રજુઆતને ધ્યાને લેતા, અરજદારશ્રીને જણાવવાનું કે તેઓશ્રી દ્વારા નમુના ‘ક’ ની માંગેલ

માહિતીમાં ભુલ જણાય આવેલ છે. આમ છતા, આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ અંતર્ગત માહિતીના કાયદાનો સદઉપયોગ થાય તે હેતુથી, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલરને ધર્મનંદનની સામે ફા.પ્લોટ નં. ૧૭૪/B ની કચેરીનાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી અન્વયે ઝીણવટપૂર્વક ચકાસણી કરી, માહિતી ઉપલબ્ધ થયેથી/મળી આવ્યેથી આર.ટી.આઈ એકટ – ૨૦૦૫ હેઠળ કાર્યરત દિન – ૩ માં વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ અચુક પૂરી પાડવા અથવા તે સબબ અરજદારશ્રીને સદર બાબતથી વાકેફ કરવા હુકમ કરવામાં આવે છે. આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો અત્રેથી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ.એકટ –૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી જ પૂરી પાડવાની જોગવાઈ છે. જે આપશ્રીની જાણ સારૂ.

વધુમાં અરજદારશ્રીને માહિતી પૂરી પાડવાનાં પ્રત્યુતરમાં જાહેર માહિતી અધિકારીશ્રીનું નામ, હોદ્દો, ટેલીફોન નંબર વિગેરે જેવી માહિતીનો અચુક ઉલ્લેખ કરવા તથા મુદ્દાવાઈઝ પ્રત્યુતર આપવા પણ સુચના આપવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકો છો.

(કામિની એસ. દોષી)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા

નકલ રવાનાઃ– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર, નોર્થઝોન(કતારગામ) પ્રતિ..... જાણ તથા અમલ સારૂ.

FIRST APPEAL
EXECUTIVE ENGINEER
SMC/FAP/NO.131/2025
DT. 15/03/2025

અપીલ અરજી : તા.૧૫/૦૩/૨૦૨૫
અરજદાર (વાદી) : શ્રી સાગરભાઈ સવાણી
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર, નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા.

<u>ફરીયાદની હકીકત</u> :

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી સાગરભાઈ સવાણીની તા.૨૭/૦૧/૨૦૨૫ ના રોજની અરજીથી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– (૧) આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટેની વાદીશ્રીની અરજી એન.ઝેડ.આઈ.ડી.નં. ૮૭૧, તા.૨૭/૦૧/૨૦૨૫.
(૨) આર.ટી.આઈ અરજી સિવિક નોર્થઝોન(કતારગામ) ઈન/ નં.૪૫૪, તા. ૨૭/૦૧/૨૦૨૫.
(૩) અત્રેની કચેરીનો પત્ર.નં. RTI-CELL OUT NO.૧૮૩૪, તા.૧૭/૦૩/૨૦૨૫.
(૪) અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી તા.૧૫/૦૩/૨૦૨૫
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૧૮૨૪, તા.૧૫/૦૩/૨૦૨૫.

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ કરેલ ઉકત સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી નોર્થઝોન(કતારગામ) કચેરી ખાતે અરજી આઈ.ડી.નં.૮૭૧, તા.૨૭/૦૧/૨૦૨૫ થી નોંધાયેલ છે. અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૧૭/૦૩/૨૦૨૫ના પત્રથી અરજદારશ્રીની માહિતી માંગતી સંપૂર્ણ અરજી અત્રેની કચેરીને લાગત ના હોય, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, ટ્રાફિક બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ, સુ.મ.પા., સુરતને સંપૂર્ણ તબદીલ કરેલ. અરજદારશ્રી ધ્વારા જવાબ મળેલ ન હોવાના કારણે, નારાજ થઈ, સંદર્ભ (૪) હેઠળથી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના નોર્થઝોન(કતારગામ) ખાતે પ્રથમ અપીલ નં.૧૩૧, તા.૧૫/૦૩/૨૦૨૫ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી તા.૧૯/૦૩/૨૦૨૫ ના રોજ સાંજે ૦૪:૩૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલરને સંયુકત રીતે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર બંને સંયુકત રીતે હાજર રહેલ હતા. સદર સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગ્યા મુજબની માહિતી અન્વયે ૨૭/૧/૨૫ ના રોજ સાઈકલને લગતી માહિતી માંગી હતી. ૩૦ દિવસ પૂરા થતા હજુ માહિતી મળેલ નથી. તો માહિતી નિયમ અનુસાર માહિતી પૂરી પાડવામાં આવે. અને મોડુ થયુ હોવાથી લાગતા નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવે, જયારે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીને કામના અતિભારણના કારણે શરતચુકથી માહિતી આપવામાં એટલે કે ટ્રાન્સફર કરવામાં મોડું થયુ હોવાનું જણાવેલ.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, અત્રેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમઃ–

અરજદારશ્રીની માહિતી માંગતી નમુના ‘ક’ ની સંપૂર્ણ અરજી અત્રેની કચેરીને લાગત ના હોય, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ (૩) માં જણાવેલ તા.૧૭/૦૩/૨૦૨૫ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, ટ્રાફિક બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ, સુ.મ.પા., સુરતને સંપૂર્ણ તબદીલ કરેલ છે.

આમ, આપશ્રીની સદર પ્રથમ અપીલ અન્વયે અત્રેથી વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ના હોય, સદર પ્રથમ અપીલ અરજી અત્રેથી દફતરે કરવામાં આવે છે. જે આપશ્રીની જાણ સારૂ. વધુમાં આર.ટી.આઈ એકટ – ૨૦૦૫ હેઠળ અરજદારશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે નિયત સમય મર્યાદામાં માહિતી આપવા અથવા અરજદારશ્રીને અચૂક રીતે જવાબ આપવા જાહેર માહિતી અધિકારીશ્રીને નિર્દેશ આપવામાં આવે છે. જેની સ્પષ્ટ પણે ગંભીર નોંધ લેવાની રહેશે. આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો અત્રેથી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી જ પૂરી પાડવાની જોગવાઈ છે. જે આપશ્રીની જાણ સારૂ.

વધુમાં અરજદારશ્રીને માહિતી પૂરી પાડવાનાં પ્રત્યુતરમાં જાહેર માહિતી અધિકારીશ્રીનું નામ, હોદ્દો, ટેલીફોન નંબર વિગેરે જેવી માહિતીનો અચુક ઉલ્લેખ કરવા તથા મુદ્દાવાઈઝ પ્રત્યુતર આપવા પણ સુચના આપવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકો છો.

(કામિની એસ. દોષી)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
શ્રી સાગરભાઈ સવાણી

નકલ રવાનાઃ– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (એ) એમ.એન.સેઈલર, નોર્થઝોન(કતારગામ) પ્રતિ..... જાણ તથા અમલ સારૂ.

FIRST APPEAL
EXECUTIVE ENGINEER
SMC/FAP/NO.132/2024
DT. 20/03/2025

અપીલ અરજી : તા.૨૦/૦૩/૨૦૨૫
અરજદાર (વાદી) : શ્રી કિશોરચંદ્ર બળવંતરામ કટારીવાલા
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી, નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા.

<u>ફરીયાદની હકીકત</u> :

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી કિશોરચંદ્ર બળવંતરામ કટારીવાલાની તા.૨૩/૦૧/૨૦૨૫ ના રોજની અરજીથી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– (૧) આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટેની વાદીશ્રીની અરજી એન.ઝેડ.આઈ.ડી.નં. ૮૬૯, તા.૨૩/૦૧/૨૦૨૫.
(૨) આર.ટી.આઈ અરજી સિવિક નોર્થઝોન(કતારગામ) ઈન/ નં. ૪૫૩, તા. ૨૩/૦૧/૨૦૨૫
(૩) અત્રેની કચેરીનો પત્ર.નં.એન.ઝેડ/આઉટ/નં.૧૬૯૩, તા.૨૦/૦૨/૨૦૨૫.
(૪) અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી તા.૨૦/૦૩/૨૦૨૫
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૦૭, તા.૦૩/૦૪/૨૦૨૫ તથા પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૩૩, તા.૦૯/૦૪/૨૦૨૫.

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ કરેલ ઉકત સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી નોર્થઝોન(કતારગામ) કચેરી ખાતે અરજી આઈ.ડી.નં.૮૬૯, તા.૨૩/૦૧/૨૦૨૫ થી નોંધાયેલ છે. અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૨૦/૦૨/૨૦૨૫ના પત્રથી અરજદારશ્રીને માંગેલ માહિતી માટે ઉપલબ્ધ રેકર્ડની દફતરી ચકાસણી કરતા માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ રેકર્ડ પર જણાતી ન હોવાનું જણાવી, માંગેલ માહિતી આપી શકાય તેમ નથી તેવો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. અરજદારશ્રી ધ્વારા માહિતી અન્વયે નારાજ થઈ, સંદર્ભ (૪) હેઠળથી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના નોર્થઝોન(કતારગામ) ખાતે પ્રથમ અપીલ નં.૧૩૨, તા.૨૦/૦૩/૨૦૨૫ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ સાંજે ૦૪ઃ૩૦ થી ૦૫ઃ૦૦ કલાક દરમ્યાન અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરીને સંયુકત રીતે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. પરંતુ સદર તારીખે અપીલ અધિકારીશ્રીનાં અગત્યના કચેરી કામાર્થે સુનાવણી રદ કરવામાં આવેલ જેની ટેલિફોનિક જાણકારી અરજદારશ્રીને આપવામાં આવેલ. તથા તા.૧૧/૦૪/૨૦૨૫ નાં રોજ સાંજે ૦૪ઃ૩૦ થી ૦૫ઃ૦૦ કલાક દરમ્યાન ફેર રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ જેની લેખિતમાં જાણ અરજદારશ્રીને પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૩૩, તા.૦૯/૦૪/૨૦૨૫ થી કરવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી બંને સંયુકત રીતે હાજર રહેલ હતા. સદર સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગ્યા મુજબની માહિતી અન્વયે સ્મૃતિ કો.ઓ.હા.સો. માં નવા બાંધકામ મંજુર કરેલા પ્લાનથી વિરૂધ્ધ હેતુ ફેર કરી બાંધવામાં આવે છે. વળી ઉપર ડોમ બનાવવા આવે છે. નવા બાંધકામમાં ભાડુતો મુકી કોર્મશીયલ ઉપયોગ કરવામાં આવે છે. તે બંધ કરાવવો. નવા બાંધકામમાં પ્લાન પાસ કરેલો માંગવો– કોર્મશીયલ ઉપયોગ બંધ કરાવવો વિગેરે રજુઆત કરેલ, જયારે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં જવાબ પાઠવેલ હોવાનું જણાવેલ.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, અત્રેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમ:–

જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીને માંગ્યા મુજબની માહિતી અન્વયે સંદર્ભ (૩) માં જણાવેલ તા.૨૦/૦૨/૨૦૨૫ના પત્રથી ઉપલબ્ધ રેકર્ડ આધારીત યથાયોગ્ય પ્રત્યુતર પાઠવેલ છે. આમ, આપશ્રીની સદર પ્રથમ અપીલ અન્વયે અત્રેથી વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ના હોય, સદર પ્રથમ અપીલ અરજી અત્રેથી દફતરે કરવામાં આવે છે. વધુમાં પ્રથમ અપીલ સુનાવણી દરમ્યાન અરજદારશ્રી દ્વારા વિવિધ પ્રકારની કાર્યવાહી કરવા માટે લેખિત રજુઆત કરેલ છે. જે અન્વયે અરજદારશ્રીને જણાવવાનું કે આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી જ પૂરી પાડવાની જોગવાઈ છે. અરજદારશ્રીની રજુઆત સ્થળ / સ્થિતિ મુજબ વધારાની કાર્યવાહી કરવા બાબતની હોય, આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ સમાવેશ થતું નથી. જે અરજદારશ્રીને ધ્યાનમાં લેવા જણાવવામાં આવે છે. આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો અત્રેથી નિકાલ કરવામાં આવે છે. જે આપશ્રીની જાણ સારૂ.

વધુમાં અરજદારશ્રીને માહિતી પૂરી પાડવાનાં પ્રત્યુતરમાં જાહેર માહિતી અધિકારીશ્રીનું નામ, હોદ્દો, ટેલીફોન નંબર વિગેરે જેવી માહિતીનો અચુક ઉલ્લેખ કરવા તથા મુદ્દાવાઈઝ પ્રત્યુતર આપવા પણ સુચના આપવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકો છો.

(કામિની એસ. દોષી)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
શ્રી કિશોરચંદ્ર બળવંતરામ કટારીવાલા

નકલ રવાના:– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી, નોર્થઝોન(કતારગામ) પ્રતિ..... જાણ તથા અમલ સારૂ.

FIRST APPEAL
EXECUTIVE ENGINEER
SMC/FAP/NO.134/2024
DT. 28/03/2025

અપીલ અરજી : તા.૨૮/૦૩/૨૦૨૫
અરજદાર (વાદી) : શ્રી જ્ઞાનેશ્વર સખારામ ઘસે
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી, નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા.

<u>ફરીયાદની હકીકત</u> :

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી જ્ઞાનેશ્વર સખારામ ઘસેની તા.૧૯/૦૨/૨૦૨૫ ના રોજની અરજીથી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– (૧) આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટેની વાદીશ્રીની અરજી એન.ઝેડ.આઈ.ડી.નં. ૯૩૭, તા.૧૯/૦૨/૨૦૨૫.
(૨) આર.ટી.આઈ અરજી સિવિક નોર્થઝોન(કતારગામ) ઈન/ નં. ૪૯૫, તા. ૧૯/૦૨/૨૦૨૫
(૩) અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી તા.૨૮/૦૩/૨૦૨૫
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૧૦, તા.૦૩/૦૪/૨૦૨૫ તથા પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૩૫, તા.૦૯/૦૪/૨૦૨૫.

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ કરેલ ઉકત સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી નોર્થઝોન(કતારગામ) કચેરી ખાતે અરજી આઈ.ડી.નં.૯૩૭, તા.૧૯/૦૨/૨૦૨૫ થી નોંધાયેલ છે. અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા કોઈ પ્રત્યુતર પાઠવેલ હોવાનું જણાતું નથી. અરજદારશ્રી ધ્વારા માહિતી અન્વયે નારાજ થઈ, સંદર્ભ (૩) હેઠળથી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના નોર્થઝોન(કતારગામ) ખાતે પ્રથમ અપીલ નં.૧૩૪, તા.૨૮/૦૩/૨૦૨૫ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ સાંજે ૦૪ઃ૩૦ થી ૦૫ઃ૦૦ કલાક દરમ્યાન અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરીને સંયુકત રીતે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. પરંતુ સદર તારીખે અપીલ અધિકારીશ્રીનાં અગત્યના કચેરી કામાર્થે સુનાવણી રદ કરવામાં આવેલ જેની ટેલિફોનિક જાણકારી અરજદારશ્રીને આપવામાં આવેલ. તથા તા.૧૧/૦૪/૨૦૨૫ નાં રોજ સાંજે ૦૪ઃ૩૦ થી ૦૫ઃ૦૦ કલાક દરમ્યાન ફેર રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ જેની લેખિતમાં જાણ અરજદારશ્રીને પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૩૫, તા.૦૯/૦૪/૨૦૨૫ થી કરવામાં આવેલ તથા સદર સુનાવણી બાબતે અરજદારશ્રીને ટેલિફોનિક જાણકારી પણ આપવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી બંને સંયુકત રીતે હાજર રહેલ હતા. સદર સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગ્યા મુજબની માહિતી અન્વયે રજુઆત સુનાવણી દરમ્યાન અલગથી લેખિતમાં આપેલ હોવાનું જણાવેલ, જયારે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીને કામના અતિભારણના કારણે શરતચુકથી જવાબ / પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવેલ.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, અત્રેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમ:–

અરજદારશ્રીની નમુના 'ક' ની અરજીનો વિસ્તૃત રીતે અભ્યાસ કરતા તથા અરજદારશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાન આપેલ લેખિત રજુઆત ધ્યાને લઈ, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરીને અરજદારશ્રી દ્વારા માંગ્યા મુજબની માહિતી અન્વયે કચેરીનાં રેર્કડની ઝીણવટપૂર્વક ચકાસણી કરી, આપવાપાત્ર માહિતી ઉપલબ્ધ થયેથી/મળી આવ્યેથી આર.ટી.આઈ એકટ – ૨૦૦૫ હેઠળ કાર્યરત દિન – ૭ માં વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ અચુક પૂરી પાડવા અથવા તે સબબ અરજદારશ્રીને સદર બાબતથી વાકેફ કરવા હુકમ કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ એકટ – ૨૦૦૫ હેઠળ અરજદારશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે નિયત સમય મર્યાદામાં માહિતી આપવા અથવા અરજદારશ્રીને અચૂક રીતે જવાબ આપવા નિર્દેશ આપવામાં આવે છે. જેની સ્પષ્ટ પણે ગંભીર નોંધ લેવાની રહેશે. આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો અત્રેથી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ.એકટ –૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી જ પૂરી પાડવાની જોગવાઈ છે. જે આપશ્રીની જાણ સારૂ.

વધુમાં અરજદારશ્રીને માહિતી પૂરી પાડવાનાં પ્રત્યુતરમાં જાહેર માહિતી અધિકારીશ્રીનું નામ, હોદો, ટેલીફોન નંબર વિગેરે જેવી માહિતીનો અચુક ઉલ્લેખ કરવા તથા મુદ્દાવાઈઝ પ્રત્યુતર આપવા પણ સુચના આપવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકો છો.

(કામિની એસ. દોષી)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
શ્રી જ્ઞાનેશ્વર સખારામ ઘસે

નકલ રવાના:– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી, નોર્થઝોન(કતારગામ) પ્રતિ..... જાણ તથા અમલ સારૂ.

FIRST APPEAL
EXECUTIVE ENGINEER
SMC/FAP/NO.133/2024
DT.25/03/2025

અપીલ અરજી : તા.૨૫/૦૩/૨૦૨૫
અરજદાર (વાદી) : શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી, નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા.

<u>ફરીયાદની હકીકત</u> :

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી હસમુખભાઈ વી. ધોળકીયાની તા.૨૫/૦૩/૨૦૨૫ના રોજની અરજીથી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :– (૧) આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટેની વાદીશ્રીની અરજી એન.ઝેડ.આઈ.ડી.નં. ૯૮૮, તા.૨૫/૦૩/૨૦૨૫.
(૨) જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) નો પત્ર નં.સી./ આર.ટી.આઈ./૫૦૪, તા.૨૧/૦૩/૨૦૨૫. જે અત્રેની કચેરીએ તા.૨૫/૦૩/૨૦૨૫નાં રોજ મળેલ. (જાહેર માહિતી અધિકારી અને સેકશન અધિકારી, સામાન્ય વહીવટ વિભાગ,ગાંધીનગર નો પત્ર ક્રમાંકઃ આર.ટી.આઈ.–૧૦૨૦૨૫ –જનરલ–૨૯(૪૦૨૩૯૪) / ૮–૧, તા.૨૯/૦૧/૨૦૨૫)
(૩) અત્રેની કચેરીનો પત્ર.નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ નં.૩૧, તા.૦૯/૦૪/૨૦૨૫.
(૪) અત્રેની કચેરીનો પત્ર.નં.એન.ઝેડ./આઉટ/૫૧, તા.૧૬/૦૪/૨૦૨૫.
(૫) અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી તા.૨૫/૦૩/૨૦૨૫.
(૬) અત્રેની કચેરીનો પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૦૮, તા.૦૩/૦૪/૨૦૨૫ તથા પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૩૪, તા.૦૯/૦૪/૨૦૨૫ .

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ કરેલ ઉકત સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી સંદર્ભ (૨) હેઠળના પત્રથી તબદીલ થઈ નોર્થઝોન(કતારગામ) કચેરી ખાતે અરજી આઈ.ડી.નં.૯૮૮, તા.૨૫/૦૩/૨૦૨૫ થી નોંધાયેલ છે. અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૩) હેઠળના તા.૦૯/૦૪/૨૦૨૫ના પત્રથી રોડ વિભાગમાંથી માંગેલ માહિતી અન્વયે રસ્તા વિભાગની માહિતી નીલ હોવાનો પ્રત્યુત્તર પાઠવેલ. તથા સંદર્ભ (૪) હેઠળના તા.૧૬/૦૪/૨૦૨૫ના પત્રથી પાણી વિભાગમાંથી માંગેલ માહિતી અન્વયે પાણી વિભાગની માહિતી નીલ હોવાનો પ્રત્યુત્તર પાઠવેલ. અરજદારશ્રી ધ્વારા માહિતી અન્વયે નારાજ થઈ, સંદર્ભ (૫) હેઠળથી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રેના નોર્થઝોન(કતારગામ) ખાતે પ્રથમ અપીલ નં.૧૩૩, તા.૨૫/૦૩/૨૦૨૫ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા સંદર્ભ (૬) હેઠળના પત્રથી તા.૦૮/૦૪/૨૦૨૫ના રોજ સાંજે ૦૪ઃ૩૦ થી ૦૫ઃ૦૦ કલાક દરમ્યાન અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરીને સંયુકત રીતે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. પરંતુ સદર તારીખે અપીલ અધિકારીશ્રીનાં અગત્યના કચેરી કામાર્થે સુનાવણી રદ કરવામાં આવેલ જેની ટેલિફોનિક જાણકારી અરજદારશ્રીને આપવામાં આવેલ. તથા તા.૧૧/૦૪/૨૦૨૫ નાં રોજ સાંજે ૦૪ઃ૩૦ થી ૦૫ઃ૦૦ કલાક દરમ્યાન ફેર રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ જેની લેખિતમાં જાણ અરજદારશ્રીને પત્ર નં. એન.ઝેડ/ આર.ટી.આઈ/આઉટ/૩૪, તા.૦૯/૦૪/૨૦૨૫ થી કરવામાં આવેલ તથા સદર સુનાવણી બાબતે અરજદારશ્રીને ઈ–મેઈલથી પણ જાણકારી આપવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી બંને સંયુકત રીતે હાજર રહેલ હતા. સદર સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીથી માંગ્યા મુજબની માહિતી અન્વયે સામાન્ય વહીવટી વિભાગમાં તબદીલ થયેલ શહેર વિકાસ શહેર વિકાસ તબદીલ મ્યુ કમીશનર કચેરી ત્યાથી તબદીલ નોર્થઝોન કતારગામ મુદ્દા નં. ૧ થી ૧૦ કોઈ પણ કોઈ પણ કચેરી માહિતી આપેલ નથી આ માહિતી ન્યાય હીત માટે અગત્યની છે. અમારી સોસાયટી માહિતી છે. ભુમાફીયા અને અનીષ્ટ તત્વોનો આંતક વર્ષ ૨૦૧૬ થી ચાલે છે. તે બાબત આ અરજી અમે કરેલ છે.

અમારી સોસાયટી માહિતી પુર્ણ કરવા વિનંતી છે. કાયદાનું પાલન કરાવશો, જયારે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીને પાણી અને ડ્રેનેજને લગતી માહિતી પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ.

ઉપરોકત તમામ વિગતો /હકીકત ધ્યાને લઈ, અત્રેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:હુકમઃ–

આર.ટી.આઇ એકટ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી દ્વારા આજદીન સુધી કરવામાં આવેલ દરેક અરજીઓ મુખ્યત્વે સ્પષ્ટ હોતી નથી. છતા પણ માહિતીના કાયદાનો સદઉપયોગ થાય તે હેતુથી જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા અરજદારશ્રી પ્રત્યે હકારાત્મક વલણ રાખી અત્રેની કચેરી તરફથી તમામ અરજીઓના દરેક વિભાગમાંથી જવાબો આપી, દફતરી નિરિક્ષણ પાઠવી તથા તેઓને ખરેખર જરૂરી અને ઉપયોગી માહિતી મળી રહે તે માટે તેઓને મુદ્દા / સ્ટેપ વાઈઝ સમજણ પણ આપી અરજદારશ્રીને સંતોષ આપવા માટે તમામ પ્રયત્નો કરવામાં આવેલ છે. છતા પણ અરજદારશ્રી અત્રેની કચેરીની કામગીરી પ્રત્યે અસંતોષ વ્યકત કરતા હોય છે. પ્રસ્તુત અપીલ અરજીની રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારશ્રી દ્વારા પાણી તથા ડ્રેનેજ વિભાગની માહિતી ઉપર મૌખિક રીતે ભારણ મુકવામાં આવેલ હોય, અપીલ અધિકારીશ્રી દ્વારા પાણી તથા ડ્રેનેજ વિભાગની ઉપલબ્ધ માહિતી અન્વયે તાકિદે રૂબરૂ સુનાવણી બાદે અરજદારશ્રીને નિરિક્ષણ પાઠવવા તથા રૂબરૂ નિરિક્ષણ દરમ્યાન અરજદારશ્રી દ્વારા નકલોની જરૂરીયાત જણાવ્યેથી આર.ટી.આઈ. એકટ – ૨૦૦૫ હેઠળ સદર માહિતી વિનામુલ્યે તાકિદે અરજદારશ્રીને પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરીને મૌખિક હુકમ કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી દ્વારા અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી બાદે તાકિદે પાણી તથા ડ્રેનેજ વિભાગની ઉપલબ્ધ માહિતી અન્વયે નિરિક્ષણ પાઠવેલ તથા જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા અરજદારશ્રીને તેઓશ્રી દ્વારા પાણી તથા ડ્રેનેજ વિભાગની ઉપલબ્ધ માહિતીમાંથી માંગવામાં આવેલ પાના નંગ ૯૫ વિનામુલ્યે આપવામાં પણ આવેલ છે. આમ, આપશ્રીની સદર પ્રથમ અપીલ અન્વયે અત્રેથી વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ના હોય, સદર પ્રથમ અપીલ અરજી અત્રેથી દફતરે કરવામાં આવે છે. જે આપશ્રીની જાણ સારૂ. આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો અત્રેથી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી જ પૂરી પાડવાની જોગવાઈ છે. જે આપશ્રીની જાણ સારૂ.

વધુમાં અરજદારશ્રીને માહિતી પૂરી પાડવાનાં પ્રત્યુતરમાં જાહેર માહિતી અધિકારીશ્રીનું નામ, હોદ્દો, ટેલીફોન નંબર વિગેરે જેવી માહિતીનો અચુક ઉલ્લેખ કરવા તથા મુદ્દાવાઈઝ પ્રત્યુતર આપવા પણ સુચના આપવામાં આવે છે.

આમ ઉપર મુજબના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકો છો.

(કામિની એસ. દોષી)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા

નકલ રવાનાઃ– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (બી) જી.આર.ચાંપાનેરી, નોર્થઝોન(કતારગામ) પ્રતિ..... જાણ તથા અમલ સારૂ.

RIGHT TO INFORMATION

નોર્થ (કતારગામ) ઝોન, સુરત મહાનગરપાલિકા
ગજેરા સર્કલ પાસે, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૦૧,
તા.૦૩/૦૪/૨૦૨૪

અરજદારઃ– શ્રી મિતેષ જરીવાલા

સામાવાળાઃ– (૧) શ્રી કે.એમ. રાઠોડ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારી નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ અરજદારશ્રી મિતેષ જરીવાલાની નોર્થઝોન આઈ.ડી.નં.૧૨૭૭, તા.૦૧/૦૩/૨૦૨૪ (મૂળ આઈ ડી નં. ૩૦૯૬, તા.૨૮/૦૨/૨૦૨૪)ની અરજીથી તોરણ પાવરની બાજુમાં ડી.બી.સર્વે.નં.૩૧૦ વાડી સદરહું મિલ્કતના આકારણી અને વસુલાત વિભાગના પાર્ટી સ્ટેટસની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા.૦૩/૦૪/૨૦૨૪ ની NZ/SMC/FAP/નં.૦૧/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૧૨૭૭, તા.૦૧/૦૩/૨૦૨૪ (મૂળ આઈ ડી નં. ૩૦૯૬, તા.૨૮/૦૨/૨૦૨૪)

અરજદારશ્રી મિતેષ જરીવાલાની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૦૧/૦૩/૨૦૨૪ નાં રોજ દાખલ કરેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૧૨૭૭ થી નોંધાયેલ છે. જેનો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા આકારણી ખાતાને લાગત મુદ્દા નં. ૦૮ નો પત્ર નં.એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૫૪૯, તા.૦૫/૦૩/૨૦૨૪થી " સુરત મહાનગરપાલિકાના આકારણી વિભાગમાં મિલ્કત ટેનામેન્ટ નંબરથી નોંધાયેલ હોય, જેથી અરજદારશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતીમાં મિલ્કતનો ટેનામેન્ટ નંબર દર્શાવેલ ન હોય, માહિતી અસ્પષ્ટ હોય, માહિતી પુરી પાડી શકાય તેમ નથી. જો મિલ્કત અરજદારશ્રી માલિકીની હોય તો સ્પષ્ટ ટેનામેન્ટ નંબરની વિગતો રજુ કર્યેથી ઉપલબ્ધ રેકર્ડ પુરો પાડવામાં આવશે. જે જાણશો. " મુજબનો પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ.

જાહેર માહિતિ અધિકારી ધ્વારા જવાબ ન પાઠવ્યાનો/માહિતિ ન આપ્યાનો / માહિતી છુપાવ્યાનો આક્ષેપ કરી અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૦૧, તા.૦૩/૦૪/૨૦૨૪ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરતા.

અરજદારની પ્રથમ અપીલ અરજી અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૦૫ માં પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા અને માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈસેલ/૪૫, તા.૦૫/૦૪/૨૦૨૪ થી જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૪૩ તા.૦૮/૦૪/૨૦૨૪ થી પૂર્તતા કરવામાં આવેલ.

અરજદારશ્રીની તા.૦૩/૦૪/૨૦૨૪ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૦૫/૦૪/૨૦૨૪ નાં પત્ર નં. એન.ઝેડ/આરટીઆઈ/આઉટ/૪૫ થી પત્ર પાઠવી તા.૨૩/૦૪/૨૦૨૪ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી અને

આકારણી ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી કે.એમ. રાઠોડ વતી મદદનીશ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી હાજર રહેલ હતા. રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીએ નીચે મુજબની રજુઆત કરેલ.

''શહેર વિકાસ વિભાગમાં અપીલ કરેલ હોય, અત્રેના આકારણી વિભાગમાં કશુ કરવાનું રહેતું નથી. ''

જયારે મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા '' તા.૦૫/૦૩/૨૦૨૪ ના પત્રથી પ્રત્યુતર પાઠવેલ હોવાનું તથા અરજી દફતરે કરવા જોગ હોવાનું જણાવેલ. ''

અરજદારશ્રીની નમૂના ''ક ''ની અરજી તથા તે અન્વયે મદદનીશ જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે તેઓશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રી તથા મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી બંને પક્ષોની રજુઆત તથા પ્રથમ અપીલ અરજીનાં કેસપેપરોને ધ્યાને લેતા, આપશ્રી દ્વારા પ્રથમ અપીલ અરજી નમુનો 'ચ' જાહેર સતા મંડળ નોર્થઝોન શહેર વિકાસ વિભાગને ઉલ્લેખીને કરેલ છે. આથી, અત્રેના વિભાગમાંથી કશુ કરવાનું રહેતું ના હોય, સદર પ્રથમ અપીલ અરજી અત્રેથી દફતરે કરવામાં આવે છે.

ઉપરોકત હુકમથી અરજદારશ્રી નારાજ હોય તો, અરજદારશ્રી ૯૦(નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન દ્વિતીય અપીલ કરી શકે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી મિતેષ જરીવાલા ,
પ્રતિ.....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

RIGHT TO INFORMATION

નોર્થ (કતારગામ) ઝોન, સુરત મહાનગરપાલિકા
ગજેરા સર્કલ પાસે, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૦૨,
તા.૦૪/૦૪/૨૦૨૪

અરજદારઃ– શ્રી નમ્રતા સુરેશભાઈ મોરડીયા

સામાવાળાઃ– (૧) શ્રી કે.એમ. રાઠોડ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નમ્રતા સુરેશભાઈ મોરડીયાની નોર્થઝોન આઈ.ડી.નં.૧૩૭૧, તા.૨૦/૦૩/૨૦૨૪ (સિવિક ઈન નં. ૧૨૦૨, તા.૨૦/૦૩/૨૦૨૪)ની અરજીથી સ્ટાર રેસિડન્સી માં દુકાન નં.૧૨ ટેનામેન્ટ નંબર ૬૩એ–૨૯–૩૯૬૧–૦– ૦૦૧ વાળી મિલ્કતમાં નામફેર કરેલ તમામ પુરાવા આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા.૦૪/૦૪/૨૦૨૪ ની NZ/SMC/FAP/નં.૦૨/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૧૩૭૧, તા.૨૦/૦૩/૨૦૨૪ (સિવિક ઈન નં. ૧૨૦૨, તા.૨૦/૦૩/૨૦૨૪)

અરજદારશ્રી નમ્રતા સુરેશભાઈ મોરડીયાની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૨૦/૦૩/૨૦૨૪ નાં રોજ દાખલ કરેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૧૩૭૧ થી નોંધાયેલ છે. જેનો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં.એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૬૧૧, તા.૨૮/૦૩/૨૦૨૪થી " માહિતીની ચકાસણી કરતા સદર ટેનામેન્ટ નંબર વાળી મિલ્કતના રેકર્ડ આધારીત પુરાવા નાશ કરવામાં આવેલ હોય, અત્રેના આકારણી અને વસુલાત વિભાગમાં ઉપલબ્ધ નથી. જેથી માહિતી નીલ છે." મુજબનો પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ.

જાહેર માહિતિ અધિકારી ધ્વારા પાઠવેલ નિર્ણયથી અસંતુષ્ટ / નારાજ હોવાની અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૦૨ તા.૦૪/૦૪/૨૦૨૪ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરતા.

અરજદારની પ્રથમ અપીલ અરજી અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૦૫ માં પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા અને માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૪૬, તા.૦૫/૦૪/૨૦૨૪ થી જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવતા મદદનીશ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૪૨, તા.૦૮/૦૪/૨૦૨૪ થી પૂર્તતા કરવામાં આવેલ.

અરજદારશ્રીની તા.૦૪/૦૪/૨૦૨૪ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૦૫/૦૪/૨૦૨૪ નાં પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૪૬ થી પત્ર પાઠવી તા.૨૩/૦૪/૨૦૨૪ નાં રોજ બપોરે ૧૨:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી અને આકારણી ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી કે.એમ. રાઠોડ વતી મદદનીશ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. સેકશન ઓફિસરશ્રી હાજર રહેલ હતા. રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

"અમારી રજુઆત પ્રમાણે દુકાન નં. ૧૨, ૨૧ અને ૨૪ માં વેરાબીલમાં નામ ટ્રાન્સફર કરવા માટેના ફોર્મની પ્રમાણિત નકલ માંગવામાં આવી ત્યારે દુકાન નં. ૧૨ માં વેરાબીલમાં નામ ટ્રાન્સફર કર્યાના ફોર્મની પ્રમાણિત નકલ નાશ

કરવામાં આવી છે તે માટે યોગ્ય કારણ અથવા તો દુકાન નં. ૧૨ ના ડોકયુમેન્ટ અમોને આપવામાં આવે. અમારાથી ટેનામેન્ટ નંબર લખવામાં ભૂલ થયેલી જેના કારણે બીજી મિલ્કતનો જવાબ આપવામાં આવ્યો હતો. ટેનામેન્ટ નંબર ૬૩એ–૨૯–૫૯૬૧–૦–૦૦૧ ''

જયારે મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા ''રૂબરૂ સુનાવણી દરમ્યાન સાચો ટેનામેન્ટ નંબર ધ્યાને આવેલ હોય, ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પૈસા ભરાવી આપવામાં આવશે તેમ જણાવેલ. ''

અરજદારશ્રીની નમૂના ''ક ''ની અરજી તથા તે અન્વયે મદદનીશ જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા તેઓશ્રીને લાગત મુદ્દા ની કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે બંને પક્ષોની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રી તથા મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી બંને પક્ષોની રજુઆત ધ્યાને લેતા, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ)ને અરજદારશ્રી દ્વારા માંગ્યા મુજબની માહિતી અન્વયે કચેરીનાં રેકર્ડ આધારીત માહિતી આર.ટી.આઈ એકટ – ૨૦૦૫ હેઠળ કાર્યરત દિન – ૭ માં નિયમોનુસારની કાર્યવાહી કરી અત્રેની જાણ હેઠળ અચુક પૂરી પાડવા હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમથી અરજદારશ્રી નારાજ હોય તો, અરજદારશ્રી ૯૦(નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન દ્વિતીય અપીલ કરી શકે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી નમ્રતા સુરેશભાઈ મોરડીયા,
પ્રતિ..... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

RIGHT TO INFORMATION

નોર્થ (કતારગામ) ઝોન, સુરત મહાનગરપાલિકા
ગજેરા સર્કલ પાસે, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૦૩,
તા.૦૬/૦૪/૨૦૨૪

અરજદારઃ– શ્રી સચિન પટેલ

સામાવાળાઃ– (૧) શ્રીમતી મીનાબેન ભીટોરા, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ અરજદારશ્રી સચિન પટેલની નોર્થઝોન આઈ.ડી.નં.૧૦૦૩, તા.૨૬/૧૨/૨૦૨૩ (મૂળ આઈ ડી નં. ૨૩૫૮, તા.૨૧/૧૨/૨૦૨૩)ની અરજીથી તા.૨૩/૧૦/૨૦૨૩ના રોજ ડે.ઈજનેર શ્રી જીતેન્દ્ર ડી. ટોપીવાલા તથા ડે.ઈજનેર શ્રી નિપુર્ણ વી. ત્રિવેદી વિરૂધ્ધ WITHOUT PREJODICE નોટીસ પાઠવેલ તેના અનુસંધાનમાં થયેલ કાર્યવાહીની વિગત આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા.૦૬/૦૪/૨૦૨૪ ની NZ/SMC/FAP/નં.૦૩/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૧૦૦૩, તા.૨૬/૧૨/૨૦૨૩ (મૂળ આઈ ડી નં. ૨૩૫૮, તા.૨૧/૧૨/૨૦૨૩)

અરજદારશ્રી સચિન પટેલની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૨૬/૧૨/૨૦૨૩ નાં રોજ દાખલ કરેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૧૦૦૩ થી નોંધાયેલ છે. જે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નોર્થઝોન/મહેકમ/આઉટ/નં.૨૮, તા.૦૨/૦૪/૨૦૨૪થી "અત્રેના ઝોનનો રેકર્ડ તપાસ કરતા તેઓની સામે કોઈ પણ જાતની શિક્ષાત્મક કાર્યવાહી કરવા અંગેનો રિપોર્ટ અત્રેના મહેકમ વિભાગને મળેલ નથી."

જાહેર માહિતિ અધિકારી ધ્વારા પ્રાપ્ત જવાબથી નાસંતુષ્ટ હોય, અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૦૩, તા.૦૬/૦૪/૨૦૨૪ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરતા.

અરજદારની પ્રથમ અપીલ અરજી અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૦૫ માં પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા અને માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૭૭, તા.૧૨/૦૪/૨૦૨૪ થી જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. નોર્થઝોન/મહેકમ/આઉટ/નં ૨૧૫, તા.૧૮/૦૪/૨૦૨૪ થી પૂર્તતા કરવામાં આવેલ.

અરજદારશ્રીની તા.૦૬/૦૪/૨૦૨૪ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૧૨/૦૪/૨૦૨૪ નાં પત્ર નં. એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૭૭ થી પત્ર પાઠવી તા.૨૩/૦૪/૨૦૨૪ નાં રોજ બપોરે ૧૨:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી અને મહેકમ ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રીમતી મીનાબેન ભીટોરા વતી મદદનીશ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી હાજર રહેલ હતા. રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીએ નીચે મુજબની રજુઆત કરેલ.

‘‘ આજરોજ તા.૨૩/૦૪/૨૦૨૪ નાં રોજ પ્રથમ અપીલ અધિકારી સમક્ષ રજુઆત કરેલ, સદર માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય, માંગેલ માહિતી આપશો. તથા માહિતીનો ખર્ચ થાય તે અમો અરજદાર ભરપાઈ કરવા મંજુર છીએ.’’

જયારે મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા ‘’અરજદારની અરજીનાં માહિતી મુદ્દા અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રીનાં તા.૦૨/૦૪/૨૦૨૪નાં જવાબ પૂર્તતા સંદર્ભે આજરોજ સુનાવણી દરમ્યાન અરજદારશ્રીની ઉકત રજુઆત મુજબ અરજીની વિગતે ઉપલબ્ધ માહિતીનાં રેકર્ડ/માહિતી ફેરચકાસણી કરી પૂરી પાડવામાં આવશે. ’’

અરજદારશ્રીની નમૂના "ક" ની અરજી તથા તે અન્વયે મદદનીશ જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે તેઓશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રી તથા મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી બંને પક્ષોની રજુઆત ધ્યાને લેતા, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી નોર્થઝોન(કતારગામ)ને અરજદારશ્રી દ્વારા માંગ્યા મુજબની માહિતી અન્વયે કચેરીનાં રેર્કડની ફરીથી ઝીણવટપૂર્વક ફેરચકાસણી કરી, ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આર.ટી.આઈ એકટ – ૨૦૦૫ હેઠળ કાર્યરત દિન – ૭ માં નિયત ફી ની ભરપાઈ કરાવી અત્રેની જાણ હેઠળ અચુક પૂરી પાડવા હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમથી અરજદારશ્રી નારાજ હોય તો, અરજદારશ્રી ૯૦(નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન દ્વિતીય અપીલ કરી શકે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી સચિન પટેલ,
પ્રતિ.....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

RIGHT TO INFORMATION

નોર્થ (કતારગામ) ઝોન, સુરત મહાનગરપાલિકા
ગજેરા સર્કલ પાસે, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૦૪,
તા.૦૯/૦૪/૨૦૨૪

અરજદારઃ– શ્રી બળવંત એચ. વરીયા

સામાવાળાઃ– (૧) શ્રી કે.એમ. રાઠોડ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી બળવંત એચ. વરીયાની નોર્થઝોન આઈ.ડી.નં.૧૩૦૩, તા.૦૭/૦૩/૨૦૨૪ (સિવિક ઈન નં. ૧૧૫૧, તા.૦૭/૦૩/૨૦૨૪)ની અરજીથી ટેનામેન્ટ નંબર ૧૯એ આપાગીગા હાઈટ્સ મોટીવેડ કતારગામ ખાતે આવેલ ટાવર એ.બી ની આકારણી કયારે અને કેટલી દાખલ થઈ તે તમામ વિગતોની કોપી આપવી.આકારણી બી.યુ.સી આપ્યા બાદ કે પહેલા દાખલ થઈ તે લાગતા અધિકારી દ્વારા લેખીતમાં માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા.૦૯/૦૪/૨૦૨૪ ની NZ/SMC/FAP/નં.૦૪/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૧૩૦૩, તા.૦૭/૦૩/૨૦૨૪ (સિવિક ઈન નં. ૧૧૫૧, તા.૦૭/૦૩/૨૦૨૪)

અરજદારશ્રી બળવંત એચ. વરીયાની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૦૭/૦૩/૨૦૨૪ નાં રોજ દાખલ કરેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૧૩૦૩ થી નોંધાયેલ છે. જેનો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં.એન.ઝેડ /એ.આર.ડી. /આઉટ /નં. ૬૦૭, તા.૨૨/૦૩/૨૦૨૪થી " ગુજરાત માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૮ (૧)(જ)(ઠ) મુજબ સદર માહિતી આપી શકાય તેમ નથી." મુજબનો પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ.

જાહેર માહિતિ અધિકારી ધ્વારા મળેલ જવાબથી નારાજ હોવાથી, અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૦૪, તા.૦૯/૦૪/૨૦૨૪ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરતા.

અરજદારની પ્રથમ અપીલ અરજી અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૦૫ માં પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા અને માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૭૬, તા.૧૨/૦૪/૨૦૨૪ થી જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૧૧૪, તા.૧૯/૦૪/૨૦૨૪ થી પૂર્તતા કરવામાં આવેલ.

અરજદારશ્રીની તા.૦૯/૦૪/૨૦૨૪ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૧૨/૦૪/૨૦૨૪ નાં પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૭૬ થી પત્ર પાઠવી તા.૨૩/૦૪/૨૦૨૪ નાં રોજ બપોરે ૦૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી ગેરહાજર રહેલ હતા અને આકારણી ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી કે.એમ. રાઠોડ વતી મદદનીશ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી હાજર રહેલ હતા. રૂબરૂ સુનાવણીમાં મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

'' માંગવામાં આવેલ માહિતી ત્રાહિત પક્ષકારની હોવાથી અત્રેથી નિયમોનુસારની કાર્યવાહી કરતા ત્રાહિત પક્ષકારે તા.૨૦/૦૩/૨૦૨૪ નાં પત્રથી તેઓની માહિતી અંગત હોય, પુરી પાડવા ઈન્કાર કરેલ છે. ''

અરજદારશ્રીની નમૂના ''ક ''ની અરજી તથા તે અન્વયે મદદનીશ જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા તેઓશ્રીને લાગત મુદ્દા ની કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે તેઓશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રીને રૂબરૂ સુનાવણીની તક આપેલ પરંતુ અરજદારશ્રી હાજર રહેલ નથી. પરંતુ આરટીઆઈ એકટ –૨૦૦૫ હેઠળ માહિતીના કાયદાનો સદઉપયોગ થાય તે હેતુથી અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીના કેસપેપરોને ધ્યાને લઈ અરજદારશ્રીને માંગ્યા મુજબની માહિતીની નકલ/પૂર્તતા કાર્યરત દિન–૧૦ માં કરવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ)ને હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમથી અરજદારશ્રી નારાજ હોય તો, અરજદારશ્રી ૯૦(નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન દ્વિતીય અપીલ કરી શકે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી બળવંત એચ. વરીયા,
પ્રતિ..... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(બી.બી.મોરે)
અપીલ અધિકારી અને
આસી. મ્યુનિ.કમિશનર

ટેલીફોન નં. ૨૪૮૦૫૧૮
ફેક્ષ નં. ૦૨૬૧–૨૪૮૬૩૦૦
Email:amc.nz@suratmunicipal.org
વહીવટી ભવન, નોર્થઝોન(કતારગામ)
રામજી કૃપા રો–હાઉસની બાજુમાં,
ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૦૫,
તા.૧૫/૦૪/૨૦૨૪

અરજદારઃ– શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા

સામાવાળાઃ– (૧) શ્રી કે.એમ. રાઠોડ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારી નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ આપશ્રીની નોર્થઝોન આઈ.ડી.નં.૧૩૬૯, તા.૧૯/૦૩/૨૦૨૪ (મૂળ આઈ ડી નં.૩૨૨૫, તા.૧૫/૦૩/૨૦૨૪)ની અરજીથી સ્ટેપ નં–૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા.૧૫/૦૪/૨૦૨૪ ની NZ/SMC/FAP/નં.૦૫/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૧૩૬૯, તા.૧૯/૦૩/૨૦૨૪ (મૂળ આઈ ડી નં.૩૨૨૫, તા.૧૫/૦૩/૨૦૨૪)

અરજદારશ્રી હસમુખભાઈ વી. ધોળકીયાની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૧૯/૦૩/૨૦૨૪ નાં રોજ દાખલ કરેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૧૩૬૯ થી નોંધાયેલ છે. જેનો મદદનીશ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં.એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૬૦૪, તા.૨૧/૦૩/૨૦૨૪થી "આપના દ્વારા કરવામાં આવેલ અરજીમાં અત્રેના વિભાગને લાગત અંશતઃ માહિતી અસ્પષ્ટ હોય, તમો કયા ટેનામેન્ટ નંબર વાળી મિલ્કતની માહિતીમાં શું માંગો છો. તેની સ્પષ્ટતા થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં જણાવવાનું કે, આપશ્રી દ્વારા કરવામાં આજદીન સુધીની આવેલ તમામ આર.ટી.આઈ અરજીઓ સંબંધે રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી આપવામાં આવેલ જ છે. સદર તમામ માહિતી આપશ્રીને આરપીએડી પોસ્ટ ટપાલ દ્વારા મોકલાવવામાં આવેલ પરંતુ આપશ્રી દ્વારા આર.ટી.આઈની ૦૯ ટપાલ પરત કરવામાં આવેલ છે. તેમ છતાં આપશ્રીની માહિતી બાબતે સમય મર્યાદામાં રૂબરૂ અત્રેના વિભાગનો સંપર્ક કરી કાયદાના મુદ્દે ચર્ચા કર્યેથી કઈ માહિતીની જરૂરીયાત છે, જે જણાવશો. જેથી તે મુજબની ઉપલબ્ધ રેકર્ડ આધારીત મહિતી પુરી પાડી શકાય. જે જાણશો." મુજબનો પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ.

જાહેર માહિતિ અધિકારી ધ્વારા જવાબ ન પાઠવ્યાનો/માહિતિ ન આપ્યાનો / માહિતી છુપાવ્યાનો આક્ષેપ કરી અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૦૫, તા.૧૫/૦૪/૨૦૨૪ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરતા.

અરજદારની પ્રથમ અપીલ અરજી અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૦૫ માં પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા અને માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં. એન.ઝેડ/આરટીઆઈ/આઉટ/૧૫૬ , તા.૨૦/૦૪/૨૦૨૪ થી જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવતા મદદનીશ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૧૩૮ તા.૨૪/૦૪/૨૦૨૪ થી પૂર્તતા કરવામાં આવેલ.

અરજદારશ્રીની તા.૧૫/૦૪/૨૦૨૪ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૨૦/૦૪/૨૦૨૪ નાં પત્ર નં. એન.ઝેડ/આરટીઆઈ/આઉટ/૧૫૬ થી પત્ર પાઠવી તા.૩૦/૦૪/૨૦૨૪ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી ગેરહાજર રહેલ હતા અને આકારણી ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી કે.એમ. રાઠોડ હાજર રહેલ હતા. સદર તારીખ તથા સમય પર અરજદારશ્રીની અન્ય કચેરી ખાતે સુનાવણી હોય, તેમની ઈ મેઈલ રજુઆતને ધ્યાને રાખી તથા તા.૦૧/૦૫/૨૦૨૪ નાં રોજ સવારે અત્રેની કચેરીએ તેઓશ્રી તરફથી રૂબરૂ રજુઆત કરવામાં આવતા અરજદારશ્રીને આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ અંતર્ગત માહિતીના કાયદાનો સદઉપયોગ થાય તે હેતુથી તે જ દિવસે તથા તે જ સમયે સત્વરે ૧૧:૩૦ કલાકે ફેર રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદારશ્રી અને આકારણી ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી કે.એમ. રાઠોડ હાજર રહેલ હતા. રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીએ નીચે મુજબની રજુઆત કરેલ.

‘‘ સ્વામીનારાયણ નગર–૧ ટી.પી. ૪૯ એફ.પી. ૮૨ /૧૦૬/ ૩ ની તમામ બાબત. મકાન નંબર ૬૩ થી ૭૨ મકાન નંબર ૪૩ થી ૪૬ અને R-19 રીર્ઝવેશન (249) તમામ મિલ્કતમાં ચેરેટી કમીશનર ની મંજુરી આપેલ નકલ મિલ્કત ફેરફાર બાબત નકલ રકમ – ૩૧૬ રકમ – ૧૩૬ અને રકમ – ૫૨૬ ની આર.ટી.આઈ. બાબત તમામ વિગત ફરીયાદ ૦૪૮૧/૨૦૧૮ ની તમામ વિગત. અમારા કરાર વર્ષ ૨૦૧૪ ગુમ કરેલની બાબત (૭૫/૭૬).’’

જયારે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા ‘‘ ઉકત વિગતે ૩૦ દિવસનો સમય આપવા મેદ કરશોજી. વધુમાં માહિતી ઉપલબ્ધ હોય તો તે અરજદારશ્રીને પ્રોવાઈડ કરવાની પ્રોસીજર અપીલ અધિકારી ની રૂબરૂ કરીએ તેવો હુકમ ફરમાવશોજી. ’’

અરજદારશ્રીની નમૂના ''ક'' ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રીની નમૂના ''ક'' ની અરજી વંચાણે લેતા અરજદારશ્રી આકારણી ખાતાને લાગત કઈ માહિતી મેળવવા માંગે છે તે સ્પષ્ટ થતુ નથી. રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીને સમજણ આપવા છતા તેઓ દ્વારા રૂબરૂ સુનાવણીમાં પણ લેખિતમાં માંગણી કરેલ માહિતી / રજુઆત સ્પષ્ટ થતુ નથી. અરજદારશ્રી અવારનવાર આ પ્રકારની અરજીઓ કરતા રહેતા હોય વહીવટી કામગીરીમાં બિનજરૂરી વિક્ષેપ પડે છે. અને બિનજરૂરી માનવબળ / માનવકલાકો બગડે છે. આથી આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન થયેલ ચર્ચા મુજબની આકારણી દફતરે ઉપલબ્ધ માહિતી નિયમોનુસારની કાર્યવાહી કરી કાર્યરત દિન–૧૫ માં યાદી સહિત અરજદારશ્રીને આપવા જાહેર માહિતિ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમથી અરજદારશ્રી નારાજ હોય તો, અરજદારશ્રી ૯૦(નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ડઓનલાઈન દ્વિતીય અપીલ કરી શકે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.
(૨) શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા,
પ્રતિ.....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

RIGHT TO INFORMATION

નોર્થ (કતારગામ) ઝોન, સુરત મહાનગરપાલિકા
ગજેરા સર્કલ પાસે, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૦૬,
તા.૧૮/૦૪/૨૦૨૪

અરજદારઃ– શ્રી પ્રેમજીભાઈ કે. વાઢેળ

સામાવાળાઃ– (૧) શ્રીમતી મીનાબેન ભીટોરા, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ અરજદારશ્રી પ્રેમજીભાઈ કે. વાઢેળની નોર્થઝોન આઈ.ડી.નં.૧૨૩૫, તા.૨૧/૦૨/૨૦૨૪ (સિવિક ઈન નં. ૧૧૧૦, તા.૨૧/૦૨/૨૦૨૪)ની અરજીથી વહીવટી ભવન કંટ્રોલ રૂમ, નોર્થ ઝોન ખાતે ફરજ બજાવતા દીપિકાબેન રાહુલકુમાર પટેલ, કર્મચારી નંબર ૪૬૦૬૪ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા.૧૮/૦૪/૨૦૨૪ ની NZ/SMC/FAP/નં.૦૬/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૧૨૩૫, તા.૨૧/૦૨/૨૦૨૪ (સિવિક ઈન નં. ૧૧૧૦, તા.૨૧/૦૨/૨૦૨૪)

અરજદારશ્રી સચિન પટેલની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૨૬/૧૨/૨૦૨૩ નાં રોજ દાખલ કરેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૧૦૦૩ થી નોંધાયેલ છે. જે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નોર્થઝોન/મહેકમ/આઉટ/નં.૫૪૬૧, તા.૧૨/૦૩/૨૦૨૪થી " મુદ્દા નં. અ માટે સદર કર્મચારીનો હોદો ટેલીફોન ઓપરેટર અને કલાસ (કર્મચારી વર્ગ) ૩ (III) તથા તેઓની નિમણુંક તારીખ 20-06-2016 છે. તથા મુદ્દા નં. ક માટે કમિશનર સુ.મ.પા.નં.પરીપત્રનં.સી.એમ.એફ./૫,તા.૦૧/૦૫/૧૯૯૬ મુજબ કર્મચારીના કામનો સમય મળવાપાત્ર રહે છે. તેમજ સદર માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ WWW.suratmunicipal.gov.in પર ઉપલબ્ધ છે. તથા મુદ્દા નં. ડ માટે આપશ્રીએ માંગેલ માહિતી મુજબ અત્રેનોર્થઝોન(કતારગામ) ની માહિતી જાહેર માહિતી અધિનિયમ,૨૦૦૫ની કલમ નં. (૮) (૧) (જ) હેઠળ " અંગત માહિતી " ની વ્યાખ્યામાં હોય, આપી શકાય નહી.જે જાણશો. તથા મુદ્દા નં. ઈ માટે સેકશન ઓફિસર(ટેકનીકલ વિભાગ), નોર્થઝોન (કતારગામ) " મુજબનો પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર આરટીઆઈ સેલ/આઉટ/નં.૨૭૨૨, તા.૧૨/૦૩/૨૦૨૪થી મુદ્દા નં. બ માટે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ – રીકુટમેન્ટને તબદીલ કરેલ.

જાહેર માહિતિ અધિકારી ધ્વારા પ્રાપ્ત જવાબથી નારાજ હોય, અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૦૬, તા.૧૮/૦૪/૨૦૨૪ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરતા.

અરજદારની પ્રથમ અપીલ અરજી અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૦૫ માં પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા અને માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૧૫૭, તા.૨૦/૦૪/૨૦૨૪ થી જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. નોર્થઝોન/મહેકમ/આઉટ/નં ૩૩૩, તા.૨૬/૦૪/૨૦૨૪ થી પૂર્તતા કરવામાં આવેલ.

અરજદારશ્રીની તા.૧૮/૦૪/૨૦૨૪ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૨૦/૦૪/૨૦૨૪ નાં પત્ર નં. એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૧૫૭ થી પત્ર પાઠવી તા.૩૦/૦૪/૨૦૨૪ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી અને મહેકમ ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રીમતી મીનાબેન ભીટોરા હાજર રહેલ હતા. રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીએ નીચે મુજબની રજુઆત કરેલ.

'' (૬) ના જવાબમાં માહિતી આપવાની શરતે સુનાવણીથી ખુશ હોઈએ તપાસ પૂર્ણ કરવા સારૂનો સ્વીકાર.''

જયારે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા ''અરજદાર દ્વારા અપીલનાં મુદ્દા નં. (૬) અંગે અપીલની સુનાવણી દરમ્યાન રૂબરૂમાં પરિપત્ર નં. સી.એમ.એફ/૫ તા. ૦૧/૦૫/૧૯૯૬ આપવામાં આવેલ છે. વધુમાં મુદ્દા નં. (૬) અંગેની માહિતી પૂરી પાડવામાં આવશે. ''

અરજદારશ્રીની નમૂના ''ક'' ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે તેઓશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી નોર્થઝોન(કતારગામ)ને અરજદારશ્રી દ્વારા માંગ્યા મુજબની મુદ્દા નં. (૬) ની પંચીગની માહિતી કાર્યરત દિન – ૭ માં નિયમોનુસારની કાર્યવાહી કરી અત્રેની જાણ હેઠળ અચુક પૂરી પાડવા હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમથી અરજદારશ્રી નારાજ હોય તો, અરજદારશ્રી ૯૦(નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન દ્વિતીય અપીલ કરી શકે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી પ્રેમજીભાઈ કે. વાઢેળ,
પ્રતિ..... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

RIGHT TO INFORMATION

નોર્થ (કતારગામ) ઝોન, સુરત મહાનગરપાલિકા
ગજેરા સર્કલ પાસે, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૧૧,
તા.૨૨/૦૪/૨૦૨૪

અરજદારઃ– શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા

સામાવાળાઃ– (૧) શ્રી કે.એમ. રાઠોડ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ સુરેશભાઈ છગનભાઈ ચોટલીયાની નોર્થઝોન આઈ.ડી.નં.૧૩૨૭, તા.૧૬/૦૩/૨૦૨૪ (મૂળ આઈ ડી નં.૬૨૮, તા.૧૪/૦૩/૨૦૨૪)ની ડી/૧૨૪૨૦, તા.૨૬/૦૨/૨૦૨૪ અરજી અનુસંધાનમાં શું શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા.૨૨/૦૪/૨૦૨૪ ની NZ/SMC/FAP/નં.૧૧/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૧૩૨૭, તા.૧૬/૦૩/૨૦૨૪ (મૂળ આઈ ડી નં.૬૨૮, તા.૧૪/૦૩/૨૦૨૪)

અરજદારશ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયાની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૧૬/૦૩/૨૦૨૪ નાં રોજ દાખલ કરેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૧૩૨૭ થી નોંધાયેલ છે. જેનો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં.એન.ઝેડ /એ.આર.ડી. /આઉટ /નં. ૬૧૦, તા.૨૮/૦૩/૨૦૨૪થી " આપશ્રીની અરજીનાં સદર મુદ્દા અન્વયે જણાવવાનું કે, સદર અરજી અંગેની માહિતી અત્રેના આકારણી અને વસુલાત વિભાગના એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/૧૫૪૨, તા.૨૨/૦૩/૨૪ થી પાઠવવામાં આવેલ છે. જે પત્રની નકલ આ સાથે સામેલ છે." મુજબનો પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ.

જાહેર માહિતિ અધિકારી ધ્વારા અધુરા જવાબ પાઠવ્યાનો આક્ષેપ કરી અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૧૧, તા.૨૨/૦૪/૨૦૨૪ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરતા.

અરજદારની પ્રથમ અપીલ અરજી અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૦૫ માં પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા અને માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૧૬૬, તા.૨૩/૦૪/૨૦૨૪ થી જાહેર માહિતી અધિકારીશ્રીઓને જણાવવામાં આવતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૧૪૨, તા.૨૬/૦૪/૨૦૨૪ થી પૂર્તતા કરવામાં આવેલ.

અરજદારશ્રીની તા.૨૨/૦૪/૨૦૨૪ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૨૩/૦૪/૨૦૨૪ નાં પત્ર નં.એન.ઝેડ./ આરટીઆઈ/આઉટ/૧૬૬ થી પત્ર પાઠવી તા.૩૦/૦૪/૨૦૨૪ નાં રોજ બપોરે ૧૨:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી અને આકારણી ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી કે.એમ. રાઠોડ હાજર રહેલ હતા. રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

‘‘ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન સદર અરજી બાબતે પૂરતી સમજણ આપેલ છે જેનાથી હું સંતુષ્ટ હોય, અરજી પરત ખેંચવા જણાવું છું. ’’

જયારે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા ‘‘ ઉકત વિગતે અરજદારશ્રીને કાયદા મુજબ યોગ્ય તે જવાબ પાઠવવામાં આવેલ છે. ’’

અરજદારશ્રીની નમૂના ''ક ''ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા તેઓશ્રીને લાગત મુદ્દા ની કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે બંને પક્ષોની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારીશ્રી બંને પક્ષોની રજુઆત ધ્યાને લેતા, અરજદારશ્રીની સદર પ્રથમ અપીલ અન્વયે અત્રેથી વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ના હોય, સદર પ્રથમ અપીલ અરજી અત્રેથી દફતરે કરવામાં આવે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા,
પ્રતિ..... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(બી.બી.મોરે)
અપીલ અધિકારી અને
આસી. મ્યુનિ.કમિશનર

ટેલીફોન નં. ૨૪૮૦૫૧૮
ફેક્ષ નં. ૦૨૬૧–૨૪૮૬૩૦૦
Email:amc.nz@suratmunicipal.org
વહીવટી ભવન, નોર્થઝોન(કતારગામ)
રામજી કૃપા રો–હાઉસની બાજુમાં,
ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૧૦,
તા.૧૯/૦૪/૨૦૨૪

અરજદારઃ– શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા

સામાવાળાઃ– (૧) શ્રી કે.એમ. રાઠોડ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારી નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ આપશ્રીની નોર્થઝોન આઈ.ડી.નં.૭૭, તા.૧૯/૦૪/૨૦૨૪ (નગર નિયોજકની કચેરી મૂળ આઈ ડી નં.૭૫, તા.૧૩/૦૩/૨૦૨૪)ની અરજીથી સ્ટેપ નં–૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા.૧૯/૦૪/૨૦૨૪ ની NZ/SMC/FAP/નં.૧૦/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૭૭, તા.૧૯/૦૪/૨૦૨૪ (નગર નિયોજકની કચેરી મૂળ આઈ ડી નં.૭૫, તા.૧૩/૦૩/૨૦૨૪)

અરજદારશ્રી હસમુખભાઈ વી. ધોળકીયાની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૧૯/૦૪/૨૦૨૪ નાં રોજ દાખલ કરેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૭૭ થી નોંધાયેલ છે. જેનો મદદનીશ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં.એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૧૩૭, તા.૨૪/૦૪/૨૦૨૪થી "આપના દ્વારા કરવામાં આવેલ અરજીમાં અત્રેના વિભાગને લાગત અંશતઃ માહિતી અસ્પષ્ટ હોય, તમો કયા ટેનામેન્ટ નંબર વાળી મિલ્કતની માહિતીમાં શું માંગો છો. તેની સ્પષ્ટતા થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં જણાવવાનું કે, આપશ્રી દ્વારા કરવામાં આજદીન સુધીની આવેલ તમામ આર.ટી.આઈ અરજીઓ સંબંધે રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી આપવામાં આવેલ જ છે. તેમ છતાં આપશ્રીની માહિતી બાબતે સમય મર્યાદામાં રૂબરૂ અત્રેના વિભાગનો સંપર્ક કરી કાયદાના મુદ્દે ચર્ચા કર્યેથી કઈ માહિતીની જરૂરીયાત છે, જે જણાવશો. જેથી તે મુજબની ઉપલબ્ધ રેકર્ડ આધારીત મહિતી પુરી પાડી શકાય. જે જાણશો." મુજબનો પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ.

જાહેર માહિતિ અધિકારી ધ્વારા જવાબ ન પાઠવ્યાનો/માહિતિ ન આપ્યાનો / માહિતી છુપાવ્યાનો આક્ષેપ કરી અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૧૦, તા.૧૯/૦૪/૨૦૨૪ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરતા.

અરજદારશ્રીની તા.૧૯/૦૪/૨૦૨૪ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૨૬/૦૪/૨૦૨૪ નાં પત્ર નં. એન.ઝેડ/આરટીઆઈ/આઉટ/૨૪૫ થી પત્ર પાઠવી તા.૦૩/૦૫/૨૦૨૪ નાં રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. તા.૦૧/૦૫/૨૦૨૪ નાં રોજ સવારે અત્રેની કચેરીએ તેઓશ્રી તા.૦૩/૦૫/૨૦૨૪ નાં રોજ રાખેલ રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહી શકે તેમ ના હોય તેઓશ્રી તરફથી અન્ય સુનાવણીની તારીખ માટે રૂબરૂ રજુઆત કરતા, અરજદારશ્રીને આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ અંતર્ગત માહિતીના કાયદાનો સદઉપયોગ થાય તે હેતુથી તે દિવસ માટે રૂબરૂ સુનાવણી અર્થે પૃચ્છા કરતા તેઓશ્રી તરફથી હકારાત્મક પ્રત્યુતર મળતા તે જ દિવસે તથા તે જ સમયે સત્વરે ૧૧:૩૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ. સદર સુનાવણીમાં આકારણી ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી કે.એમ. રાઠોડ હાજર રહેલ હતા. રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીએ નીચે મુજબની રજુઆત કરેલ.

‘‘ R-19 રીઝર્વેશન (249) ની બાબત. આકારણી વિભાગની તમામ વિગત. વર્ષ ૨૦૧૭ થી જવાબ આપો ત્યા સુધીમાં મિલ્કત પ્લોટ નંબર વસુલાત રકમ. ચેરેટી કમિશનર મંજુરી અન્ય તમામ જાણકારી કયા કશે કયા સમય દરમ્યાન નોંધણી થયેલ વિગત નામ જોગ આપશો.’’

જયારે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા ‘’ ઉકત રજુઆતે R-19 રીઝર્વેશન (249) સંબધે –કયા ટેનામેન્ટ નંબર ‘ ’કોડ’’ થયેલ છે તે રેકર્ડ રૂબરૂ ‘’નિરિક્ષણ’’ આપવા વાંધો નથી જે ‘’નિરિક્ષણ’’ બાદ ઉપલબ્ધ રેકર્ડ આપવા હુકમ થઈ આવવા વિનંતી.’’

અરજદારશ્રીની નમૂના "ક" ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે તેઓશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રીની નમૂના "ક" ની અરજી વંચાણે લેતા મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા તા.૨૪/૦૪/૨૦૨૪ ના રોજના પત્ર નં. એન.ઝેડ /એ.આર.ડી./આઉટ/નં.૧૩૭ થી કરવામાં આવેલ પૂર્તતા યોગ્ય છે. રૂબરૂ સુનાવણીમાં પણ અરજદારશ્રીને પૂરતી સમજણ આપવામાં આવી છે. અરજદારશ્રી અવારનવાર આ પ્રકારની અરજી / રજુઆતો કરતા રહે છે. પરંતુ તેમાં સ્પષ્ટ રજુઆત / માંગણીના બદલે આક્ષેપો રહેતા હોય કઈ માહિતીની માંગણી કરે છે તે સ્પષ્ટ હોતું નથી. આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન થયેલ ચર્ચા બાદ પણ લેખિતમાં કરેલ રજુઆત સ્પષ્ટ થતી નથી. જાહેર માહિતી અધિકારીશ્રીના હકારાત્મક વલણ અન્વયે જો અરજદારશ્રી ઈચ્છુક હોય તો કાર્યરત દિન–૧૦ માં જાહેર માહિતી અધિકારીશ્રીનો આગોતરો સમય મેળવી રૂબરૂ દફતરી નિરિક્ષણ કરી નિર્દેશિત કરે તે માહિતી નિયમોનુસારની કાર્યવાહી કરી આપવી.

ઉપરોકત હુકમથી અરજદારશ્રી નારાજ હોય તો, અરજદારશ્રી ૯૦(નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન દ્વિતીય અપીલ કરી શકે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા,
પ્રતિ.....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(બી.બી.મોરે)
અપીલ અધિકારી અને
આસી. મ્યુનિ.કમિશનર

ટેલીફોન નં. ૨૪૮૦૫૧૮
ફેક્ષ નં. ૦૨૬૧–૨૪૮૬૩૦૦
Email:amc.nz@suratmunicipal.org
વહીવટી ભવન, નોર્થઝોન(કતારગામ)
રામજી કૃપા રો–હાઉસની બાજુમાં,
ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૧૨,
તા.૨૫/૦૪/૨૦૨૪

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ

સામાવાળાઃ– (૧) શ્રી કે.એમ. રાઠોડ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારી નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ અરજદારશ્રી રમેશ કે. જાંગીડની નોર્થઝોન આઈ.ડી.નં.૧૪૦૮, તા.૨૮/૦૩/૨૦૨૪ (મૂળ આઈ ડી નં. ૩૨૮૩, તા.૨૨/૦૩/૨૦૨૪)ની અરજીથી આકારણી અને વસુલાત વિભાગ, કતારગામ ઝોન કચેરીનાં દફતરે દાખલ પાર્ટી પ્લોટો પૈકી હીરા ફાર્મ, આત્મીય, ફાર્મ, શ્રીજી ફાર્મ, રોયલ વિલા, કેશવ ફાર્મ, નિધિ ફાર્મ, લાડલી ફાર્મ, સુકુન ફાર્મ, લક્ષ્મીનારાયણ ફાર્મ, ખોડલ ફાર્મ, વિહા ફાર્મ, વૈદેહી ફાર્મ, મોરલી ફાર્મ, સવાણી ફાર્મ, સીલ્વર ફાર્મ, સેવન થ્રી ફાર્મ, મહાદેવ ફાર્મ, જ્ઞાનબાગ ફાર્મ, રાજપેલેસ ફાર્મ, નીલકંઠ ફાર્મ, વર્ણી ફાર્મ, રવજી ફાર્મ, ,વૃંદાવન ફાર્મ, કાશીબા ફાર્મ, હેમિલ્ટન ફાર્મ, ભાગ્યલક્ષ્મી પાર્ટી પ્લોટ, ઓમ વાડી, ગ્રીનવીલા, કે.આર. ફાર્મ, કુમકુમ ફાર્મ, કે.કે.પાર્ટી પ્લોટ, હરેકિષ્ના પાર્ટી પ્લોટ, વલભી ફાર્મ, ઠાકોર ફાર્મ, ભકિતનંદન ફાર્મ, ધર્મનંદન ફાર્મ, ,સહજ ગાર્ડન, સી.આર.પાર્ટી પ્લોટ, મહાલક્ષ્મી ફાર્મ, દેવમણી ફાર્મ, સર્જન સ્પોર્ટસ કબલ, વ્રજ વિહાર ફાર્મ, મણીબાગ, નિત્યાનંદ ફાર્મ, શણગાર પાર્ટી પ્લોટ, રાધે ફાર્મ ,રજવાડી પાર્ટી પ્લોટ, એ.એલ.પાર્ટી પ્લોટ...આ તમામ પાર્ટી પ્લોટોની તુમારની નકલો, આ પાર્ટી પ્લોટોની તપાસમાં આકારણી તથા માપમાં વિસંગતા જણાતા જાન્યુઆરી'૨૦૨૩ બાદ પાર્ટી પ્લોટ ધારકોને પાઠવેલ નોટિસોની નકલો, જાન્યુઆરી – ૨૦૨૩ બાદ આકારણી વિભાગમાં દાખલ અથવા ૦૧/૦૪/૨૦૨૨ ની ઈફેકટ થી દાખલ પાર્ટી પ્લોટ ના પાર્ટી સ્ટેટસ તથા અસલ પત્રકની નકલો આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની તા.૨૫/૦૪/૨૦૨૪ ની અપીલ નં. NZ/SMC/FAP/નં.૧૨/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૧૪૦૮, તા.૨૮/૦૩/૨૦૨૪ (મૂળ આઈ ડી નં. ૩૨૮૩, તા.૨૨/૦૩/૨૦૨૪)

અરજદારશ્રી રમેશ કે. જાંગીડની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૨૮/૦૩/૨૦૨૪ નાં રોજ દાખલ થયેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૧૪૦૮ થી નોંધાયેલ છે. મદદનીશ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા ત્રાહિત પક્ષકારની માહિતી અન્વયેની કાર્યવાહી કરી પત્ર નં.એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૧૦૯, તા.૧૯/૦૪/૨૦૨૪થી ''સદર ટેનામેન્ટ વાળી મિલ્કતમાં હાલના માલીક તરફથી માંગ્યા મુજબની માહિતી ન આપવા બાબત, કાયદા મુજબ લેખિતમાં રજુઆત મળેલ હોવાથી ગુજરાત માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૮(૧)(ઠ) મુજબ સદર માહિતી આપી શકાય તેમ ન હોવાનું જણાવતો અરજદારશ્રીને પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ. ''

જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા મળેલા પ્રતિભાવથી નારાજ હોવાથી અરજદારશ્રી દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૧૨, તા.૨૫/૦૪/૨૦૨૪ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરી.

અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૦૫ માં પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા અને માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૨૪૪, તા.૨૬/૦૪/૨૦૨૪ થી જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવતા જાહેર

માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૧૪૯, તા.૩૦/૦૪/૨૦૨૪ થી પૂર્તતા કરવામાં આવેલ.

અરજદારશ્રીની તા.૨૫/૦૪/૨૦૨૪ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૨૬/૦૪/૨૦૨૪ નાં પત્ર નં. એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૨૪૪ થી પત્ર પાઠવી તા.૧૭/૦૫/૨૦૨૪ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી અને આકારણી ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી કે.એમ. રાઠોડ રહેલ હતા. રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીએ નીચે મુજબની રજુઆત કરેલ.

'' માંગેલ માહિતી કચેરીના ઉપલબ્ધ રેકર્ડ પરની તથા લોકહીતની હોવાથી માંગેલ માહિતી આપવા અંગેનો હુકમ કરવા વિનંતી.''

જયારે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

'' ઉપરોકત કામે અરજદારશ્રીને જવાબ પાઠવેલ છે. પાર્ટી પ્લોટ ધારકોને – માહિતી આપવા બાબત પૂછતા – તેઓએ ના પાડેલ હોય– તેમ છતા –અત્રે જાહેર હીતની રજુઆત થયેલ હોય આપશ્રી યોગ્ય તે હુકમ ફરમાવશોજી.''

અરજદારશ્રીની નમૂના "ક" ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે તેઓશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારીશ્રી બંને પક્ષોની રજુઆત ધ્યાને લેતા, અરજદારશ્રીએ માગંણી કરેલ માહિતી પૈકી આપવા જોગ માહિતી કાર્યરત દિન–૧૦ માં નિયમોનુસારની કાર્યવાહી કરી આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ)ને હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમથી અરજદારશ્રી નારાજ હોય તો, અરજદારશ્રી ૯૦(નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન દ્વિતીય અપીલ કરી શકે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી રમેશ કે. જાંગીડ,
પ્રતિ.....અપીલ અરજી અન્વયે ઉપરોકત હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

RIGHT TO INFORMATION

નોર્થ (કતારગામ) ઝોન, સુરત મહાનગરપાલિકા
ગજેરા સર્કલ પાસે, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૧૩,
તા.૨૬/૦૪/૨૦૨૪

અરજદારઃ– શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા

સામાવાળાઃ– (૧) શ્રી કે.એમ. રાઠોડ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ સુરેશભાઈ છગનભાઈ ચોટલીયાની નોર્થઝોન આઈ.ડી.નં.૧૩૮૩, તા.૨૧/૦૩/૨૦૨૪ (સિવિક ઈન નં. ૧૨૦૮, તા.૨૧/૦૩/૨૦૨૪)ની અરજી થી અરજી નં. ૫૫૫/૪૨૦૨૪૨૦૩૧૯ તા.૧૯/૦૩/૨૦૨૪ વિશે માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા.૨૬/૦૪/૨૦૨૪ ની NZ/SMC/FAP/નં.૧૩/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૧૩૮૩, તા.૨૧/૦૩/૨૦૨૪ (સિવિક ઈન નં. ૧૨૦૮, તા.૨૧/૦૩/૨૦૨૪)

અરજદારશ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયાની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૨૧/૦૩/૨૦૨૪ નાં રોજ દાખલ કરેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૧૩૮૩ થી નોંધાયેલ છે. જેનો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં.એન.ઝેડ /એ.આર.ડી. /આઉટ /નં.૯૪, તા.૧૨/૦૪/૨૦૨૪થી " માંગવામાં આવેલ માહિતી અંશતઃ અત્રેના વિભાગને સ્પર્શે છે. મુદ્દા નં.૦૨ અનુસંધાને જો નામ હાઈકોર્ટ એડમીનીસ્ટ્રેશન ઓફીસમાંથી સર્ટીફાઈડ નકલ મેળવી લેવી. જે વિકલ્પે નામ હાઈકોર્ટની વેબસાઈડ ઉપરથી હુકમ ડાઉનલોડ કરી મેળવી લેવો. જે જણાવીએ." એ મુજબનો પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ.

જાહેર માહિતિ અધિકારી ધ્વારા જવાબ ન પાઠવ્યાનો/માહિતિ ન આપ્યાનો / માહિતી છુપાવ્યાનો આક્ષેપ કરી અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૧૩, તા.૨૬/૦૪/૨૦૨૪ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરતા.

અરજદારશ્રી તા.૨૨/૦૪/૨૦૨૪ ની પ્રથમ અપીલ અરજી NZ/SMC/FAP/નં.૧૧ અન્વયે તા.૩૦/૦૪/૨૦૨૪ નાં રોજ બપોરે ૧૨:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અત્રેની કચેરીએ હાજર હોય તથા તેઓશ્રી સાથે રૂબરૂ ચર્ચા કરતા તેઓશ્રી NZ /SMC / FAP/ નં.૧૩, તા.૨૬/૦૪/૨૦૨૪ની સુનાવણી અર્થે સમંતિ દર્શાવેલ હોય, સદર પ્રથમ અપીલ અરજીની સુનાવણી તે જ દિવસે અને તે જ સમયે રાખવામાં આવેલ. જેની જાણ કરતો સુનાવણી પત્ર નં. એન.ઝેડ/આરટીઆઈ/આઉટ/૨૫૫ તેઓશ્રીને રૂબરૂ આપવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રીએ નીચે મુજબની રજુઆત કરેલ.

" હાઈકોર્ટનાં હુકમની નકલ મેળવવા માટે હું પૈસા ભરવા તૈયાર છું ."

જયારે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

" અરજદારશ્રીને કાયદા મુજબ યોગ્ય તે જવાબ પાઠવવામાં આવેલ છે. "

અરજદારશ્રીની નમૂના ''ક ''ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા તેઓશ્રીને લાગત મુદ્દા ની કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે બંને પક્ષોની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારીશ્રી બન્ને પક્ષકારોએ રૂબરૂ સુનાવણીમાં કરેલ રજુઆતને ધ્યાને લેતા, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રીને અરજદારશ્રીને કાર્યરત દિન–૭ માં નમુના 'ખ' ની નોટિસ પાઠવી અરજદારશ્રી દ્વારા નાણી ભર્યેથી નકલ આપવા હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમથી અરજદારશ્રી નારાજ હોય તો, અરજદારશ્રી ૯૦(નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન દ્વિતીય અપીલ કરી શકે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા,
પ્રતિ..... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(બી.બી.મોરે)
અપીલ અધિકારી અને
આસી. મ્યુનિ.કમિશનર

ટેલીફોન નં. ૨૪૮૦૫૧૮
ફેક્ષ નં. ૦૨૬૧–૨૪૮૬૩૦૦
Email:amc.nz@suratmunicipal.org
વહીવટી ભવન, નોર્થઝોન(કતારગામ)
રામજી કૃપા રો–હાઉસની બાજુમાં,
ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૧૪,
તા.૧૫/૦૫/૨૦૨૪

અરજદારઃ– શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા

સામાવાળાઃ– (૧) શ્રી કે.એમ. રાઠોડ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારી નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ હસમુખભાઈ વી. ધોળકીયાની નોર્થઝોન આઈ.ડી.નં.૫૫, તા.૧૮/૦૪/૨૦૨૪ (મૂળ આઈ ડી નં.૭૮, તા.૧૫/૦૪/૨૦૨૪)ની અરજીથી સ્ટેપ નં–૧ થી ૧૧ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની તા.૧૫/૦૫/૨૦૨૪ ની અપીલ નં. NZ/SMC/FAP/નં.૧૪/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૫૫, તા.૧૮/૦૪/૨૦૨૪ (મૂળ આઈ ડી નં.૭૮, તા.૧૫/૦૪/૨૦૨૪)

અરજદારશ્રી હસમુખભાઈ વી. ધોળકીયાની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૧૮/૦૪/૨૦૨૪ નાં રોજ દાખલ થયેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૫૫ થી નોંધાયેલ છે. જેનો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં.એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૧૭૬, તા.૧૬/૦૫/૨૦૨૪થી '' આપના દ્વારા કરવામાં આવેલ અગાઉની અરજી (૧) નોર્થ ઝોન આઈ.ડી.નં.૧૩૬૯,તા.૧૯/૦૩/૨૦૨૪ (મૂળ અરજી સી.ઝેડ/૩૨૨૫, તા.૧૬/૦૩/૨૪) જેની પ્રથમ અપીલ અરજી નં. NZ/SMC/FAP/05, તા.૧૫/૦૪/૨૪, (૨) નોર્થ ઝોન આઈ.ડી.નં.૭૭, તા.૧૯/૦૪/૨૦૨૪ (મૂળ અરજી નગર નિયોજક નગર/૭૫, તા.૧૩/૦૩/૨૪) જેની પ્રથમ અપીલ અરજી નં. NZ/SMC/FAP/10, તા.૧૯/૦૪/૨૪, જેની રૂબરૂ સુનાવણી તા.૩૦/૦૪/૨૪, ના રોજ ૧૧.૦૦ કલાકે રાખવામાં આવેલ, ઉકત સુનાવણી દરમયાન આસી.મ્યુ.કમિશનરશ્રી સાથેની રૂબરૂ ચર્ચામાં આપશ્રીને સ્પષ્ટ જણાવવામાં આવેલ કે આપશ્રી દ્વારા જે માહિતી માંગવામાં આવેલ છે, તે માહિતી સ્પષ્ટ અને અલગ અલગ મુદ્દાસર જે તે લાગત વિભાગમાં કરવામાં આવેલ નથી. જેથી આપશ્રી તરફથી આર.ટી.આઈ.ની અરજીમાં અત્રેના વિભાગને લાગત માહિતી સ્પષ્ટ અને મુદ્દાસર કર્યેથી અત્રેના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવામાં આવશે. જે જાણશો.'' મુજબનો પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ.

જાહેર માહિતિ અધિકારી ધ્વારા જવાબ ન પાઠવ્યાનો આક્ષેપ કરી અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૧૪, તા.૧૫/૦૫/૨૦૨૪ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરી.

અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૦૫ માં પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા અને માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૩૩૯, તા.૧૬/૦૫/૨૦૨૪ થી જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૧૮૯, તા.૨૭/૦૫/૨૦૨૪ થી પૂર્તતા કરવામાં આવેલ.

અરજદારશ્રીની તા.૧૫/૦૫/૨૦૨૪ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૧૬/૦૫/૨૦૨૪ નાં પત્ર નં. એન.ઝેડ/આરટીઆઈ/આઉટ/૩૩૯ થી પત્ર પાઠવી તા.૧૦/૦૬/૨૦૨૪ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. પરંતુ સદર તારીખે અંગત કારણસર અરજદારશ્રી હાજર રહી શકે તેમ ના હોય, તેઓશ્રીની ફેર રૂબરૂ સુનાવણી અર્થેની તા.૦૯/૦૬/૨૦૨૪ નાં રોજની ઈ મેઈલ રજુઆતને ધ્યાને રાખી તા.૧૪/૦૬/૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ફેર રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ જેની જાણ અરજદારશ્રીને તા.૧૦/૦૬/૨૦૨૪ ના રોજ ઈ મેઈલ દ્વારા કરવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી અને આકારણી ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી કે.એમ. રાઠોડ હાજર રહેલ હતા. રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીએ નીચે મુજબની રજુઆત કરેલ.

'' નમુના 'ક' મુજબ માહિતી મુજબની માહિતી આપેલ નથી. દાદાગીરી કરવામાં આવે છે. માહિતી આપવાય નથી. સુનાવણી યોગ્ય કાગળ આજ દિન સુધી માહિતી મળેલ નથી. અમારી માહિતી સ્પષ્ટતા સાથે ફોટોગ્રફ / વીડીયોગ્રફી પણ રજુ કરેલ છે. તમામ મુદ્દાની જાણકારી તમામ નજર સમક્ષ છે.''

જયારે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

'' અરજદાશ્રીએ સ્પષ્ટ માહિતી માંગેલ નથી. કાનુની સમજણ આપવાની બાબતને દાદાગીરી જણાવે છે. વિભાગને સહકાર આપતા નથી. RTI કાયદામાં ઉપલબ્ધ રેકર્ડ આપવાની જોગવાઈ છે. અરજદાર ભુતકાળની – અન્ય વિભાગોની કામગીરી યોગ્ય નથી – તે તમામ આકારણી વિભાગ હાલમાં – ઈનવેસ્ટીગેશન કરી તેઓ વિરૂધ્ધ પગલા લેવા જણાવે છે. – જે હાલના કાયદા વિરૂધ્ધ છે. ઈન્સપેકશન આપવા રાજી છીએ. ઉપલબ્ધ રેકર્ડ આપવા વાંધો નથી. – સ્પષ્ટ રજુઆત – માહિતી મંગાયે અમલ થઈ શકે તેમ છે. યોગ્ય હુકમ થઈ આવવા વિનંતી.''

અરજદારશ્રીની નમૂના ''ક'' ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે તેઓશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રી અવારનવાર એકસરખા જ પત્રથી માહિતી / નિરીક્ષણ આપવા જણાવે છે પરંતુ તેઓના નમૂના 'ક' નાં મુદ્દાઓ (સ્ટેપ) ધ્યાને લેતા, માહિતીની માંગણીના બદલે ફરીયાદો જ જણાતી હોય છે અને તે સ્ટેપમાં પણ પુનરાવર્તન થતું રહે છે. આજ રોજ પ્રથમ અપીલની સુનાવણીમાં અરજદારની નમૂના ' ક ' અને પ્રથમ અપીલ સંપૂર્ણપણે વંચાણે લેતા તેઓને ખરેખર જરૂરી અને ઉપયોગી માહિતી મળી રહે તે માટે તેઓને મુદ્દા / સ્ટેપ વાઈઝ સમજણ આપી કયા વિભાગ / ખાતામાંથી કઈ માહિતી મળી રહે તે માટે સંબધિત વિભાગ / ખાતાના જાહેર માહિતી અધિકારી પાસે માંગવા જોગ માહિતી નમૂના 'ક' માં તૈયાર કરી આપવા અરજદારને પ્રથમ અપીલ અધિકારી રૂબરૂ જ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આકારણી અધિકારીશ્રીએ દરખાસ્ત કરવા છતાં અરજદારશ્રી કોઈપણ પ્રકારનો સહયોગ કે સહકાર આપતા નથી. તેઓ અવારનવાર આ પ્રમાણે અરજીઓ કરતાં રહે છે અને જુદાજુદા ખાતાઓની કામગીરીનું ભારણ બિનજરૂરી વધારતા રહે છે. અરજદારશ્રીને બિનજરૂરી ધકકા ખાવા ન પડે અને સરળતાથી જોઈતી માહિતી ઉપલબ્ધ થઈ શકે તે માટે તેઓને માહિતી અધિકાર કાયદાની પૂરતી સમજણ આપવામાં આવ્યા છતાં તેઓ પોતાની જ અરજી ને વળગી રહે છે. જો તેઓની નમૂના ' ક ' ની અરજી ધ્યાને લેવામાં આવે તો,

(૧) જણાવેલ પ્લોટમાં આવેલ સ્ટેટસનાં કાગળ આપેલ નથી. મિલકત વિવાદસ્પદ જગ્યા તમારી કચેરી કયા તારીખે જાણકારી આપી–(અરજદાર કયા વિભાગમાં કયા પ્રકારનાં સ્ટેટસ તેવું કયાંય જણાવ્યું નથી.)

(૨) **<u>સ્ટેપ–૧</u>** માં જણાવેલ અધિકારીશ્રીઓ જાહેર માહિતી અધિકારી નથી. અને ખરીદ પરોત છેતરપીંડીની ફરિયાદ સુરત મહાનગરપાલિકાને લાગું પડતી નથી.

(૩) **<u>સ્ટેપ–૨</u>** માં જણાવેલ,

I. R.T.I અપીલ નં ૧૧૦૧ – ૨૦૧૮ વાસ્તવમાં ગુજરાત માહિતી આયોગને કરવામાં આવેલ અપીલ છે. જેમાં ગુજરાત માહિતી આયોગે તા.૦૬/૦૨/૨૦૧૮ નાં રોજ કરેલ નિર્ણય ધ્યાને લેતા પ્રતિવાદીઓમાં આકારણી અધિકારી કે પર્સોનલ ઓફિસર કે નોર્થઝોનના પ્રથમ અપીલ અધિકારીને જોડવામાં આવેલ નથી. અને વિવાદી શ્રી હસમુખભાઈ ધોળકીયાએ કરેલ દ્રિતીય અપીલ સમયમર્યાદા પહેલાની હોય "દફતરે" કરેલ છે.

II. R.T.I I.D - ૨૦૨૩, તા.૨૦/૧૨/૨૦૧૭ ના કામે અરજદારશ્રીએ કલમ૧૮(૧) હેઠળ કરેલ ફરીયાદ નં ૦૪૮૧–૨૦૧૮ માં અરજદારશ્રી એમ જણાવે છે કે R.T.I નાં ભંગ બદલ પેનલ્ટી કરવામાં આવી છે તથા સુનાવણીમાં હાજર રહેલ અધિકારીઓના નામ આપશો – પરંતુ સદર કામે થયેલ હુકમ ધ્યાને લેતા, હુકમમાં તેવી કોઈ પેનલ્ટી કરવામાં આવેલ નથી. તથા હાજર રહેલ અધિકારીઓના નામ હુકમમાં જણાવવામાં આવેલ છે જ. આમ, અરજદારને હુકમ થકી માહિતી મળેલ હોવા છતાં ગેરમાર્ગે દોરે છે અને બિનજરૂરી માહિતી માગે છે.

(૪) **<u>સ્ટેપ–૩</u>** R.T.I તા.૧૫/૧૨/૨૦૨૩ નમૂના 'ક' બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આકારણી અધિકારી દ્વારા તા.૩૦/૦૧/૨૦૨૪ થી પૂર્તતા કરવામાં આવેલ છે અને સદર કામે થયેલ પ્રથમ અપીલનાં કામે તા.૨૩/૦૨/૨૦૨૪ નાં રોજ નંબર એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં. ૨૬૨૧ થી હુકમ કરવામાં આવેલ છે. અરજદારશ્રી ઘનશ્યામ સેવા ટ્રસ્ટનો આર્થિક વ્યવહાર / ટેક્ષ હિસાબ છુપાવવા કારણ શું છે તેનો જવાબ આપ્યો ન હોવાનું જણાવે છે જે બાબત સુરત મહાનગરપાલિકાનાં કાર્યક્ષેત્રમાં આવતી નથી કે સુરત મહાનગરપાલિકાની તેવા આર્થિક વ્યવહારો ચકાસવાની સતા પણ નથી. અરજદારશ્રી તા.૧૫/૦૧/૨૦૨૪ ની નમૂના 'ક' ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આકારણી અધિકારીએ તા.૩૦/૦૧/૨૦૨૪ નાં રોજ પૂર્તતા કરી છે અને પ્રથમ અપીલ નાં કામે પણ તા.૧૨/૦૩/૨૦૨૪ નો રોજ હુકમ નંબર એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં. ૨૭૨૮ થી નિકાલ કરવામાં આવેલ છે.

(૫) **<u>સ્ટેપ–૪</u>** માં જણાવેલ આઈ.ડી ની નમૂના 'ક' ની અરજી ધ્યાને લેતા દ્રિતીય અપીલ માં પણ (ફરીયાદ નં.૦૮૧૧–૨૦૧૯ તથા ફરીયાદ નં.૦૮૩૩–૨૦૧૯ નાં કામે) જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીશ્રીએ કરેલ કાર્યવાહીને યોગ્ય ઠરાવવામાં આવેલ છે. અરજદારશ્રી જણાવે છે તેવું કોઈ GST કાગળ આદેશ જારી કરવામાં આવ્યું હોવાનો આદેશ અત્રેના રેકર્ડ પર નથી. કે GST / ઈન્કમ ટેક્ષની બાબત અત્રે લાગું પડતી નથી.

(૬) **<u>સ્ટેપ–૫</u>** માં જણાવ્યા મુજબ સહજાનંદ ટ્રસ્ટનાં સિકકા ખોટા કરાર શ્રી બાવચંદ વલ્લભ માલવીયા અને ઘનશ્યામ સુતરીયા સામે ફરીયાદની જરૂર હોવાની બાબત અત્રે લાગું પડતી નથી.

(૭) **<u>સ્ટેપ–૬</u>** માં જણાવ્યા મુજબ સોસાયટીના COP ને વેચાણ ને લગતી બાબત તથા અરજદારનાં હકક ડુબાડવાની બાબત આકારણી વિભાગને લાગત નથી.

(૮) <u>સ્ટેપ–૭</u> માં જણાવ્યા મુજબ અરજદારશ્રીએ શેરીમાં બનેલ DVD/ફોટોગ્રાફી સાથે જોડેલ હોવાનું જણાવેલ છે જે બાબત R.T.I ના કાર્યક્ષેત્રમાં નથી. અરજદારશ્રી આજરોજ રૂબરૂમાં પણ આકારણી વિભાગે ચેરીટી કમિશનરની કચેરીમાંથી પરવાનગી / માહિતી લેવાની રહે છે તેમ જણાવી ત્યાંથી માહિતી મેળવી તેઓને માહિતી પૂરી પાડવા જણાવે છે જે બાબતે તેઓને આકારણી વિભાગની કામગીરીની પૂરતી સમજણ આપવામાં આવેલ છે તથા આકારણી વિભાગે તેવી કોઈ પરવાનગી લેવાની રહેતી નથી કે અન્ય વિભાગ / અન્ય જાહેર સત્તામંડળમાંથી માહિતી એકત્રિત કરીને આપવાનું પ્રાવધાન R.T.I માં ન હોવાનું તેઓને રૂબરૂમાં સમજણ આપવામાં આવેલ છે.

(૯) <u>સ્ટેપ–૮</u> માં પણ ઉપરોકત હકીકત જણાવેલ છે. અરજદારશ્રીનાં જણાવ્યા મુજબની TORRENT POWER SERVICE NO બાબતે કે વિજળી બિલની બાબત આકારણી ખાતાને લાગત ન હોવાનું અરજદારશ્રીને આજરોજ રૂબરૂ સુનવણીમાં સ્પષ્ટ પણે જણાવેલ છે. તેથી તેવા કોઈ કાગળ / માહિતી આકારણી દફતરે રહેતી હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૧૦) <u>સ્ટેપ–૯</u> માં જણાવેલ મકાનો ટ્રસ્ટીઓએ ખરીદા હોવાની અને ચેરીટી કમિશનરની મંજૂરી વગરનાં દસ્તાવેજોની નોંધણી નહી કરવાની સૂચના હોવાનું જણાવે છે. શ્રી ઘનશ્યામ સેવા ટ્રસ્ટની માહિતી છુપાવવા હોવાનું જણાવે છે. અરજદારશ્રી સાથે આ બાબતે ચર્ચા કરતા ચેરીટી કમિશનરમાં આવું કોઈ ટ્રસ્ટ ડીડ રજીસ્ટર્ડ થયેલ ન હોવાનું જણાય છે. જે સઘળી બાબતો સુરત મહાનગરપાલિકાને સ્પર્શતી ન હોવાની અને જો ટ્રસ્ટ બોગસ હોય તો લાગત વિભાગને ફરીયાદ કરવાની સમજ અરજદારશ્રીને આપવામાં આવેલ છે.

(૧૧) <u>સ્ટેપ–૧૦</u> માં જણાવેલ નકલ ટ્રસ્ટની મિલકતો નું વેચાણ ટેક્ષ સર્વિસ બિલ વિગેરે બાબત સુરત મહાનગરપાલિકાનાં કાર્યક્ષેત્રમાં આવતી નથી. અરજદારશ્રી રૂબરૂમાં ઘનશ્યામ સેવા ટ્રસ્ટ પાસેથી માહિતી લઈને તેઓને આપવા જણાવે છે જે કાર્ય /સતા સુરત મહાનગરપાલિકાના આકારણી ખાતાને નથી. તેવું તેઓને રૂબરૂ સુનવણીમાં સ્પષ્ટપણે જણાવેલ છે.

(૧૨) <u>સ્ટેપ–૧૧</u> માં જણાવ્યા મુજબ પ્લાન અને BUC ની નકલ આકારણી ખાતાને લાગત નથી. જે શહેર વિકાસ ખાતાને લાગત હોય, સ્પષ્ટપણે શહેર વિકાસ ખાતાને અરજી કરવા અરજદારશ્રીને સમજ આપેલ છે. તથા FIRE NOC, FIRE SAFTY ની બાબત FIRE ખાતાને લાગત હોય ત્યાંથી નિરિક્ષણ કરી માહિતી મેળવી શકે છે. અપીલ નં.૧૭૮૮–૨૦૨૨ નાં કામે State Information Commissioner શ્રી નો હુકમ સ્વયં સ્પષ્ટ હોવા છતાં અરજદારશ્રી વારંવાર તે મુજબ લાગત જાહેર માહિતી અધિકારીશ્રીઓને અલગ અલગ અરજી ન કરતાં એક જ અરજી કરી બિન–જરૂરી ગુંચવાડો ઉપસ્થિત કરે છે. TORRENT POWER SERVICE NO ની બાબત કે સોદાચીટ્ઠી, સાટાખર્ચ, બાનાખતનાં લખાણો જેવાં રેકર્ડ કે જે સુરત મહાનગરપાલિકાનાં દફતરે નિભાવવાનો રહેતા ન હોય કે રજુ થતા ન હોય, R.T.I હેઠળ આપી શકવા આકારણી અધિકારી સક્ષમ નથી.

ઉપરોકત તમામ બાબતો ધ્યાને લેતા અરજદારશ્રીને મુદ્દા / સ્ટેપ વાઈઝ ચર્ચા કરી સમજ આપવામાં આવેલ અને રૂબરૂ સુનાવણી તબકકે જ લાગત વિભાગ / ખાતાનાં જાહેર માહિતી અધિકારને નમૂના 'ક' ની કરવા જોગ અરજી પણ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આકારણી અધિકારીશ્રી દ્વારા સ્વયં તૈયાર / લખી આપવા જણાવેલ છતાં અરજદારશ્રીએ કોઈ સાથ સહકાર આપેલ નથી. અને તેથી અરજદારશ્રીને ખરેખર કઈ માહિતીની જરૂર છે તે સ્પષ્ટ થતું ના હોય, અરજદારશ્રી દ્વારા વારંવાર કરવામાં આવતી R.T.I અરજીઓનાં પ્રશ્નોનો આખરી નિવેડો આવી શકે તેમ નથી. જેથી તેઓની નમૂના 'ક' ની અરજી અન્વયેની પ્રથમ અપીલમાં વિશેષ હુકમ કરવાનો રહેતો નથી.

ઉપરોકત હુકમથી અરજદારશ્રી નારાજ હોય તો, અરજદારશ્રી ૯૦(નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન દ્વિતીય અપીલ કરી શકે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા,
પ્રતિ.....અપીલ અરજી અન્વયે ઉપરોકત હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(બી.બી.મોરે)
અપીલ અધિકારી અને
આસી. મ્યુનિ.કમિશનર

ટેલીફોન નં. ૨૪૮૦૫૧૮
ફેક્ષ નં. ૦૨૬૧–૨૪૮૬૩૦૦
Email:amc.nz@suratmunicipal.org
વહીવટી ભવન, નોર્થઝોન(કતારગામ)
રામજી કૃપા રો–હાઉસની બાજુમાં,
ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૧૭,
તા.૨૪/૦૫/૨૦૨૪

અરજદારઃ– શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા

સામાવાળાઃ– (૧) શ્રી કે.એમ. રાઠોડ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારી નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ હસમુખભાઈ વી. ધોળકીયાની નોર્થઝોન આઈ.ડી.નં.૯૨, તા.૨૯/૦૪/૨૦૨૪ (મૂળ આઈ ડી નં.૧૩૯, તા.૨૪/૦૪/૨૦૨૪)ની અરજીથી સ્ટેપ નં–૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની તા.૨૪/૦૫/૨૦૨૪ ની અપીલ નં. NZ/SMC/FAP/નં.૧૭/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૯૨, તા.૨૯/૦૪/૨૦૨૪ (મૂળ આઈ ડી નં.૧૩૯, તા.૨૪/૦૪/૨૦૨૪)

અરજદારશ્રી હસમુખભાઈ વી. ધોળકીયાની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૨૯/૦૪/૨૦૨૪ નાં રોજ દાખલ થયેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૯૨ થી નોંધાયેલ છે. જેનો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં.એન.ઝેડ /એ.આર.ડી. /આઉટ /નં. ૧૯૮, તા.૦૩/૦૬/૨૦૨૪થી "માંગેલ માહિતીના સદર મુદ્દા અન્વયે જણાવવાનું કે, સદર માહિતી ત્રાહિત વ્યકિતની વ્યાખ્યામાં પડતી હોવાથી ગુજરાત માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૮(૧)(ઠ) મુજબ સદર માહિતી આપી શકાય તેમ નથી. જેથી માહિતી નીલ છે. " મુજબનો પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ.

જાહેર માહિતિ અધિકારી ધ્વારા જવાબ ન પાઠવ્યાનો આક્ષેપ કરી અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૧૭, તા.૨૪/૦૫/૨૦૨૪ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરી.

અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૦૫ માં પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા અને માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૪૦૬, તા.૦૧/૦૬/૨૦૨૪ થી જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૨૧૦, તા.૦૬/૦૬/૨૦૨૪ થી પૂર્તતા કરવામાં આવેલ.

અરજદારશ્રીની તા.૨૪/૦૫/૨૦૨૪ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૦૧/૦૬/૨૦૨૪ નાં પત્ર નં. એન.ઝેડ/આરટીઆઈ/આઉટ/૪૦૬ થી પત્ર પાઠવી તા.૧૦/૦૬/૨૦૨૪ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. પરંતુ સદર તારીખે અંગત કારણસર અરજદારશ્રી હાજર રહી શકે તેમ ના હોય, તેઓશ્રીની ફેર રૂબરૂ સુનાવણી અર્થેની તા.૦૯/૦૬/૨૦૨૪ નાં રોજની ઈ મેઈલ રજુઆતને ધ્યાને રાખી તા.૧૪/૦૬/૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ફેર રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ જેની જાણ અરજદારશ્રીને તા.૧૦/૦૬/૨૦૨૪ ના રોજ ઈ મેઈલ દ્વારા કરવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી અને આકારણી

ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી કે.એમ. રાઠોડ હાજર રહેલ હતા. રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીએ નીચે મુજબની રજુઆત કરેલ.

"સ્ટેપ–૬ / સ્ટેપ–૭ માં જે માહિતી રજુ થયેલ છે. રેકોર્ડ નીરીક્ષણ મુજબ માહિતી રજુ કરશો જે કાગળ મળેલ તે માહિતી યોગ્ય જણાતી નથી. ભુમાફીયા પ્રોત્સાહન આપશો નહી. સામાન્ય નાગરીકને યોગ્ય માહિતી પ્રેસ કરશો. નમુના (ક) મુજબ."

જયારે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

"સદર કામે આજરોજ અપીલ સુનાવણી દરમ્યાન થયેલ ચર્ચા અનુસાર અરજદારશ્રીને મૂળ ID ના કામે વધુ–ફર્ધર જવાબ આપવા જોગ છે. જેથી અપીલ અધિકારીશ્રીની પરવાનગીથી વધુ જવાબ અરજદારશ્રીને પાઠવવા દીન–૩૦ નો સમય આપવા યોગ્ય હુકમ ફરમાવવા વિનંતી."

અરજદારશ્રીની નમૂના "ક" ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે તેઓશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

મુદ્દા નં. ૬ લાગત જાહેર માહિતી અધિકારીશ્રીને તબદીલ કરવી. મુદ્દા નં. ૭ બાબતે નમુના–ક માં માંગણી કરેલ માહિતી સ્પષ્ટ જણાતી નથી. જેથી અપીલમાં રૂબરૂ ચર્ચા કરતા પણ અરજદારશ્રી સહયોગ આપતા ન હોવાથી સ્પષ્ટ થતું નથી પરંતુ અરજદારશ્રીને જે મુજબની માહિતી / કાગળ જોઈએ છે તે નિરીક્ષણ દરમ્યાન જણાયેલ ન હોવાનું અને તેઓના જ જણાવ્યા મુજબ સહજાનંદ ટ્રસ્ટ બોગસ હોવાનું / રજીસ્ટર થયેલ ન હોવાનું અને તેની ખરાઈ કરવા અરજદાર જણાવતા હોવાનું ચર્ચામાં ફલિત થાય છે. જે માહિતી અધિકારના કાર્યક્ષેત્રમાં આવતું નથી. અરજદારશ્રીને સદર બાબતે સંબધિત વિભાગને રજુઆત કરવા સમજણ આપી છે. જેથી મુદ્દા નં. ૭ બાબતે વિશેષ હુકમ કરવાનો રહેતો નથી.

ઉપરોકત હુકમથી અરજદારશ્રી નારાજ હોય તો, અરજદારશ્રી ૯૦(નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન દ્વિતીય અપીલ કરી શકે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા,
પ્રતિ.....અપીલ અરજી અન્વયે ઉપરોકત હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(બી.બી.મોરે)
અપીલ અધિકારી અને
આસી. મ્યુનિ.કમિશનર

ટેલીફોન નં. ૨૪૮૦૫૧૮
ફેક્ષ નં. ૦૨૬૧–૨૪૮૬૩૦૦
Email:amc.nz@suratmunicipal.org
વહીવટી ભવન, નોર્થઝોન(કતારગામ)
રામજી કૃપા રો–હાઉસની બાજુમાં,
ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૧૮,
તા.૦૧/૦૭/૨૦૨૪

અરજદારઃ– શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા

સામાવાળાઃ– (૧) શ્રી કે.એમ. રાઠોડ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારી નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ આપશ્રીની નોર્થઝોન આઈ.ડી.નં.૧૬૦, તા.૩૧/૦૫/૨૦૨૪ (મૂળ આઈ ડી નં.૬૯, તા.૨૮/૦૫/૨૦૨૪)ની અરજીથી મુદ્દા નં. –૧ થી ૧૦ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની તા.૦૧/૦૭/૨૦૨૪ ની અપીલ નં. NZ/SMC/FAP/નં.૧૮/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૧૬૦, તા.૩૧/૦૫/૨૦૨૪ (મૂળ આઈ ડી નં.૬૯, તા.૨૮/૦૫/૨૦૨૪)

અરજદારશ્રી હસમુખભાઈ વી. ધોળકીયાની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૩૧/૦૫/૨૦૨૪ નાં રોજ દાખલ થયેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૧૬૦ થી નોંધાયેલ છે. જેનો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં.એન.ઝેડ /એ.આર.ડી. /આઉટ /નં. ૨૩૯, તા.૨૯/૦૬/૨૦૨૪થી " અરજદારશ્રી હસમુખભાઈ વી. ધોળકીયા દ્વારા આર.ટી.આઈ. એકટ – ૨૦૦૫ હેઠળ વર્ષ ૨૦૧૭–૨૦૧૮ થી આજ દિન સુધી કરવામાં આવેલ દરેક અરજીઓનો મુદ્દા વાઈઝ સંક્ષિપ્ત પ્રત્યુતર પાઠવેલ. "

સ્પષ્ટ વિગતો સાથે આજ સુધી આપેલ આરટીઆઈ અરજીઓનો યોગ્ય નિકાલ કરવામાં આવેલ ન હોવાનું અને જાહેર માહિતિ અધિકારી જાણી જોઈને યોગ્ય માહિતી આપી ન હોવાનું જણાવી અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૧૮, તા.૦૧/૦૭/૨૦૨૪ નાં રોજ દાખલ કરી સંપૂર્ણ માહિતી પૂરી પાડવા અપીલ કરી.

અરજદારશ્રીની તા.૦૧/૦૭/૨૦૨૪ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૦૨/૦૭/૨૦૨૪ નાં પત્ર નં. એન.ઝેડ/આરટીઆઈ/આઉટ/૫૩૪ થી પત્ર પાઠવી તા.૨૪/૦૭/૨૦૨૪ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી અને આકારણી ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી કે.એમ. રાઠોડ હાજર રહેલ હતા.

રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીએ નીચે મુજબની રજુઆત કરેલ.

"PIO તમામ RTI વિગત લખી આપેલ છે. પણ આ અરજી હેઠળ કયા મુદ્દાનો જવાબ છે તે લખેલ નથી. તે માહિતી રજુ કરેલ તેમાં મુદ્દા નંબર આપશો."

જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

"અરજદારની આજદીન સુધી ની તમામ RTI ID - ઓ સંબધે વખતો વખત RPAD કરેલ છે. ઈન્સપેકશન પણ આપેલ છે. – માહિતી પૂર્તતા કરવા સંપૂર્ણ સહકાર આપેલ છે. – મુખ્યત્વે અરજદારની રજુઆત – રાજયપાલશ્રી રૂબરૂની છે. –

સ્પેશીફીક – આકારણી વિભાગની નહી – અત્રેના સ્પેશીફીક મુદ્દાઓ જણાવ્યે માહિતી પુરી પાડી શકાય તેમ છે. યોગ્ય હુકમ તે ફરમાવશોજી.''

અરજદારશ્રીને રૂબરૂમાં પૃચ્છા કરતા તેઓએ તેમની અરજી સ્વયં સ્પષ્ટ હોવાનું અને આકારણી ખાતાની માહિતી માંગી ન હોવાનું જણાવેલ છે. અરજદારશ્રીની નમૂના ''ક'' ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે બન્ને પક્ષકારોની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રીની નમૂના ''ક'' ની અરજી ધ્યાને લેતા આકારણી અને વસુલાત ખાતાના રેકર્ડ / માહિતીની માંગણી કરી હોવાનું સ્પષ્ટ થતું નથી. અરજદારશ્રી રૂબરૂમાં પણ અત્રેના આકારણી અને વસુલાત ખાતાની માહિતીની માંગણી કરી ન હોવાનું જણાવતા તેઓની નમૂના ''ક'' ની અરજી અન્વયેની પ્રથમ અપીલમાં વિશેષ હુકમ કરવાનો રહેતો નથી.

ઉપરોકત હુકમથી અરજદારશ્રી નારાજ હોય તો, અરજદારશ્રી ૯૦(નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન દ્વિતીય અપીલ કરી શકે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા,
પ્રતિ.....અપીલ અરજી અન્વયે ઉપરોકત હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(બી.બી.મોરે)
અપીલ અધિકારી અને
આસી. મ્યુનિ.કમિશનર

ટેલીફોન નં. ૨૪૮૦૫૧૮
ફેક્ષ નં. ૦૨૬૧–૨૪૮૬૩૦૦
Email:amc.nz@suratmunicipal.org
વહીવટી ભવન, નોર્થઝોન(કતારગામ)
રામજી કૃપા રો–હાઉસની બાજુમાં,
ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૧૯,
તા.૦૩/૦૭/૨૦૨૪

અરજદારઃ– શ્રી મિહિર પટેલ

સામાવાળાઃ– (૧) શ્રીમતી મીનાબેન ભીટોરા, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ અરજદારશ્રી મિહિર પટેલની નોર્થઝોન આઈ.ડી.નં.૧૯૯, તા.૧૦/૦૬/૨૦૨૪ (મૂળ આઈ ડી નં. ૫૨૩, તા.૦૬/૦૬/૨૦૨૪)ની અરજીથી ઝોનલ ચીફ, ઝોનલ અધિકારીશ્રીઓ, કાર્યપાલક ઈજનેરશ્રી, ડેપ્યુટી ઈજનેરશ્રી, નાયબ ઈજનેરશ્રી, જુનિયર ઈજનેરશ્રી તેમજ આસિસ્ટન્ટ ઈજનેરશ્રીઓની માંગેલ વિગતો આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા.૦૩/૦૭/૨૦૨૪ ની NZ/SMC/FAP/નં.૧૯/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૧૯૯, તા.૧૦/૦૬/૨૦૨૪ (મૂળ આઈ ડી નં. ૫૨૩, તા.૦૬/૦૬/૨૦૨૪)

અરજદારશ્રી મિહિર પટેલની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૧૦/૦૬/૨૦૨૪ નાં રોજ દાખલ કરેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૧૯૯ થી નોંધાયેલ છે. જેનો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નોર્થઝોન/મહેકમ/આઉટ/નં.૧૧૧૩, તા.૨૯/૦૬/૨૦૨૪થી "મુદ્દા નં. ૨ અને ૩ ની માંગેલ માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પર ઝોનવાઈઝ તમે જોઈ શકો છો." મુજબનો પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ. તથા "મુદ્દા નં. ૪ અને ૫ ની માંગેલ માહિતી માટે નાણા ભરવા જણાવેલ."

જાહેર માહિતિ અધિકારી ધ્વારા પ્રાપ્ત જવાબથી નાસંતુષ્ટ હોય, અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૧૯, તા.૦૩/૦૭/૨૦૨૪ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરતા.

અરજદારશ્રીની તા.૦૩/૦૭/૨૦૨૪ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૦૩/૦૭/૨૦૨૪ નાં પત્ર નં. એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૫૩૭ થી પત્ર પાઠવી તા.૨૪/૦૭/૨૦૨૪ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી ગેરહાજર રહેલ હતા અને મહેકમ ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રીમતી મીનાબેન ભીટોરા હાજર રહેલ હતા. રૂબરૂ સુનાવણીમાં જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

''અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં. ૨ થી ૫ ની માહિતી તા.૨૯/૦૬/૨૦૨૪ નાં રોજ આપવામાં આવેલ છે. વધુમાં તા.૦૮/૦૭/૨૦૨૪ થી નોર્થઝોન/મહેકમ/આઉટ/નં.૧૨૩૦ થી પાના નંગ ૪ નાં આઠ રૂપિયા ભર્યેથી નકલ પૂરી પાડવામાં આવેલ છે.''

અરજદારશ્રીની નમૂના "ક" ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે તેઓશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા માંગેલ માહિતી પૈકી મુદ્દા નં–૨ અને ૩ ની માહિતી માટે યથાયોગ્ય પૂર્તતા કરવામાં આવેલ છે તથા મુદ્દા નં–૪ અને ૫ ની માહિતી માટે નાણાં ભરવા જણાવેલ જે અન્વયે અરજદારશ્રીએ માહિતી નાં નાણાં રૂ.૦૮/– રસીદ નં–૪૦૦/૬, તા.૦૩/૦૭/૨૦૨૪ થી ભરેલ જે અન્વયે અરજદારશ્રીને માહિતીનાં પાના નંગ ૦૪ તા.૦૮/૦૭/૨૦૨૪નાં પત્ર થી ટપાલ દ્વારા મોકલી આપવામાં આવેલ છે. વધુમાં અરજદારશ્રીને રૂબરૂ સુનાવણીની તક આપેલ હોય પરંતુ તેઓશ્રી હાજર રહેલ ના હોય, તેઓશ્રીને માહિતીની જરૂર ના હોય તેવુ સમજી સદર પ્રથમ અપીલ અરજી અત્રેથી દફતરે કરવામાં આવે છે.

ઉપરોકત હુકમથી અરજદારશ્રી નારાજ હોય તો, અરજદારશ્રી ૯૦(નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન દ્વિતીય અપીલ કરી શકે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી મિહિર પટેલ,
પ્રતિ..... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(બી.બી.મોરે)
અપીલ અધિકારી અને
આસી. મ્યુનિ.કમિશનર

ટેલીફોન નં. ૨૪૮૦૫૧૮
ફેક્ષ નં. ૦૨૬૧–૨૪૮૬૩૦૦
Email:amc.nz@suratmunicipal.org
વહીવટી ભવન, નોર્થઝોન(કતારગામ)
રામજી કૃપા રો–હાઉસની બાજુમાં,
ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૨૦,
તા.૨૪/૦૭/૨૦૨૪

અરજદારઃ– શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા

સામાવાળાઃ– (૧) શ્રી કે.એમ. રાઠોડ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારી નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ હસમુખભાઈ વી. ધોળકીયાની નોર્થઝોન આઈ.ડી.નં.૨૪૧, તા.૨૧/૦૬/૨૦૨૪ (મૂળ આઈ ડી નં.૬૨૪, તા.૧૮/૦૬/૨૦૨૪)ની અરજીથી મુદ્દા નં. –૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની તા.૨૪/૦૭/૨૦૨૪ ની અપીલ નં. NZ/SMC/FAP/નં.૨૦/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૨૪૧, તા.૨૧/૦૬/૨૦૨૪ (મૂળ આઈ ડી નં.૬૨૪, તા.૧૮/૦૬/૨૦૨૪)

અરજદારશ્રી હસમુખભાઈ વી. ધોળકીયાની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૨૧/૦૬/૨૦૨૪ નાં રોજ દાખલ થયેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૨૪૧ થી નોંધાયેલ છે. જેનો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં.એન.ઝેડ /એ.આર.ડી. /આઉટ /નં. ૨૪૬, તા.૦૪/૦૭/૨૦૨૪થી "માંગેલ માહિતી અત્રેના આકારણી અને વસુલાત વિભાગમાં નિભાવવામાં આવતી નથી. જેથી માહિતી નીલ છે." મુજબનો પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ.

જાહેર માહિતિ અધિકારી ધ્વારા જવાબ ન પાઠવ્યાનો આક્ષેપ કરી અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૨૦, તા.૨૪/૦૭/૨૦૨૪ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરી.

અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૦૫ માં પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા અને માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૬૬૦, તા.૩૦/૦૭/૨૦૨૪ થી જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૨૭૧, તા.૦૩/૦૮/૨૦૨૪ થી પૂર્તતા કરવામાં આવેલ.

અરજદારશ્રીની તા.૨૪/૦૭/૨૦૨૪ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૩૦/૦૭/૨૦૨૪ નાં પત્ર નં. એન.ઝેડ/આરટીઆઈ/આઉટ/૬૬૦ થી પત્ર પાઠવી તા.૧૬/૦૮/૨૦૨૪ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી અને આકારણી ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી કે.એમ. રાઠોડ હાજર રહેલ હતા. રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીએ નીચે મુજબની રજુઆત કરેલ.

"૦૯/૧૧/૨૦૧૬ થી ૧૬/૦૮/૨૦૨૪ ની વચ્ચે તમામ માહિતી ઉભી રાખેલ છે. માહિતી મળતી ન હોય અને ભુમાફીયા ના માણસો અમારી રેકી કરતા હોય આ સમય નોર્થઝોનની માહિતી સીસીટીવી ની માંગેલ છે. આ બાબત સીસીટીવી તમામ ખુલાસો આપશે. સીસીટીવી મળવાથી તમામ ખુલાસો જરૂરી છે."

જયારે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

"સદર ID ના કામે સ્પષ્ટ જવાબ આપેલ છે. અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી – વિભાગમાં નિભાવવામાં આવતી નથી – કાર્યક્ષેત્રમાં આવતી નથી. જેથી માહિતી નીલ છે. જેથી અરજદારશ્રીની રજુઆત વ્યાજબી ના હોય અરજી દફતરે કરવા જોગ છે. તે મુજબનો હુકમ ફરમાવશોજી."

અરજદારશ્રીની નમૂના "ક" ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે તેઓશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રીએ માંગેલ માહિતી અન્વયે આકારણી વિભાગના અધિકારીની ચેમ્બરમાં CCTV જ નથી. ત્યારે "માહિતી" જ ન હોવાથી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. CCTV બાબતે રૂબરૂ સુનાવણીમાં સમજણ આપવામાં આવી છે. તે મુજબ અપીલકર્તા અરજદારે લાગત જાહેર માહિતી અધિકારીશ્રીને નમૂના "ક" માં અરજી કરવાથી તેઓને માહિતી મળી શકે છે. આ નમૂના "ક" ની અરજી / પ્રથમ અપીલ બાબતે અત્રેથી વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

ઉપરોકત હુકમથી અરજદારશ્રી નારાજ હોય તો, અરજદારશ્રી ૯૦(નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન દ્વિતીય અપીલ કરી શકે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા,
પ્રતિ.....અપીલ અરજી અન્વયે ઉપરોકત હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(બી.બી.મોરે)
અપીલ અધિકારી અને
આસી. મ્યુનિ.કમિશનર

ટેલીફોન નં. ૨૪૮૦૫૧૮
ફેક્ષ નં. ૦૨૬૧–૨૪૮૬૩૦૦
Email:amc.nz@suratmunicipal.org
વહીવટી ભવન, નોર્થઝોન(કતારગામ)
રામજી કૃપા રો–હાઉસની બાજુમાં,
ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૨૧,
તા.૦૬/૦૮/૨૦૨૪

અરજદારઃ– શ્રી બેગ મુસ્તાક હુસેનભાઈ

સામાવાળાઃ– (૧) શ્રી કે.એમ. રાઠોડ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારી નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ બેગ મુસ્તાક હુસેનભાઈની નોર્થઝોન આઈ.ડી.નં.૨૭૦, તા.૦૪/૦૭/૨૦૨૪ (સિવિક ઈન નં.૧૪૬, તા.૦૪/૦૭/૨૦૨૪)ની અરજીથી સિલ કરવામાં આવેલ કોર્મશિયલ વસવાટ/વપરાશ કરતા ડોમમાં નોર્થઝોન આકારણી કરેલ હોય તો તેની માહિતી, મૂળ ફાઈલના નિરીક્ષણ અર્થે સમય ફાળવી આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની તા.૦૬/૦૮/૨૦૨૪ ની અપીલ નં. NZ/SMC/FAP/નં.૨૧/૨૦૨૪–૨૫
અરજદારની પ્રથમ અપીલ અરજી અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૦૫ માં પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા અને માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૧૪૬૪, તા.૧૮/૦૧/૨૦૨૫ થી જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૪૪૪, તા.૨૨/૦૧/૨૦૨૫ થી પૂર્તતા કરવામાં આવેલ.

અરજદારશ્રીની તા.૧૫/૦૧/૨૦૨૫ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૧૮/૦૧/૨૦૨૫ નાં પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૧૪૬૪ થી પત્ર પાઠવી તા.૦૧/૦૨/૨૦૨૫ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી ગેરહાજર રહેલ હતા અને આકારણી ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી કે.એમ. રાઠોડ હાજર રહેલ હતા.

રૂબરૂ સુનાવણીમાં જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

"અરજદારશ્રીને યોગ્ય તે જવાબ પાઠવેલ છે. તેઓને નિયમોનુસાર – ઉપલબ્ધ – પાર્ટી સ્ટેટસ – યોગ્ય નાણા જમા કરાવ્યે – આપવામાં આવેલ છે. વધુ કાઈ રજુઆત અરજદારશ્રીની ન હોય–ફોર્મલ–અપીલ દાખલ કરેલ હોય નીકાલ કરવા યોગ્ય હુકમ ફરમાવશોજી."

અરજદારશ્રીની નમૂના "ક" ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે તેઓશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રીએ કરેલ પ્રથમ અપીલમાં જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીશ્રીના કયા નિર્ણયથી નારાજ છે / કઈ માહિતી છુપાવી છે તે સ્પષ્ટ થતું નથી. જાહેર માહિતી અધિકારીશ્રીએ કરેલ પૂર્તતા યોગ્ય હોવાનું અનુમાની વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી. પરંતુ મુદ્દા નં. ૬ બાબતે આકારણીની વિગત દર્શાવતું અસલપત્રકની નકલ વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ)ને હુકમ કરવામાં આવે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી મુકેશભાઈ બી. પટેલ,
પ્રતિ..... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(બી.બી.મોરે)
અપીલ અધિકારી અને
આસી. મ્યુનિ.કમિશનર

ટેલીફોન નં. ૨૪૮૦૫૧૮
ફેક્ષ નં. ૦૨૬૧–૨૪૮૬૩૦૦
Email:amc.nz@suratmunicipal.org
વહીવટી ભવન, નોર્થઝોન(કતારગામ)
રામજી કૃપા રો–હાઉસની બાજુમાં,
ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૪૩,
તા.૧૫/૦૧/૨૦૨૫

અરજદારઃ– શ્રી મુકેશભાઈ બી. પટેલ

સામાવાળાઃ– (૧) શ્રી કે.એમ. રાઠોડ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુકેશભાઈ બી. પટેલની નોર્થઝોન આઈ.ડી.નં.૬૪૭, તા.૨૭/૧૧/૨૦૨૪ (મૂળ આઈ ડી નં.૧૮૯૯, તા.૨૨/૧૧/૨૦૨૪)ની અરજીથી ટી.પી.૩૫, પ્લોટ નં.૯૦, ૯૧ અયોધ્યાનગરી સોસાયટી, કતારગામ, સદરહું મિલ્કત બાંધકામનો પ્લાન મંજૂર કરેલ હોય તે સમયના છેલ્લા વેરાબીલ ભર્યાની રસીદની નકલ હાલના વેરાબીલની નકલ તથા વેરાબીલમાં નામ ફેરબદલી અરજી સાથે મુકાયેલ જરૂરી દસ્તાવેજી પુરાવાઓની અને જુની તથા નવી કરાવેલ આકારણીની સંપૂર્ણ વિગત મુજબની નકલ વિગેરે માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા.૧૫/૦૧/૨૦૨૫ ની NZ/SMC/FAP/નં.૪૩/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૬૪૭, તા.૨૭/૧૧/૨૦૨૪ (મૂળ આઈ ડી નં.૧૮૯૯, તા.૨૨/૧૧/૨૦૨૪)

અરજદારશ્રી મુકેશભાઈ બી. પટેલની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૨૭/૧૧/૨૦૨૪ નાં રોજ દાખલ કરેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૬૪૭ થી નોંધાયેલ છે. જેનો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં.એન.ઝેડ /એ.આર.ડી. /આઉટ /નં. ૩૮૩, તા.૦૨/૧૨/૨૦૨૪થી " માંગેલ માહિતીના સદર મુદ્દા અન્વયે જણાવવાનું કે, પાર્ટી સ્ટેટસના પાના નંગ–૨ ના રૂા ૪/– અત્રેના ઝોનના નાગરિક સુવિધા કેન્દ્રમાં કચેરીના ચાલુ કામકાજના સમય દરમ્યાન દિન–૦૭ (સાત)માં ભરી તેની રસીદની નકલ અત્રે રજુ કર્યેથી રૂબરૂ માહિતી પુરી પાડવામાં આવશે. જેની જાણ અરજદારને કરીએ." મુજબનો પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ. વધુમાં જાહેર માહિતી અધિકારીશ્રીનાં પાઠવેલ પ્રત્યુતર અન્વયે અરજદારશ્રીએ માહિતી નાં નાણાં રૂ.૦૪/– રસીદ નં–૩૦૦/૬૯, તા.૧૧/૧૨/૨૦૨૪ થી ભરેલ જે અન્વયે અરજદારશ્રીને તા.૧૭/૦૧/૨૦૨૫નાં રોજ રૂબરૂ માહિતી પૂરી પાડેલ છે.

જાહેર માહિતિ અધિકારી ધ્વારા માહિતી છુપાવ્યાનો આક્ષેપ કરી અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૪૩, તા.૧૫/૦૧/૨૦૨૫ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરતા.

અરજદારની પ્રથમ અપીલ અરજી અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૦૫ માં પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા અને માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૧૪૬૫, તા.૧૮/૦૧/૨૦૨૫ થી જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૪૪૫, તા.૨૨/૦૧/૨૦૨૫ થી પૂર્તતા કરવામાં આવેલ.

અરજદારશ્રીની તા.૧૫/૦૧/૨૦૨૫ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૧૮/૦૧/૨૦૨૫ નાં પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૧૪૬૫ થી પત્ર પાઠવી તા.૦૧/૦૨/૨૦૨૫ નાં રોજ સવારે ૧૧:૪૫ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી ગેરહાજર રહેલ હતા અને આકારણી ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી કે.એમ. રાઠોડ હાજર રહેલ હતા.

રૂબરૂ સુનાવણીમાં જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

"અરજદારશ્રીને તેઓની માંગણી મુજબ પાર્ટી સ્ટેટસ – નાણા ભરી પુડા પાડેલ. ફોર્મલ–અપીલ દાખલ કરેલ હોય યોગ્ય તે હુકમ થઈ આવવા હુકમ ફરમાવશોજી."

અરજદારશ્રીની નમૂના "ક" ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે તેઓશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રીએ કરેલ પ્રથમ અપીલમાં જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારીશ્રીના કયા નિર્ણયથી નારાજ છે / કઈ માહિતી છુપાવી છે તે સ્પષ્ટ થતું નથી. જાહેર માહિતી અધિકારીશ્રીએ કરેલ પૂર્તતા યોગ્ય હોવાનું અનુમાની વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી. પરંતુ મુદ્દા નં. ૬ બાબતે આકારણીની વિગત દર્શાવતું અસલપત્રકની નકલ વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ આપવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ)ને હુકમ કરવામાં આવે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી મુકેશભાઈ બી. પટેલ,
પ્રતિ..... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(બી.બી.મોરે)
અપીલ અધિકારી અને
આસી. મ્યુનિ.કમિશનર

ટેલીફોન નં. ૨૪૮૦૫૧૮
ફેક્ષ નં. ૦૨૬૧–૨૪૮૬૩૦૦
Email:amc.nz@suratmunicipal.org
વહીવટી ભવન, નોર્થઝોન(કતારગામ)
રામજી કૃપા રો–હાઉસની બાજુમાં,
ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૪૫,
તા.૦૫/૦૨/૨૦૨૫

અરજદારઃ– શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા

સામાવાળાઃ– (૧) શ્રી કે.એમ. રાઠોડ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ સુરેશભાઈ છગનભાઈ ચોટલીયાની નોર્થઝોન આઈ.ડી.નં.૮૦૨, તા.૦૬/૦૧/૨૦૨૫ (સિવિક ઈન નં.૪૨૭, તા.૦૬/૦૧/૨૦૨૫)ની અરજીથી તા.૨૯/૧૨/૨૦૨૪ ના રોજ ઓનલાઈન અરજી કરેલ છે. નામફેર માટેની અરજી કર્યા તા.૦૯/૦૪/૨૦૨૪ ટેના નં.૧૯એફ–૨૯–૬૮૩૧–૦–૦૦૧ તેના તા.૦૯/૦૪/૨૦૨૪ના રોજ પૈસા પણ ભર્યા છે. તો તેમાં આજ દિન સુધી નામફેર થયેલ નથી. તો તમારાથી નામફેર ન થતુ હોય તો તેમો તેના પૈસા શા માટે લો છો તો તેનો લેખીતમાં માહિતી આપવી. જો કોર્ટનો હુકમ હોય નામફેર આમા ન કરવાનુ તો હાલના કોર્ટની હુકમની નકલ આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા.૦૫/૦૨/૨૦૨૫ ની NZ/SMC/FAP/નં.૪૫/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૮૦૨, તા.૦૬/૦૧/૨૦૨૫ (સિવિક ઈન નં.૪૨૭, તા.૦૬/૦૧/૨૦૨૫)

અરજદારશ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયાની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૦૫/૦૨/૨૦૨૫ નાં રોજ દાખલ કરેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૮૦૨ થી નોંધાયેલ છે. જેનો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં.એન.ઝેડ /એ.આર.ડી. /આઉટ /નં. ૪૫૪, તા.૦૧/૦૨/૨૦૨૫થી " આપશ્રીએ માંગેલ માહિતીના સદર મુદ્દાઓ અન્વયે જણાવવાનું કે, સરખા વિષયોકત વસ્તુ–સંબંધે ભુતકાળમાં નં.એન.ઝેડ/ એ.આર.ડી./આઉટ/ ૪૦૦, તા.૦૬/૧૨/૨૪ના રોજ એન.ઝેડ.આઈ.ડી. નં.૬૨૦, તા.૨૦/૧૧/૨૪ અનુસંધાને જવાબ પાઠવવામાં આવેલ જ છે. ઉપરાંત લાગત પાર્ટ–હર્ડ કેસોમાં પેનલ એડવોકેટશ્રીનો સદર બાબતે નામફેર–આકારણી સંબંધે કોઈ વહીવટી પ્રક્રીયા કરી શકાય કે કેમ? તે સંબંધેનો લિગલ ઓપીનીયન પણ માંગેલ છે. જે અત્રેના વિભાગને મળ્યે વધુ માહિતી પુરી પાડી શકાય તેમ છે. જે આપની જાણ સારૂં." મુજબનો પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ.

જાહેર માહિતિ અધિકારી ધ્વારા આપેલ પ્રત્યુતરથી નારાજ થઈ અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૪૫, તા.૦૫/૦૨/૨૦૨૫ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરતા.

અરજદારની પ્રથમ અપીલ અરજી અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૦૫ માં પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા અને માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૧૬૦૨, તા.૦૫/૦૨/૨૦૨૫ થી જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૪૬૨, તા.૧૧/૦૨/૨૦૨૫ થી પૂર્તતા કરવામાં આવેલ.

અરજદારશ્રીની તા.૦૫/૦૨/૨૦૨૫ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૦૫/૦૨/૨૦૨૫ નાં પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૧૬૦૨ થી પત્ર પાઠવી તા.૨૫/૦૨/૨૦૨૫ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી અને આકારણી ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી કે.એમ. રાઠોડ હાજર રહેલ હતા.

રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

''આજરોજ રૂબરૂ સુનાવણીમાં જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ સમજણથી મને સંતોષ છે.''

જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

''અરજદારશ્રીને યોગ્ય તે જવાબ પાઠવવામાં આવેલ છે – યોગ્ય તે પેનલ એડવોકેટશ્રીનો અભિપ્રાય આવ્યે તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે જે મુજબની બાહેંધરી – અપીલ દરમ્યાન પુરી પાડેલ છે.''

અરજદારશ્રીની નમૂના ''ક ''ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા તેઓશ્રીને લાગત મુદ્દા ની કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે અરજદારશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાનની રજુઆતે અત્રેથી વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશ્નર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા,
પ્રતિ..... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(બી.બી.મોરે)
અપીલ અધિકારી અને
આસી. મ્યુનિ.કમિશનર

ટેલીફોન નં. ૨૪૮૦૫૧૮
ફેક્ષ નં. ૦૨૬૧–૨૪૮૬૩૦૦
Email:amc.nz@suratmunicipal.org
વહીવટી ભવન, નોર્થઝોન(કતારગામ)
રામજી કૃપા રો–હાઉસની બાજુમાં,
ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૪૪,
તા.૩૧/૦૧/૨૦૨૫

અરજદારઃ– શ્રી હસમુખભાઈ વી. ઘોળકીયા

સામાવાળાઃ– (૧) શ્રી કે.એમ. રાઠોડ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ)
(૨) શ્રીમતી ચિત્રા કુમાર ગેનીવાલા, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ હિસાબનીશશ્રી, નોર્થઝોન(કતારગામ)
(૩) શ્રીમતી મીનાબેન ભીટોરા, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ)
(૪) શ્રી ધર્મેશકુમાર એમ. પટેલ, જાહેર માહિતી અધિકારી અને તા.દુકાનો અને સંસ્થાના નિરીક્ષકશ્રી, નોર્થઝોન(કતારગામ)
(૫) શ્રી એ.એ.વસાવા, જા.મા.અધિકારી અને ઈ.ચા. આસી. લો. ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ અરજદારશ્રી હસમુખભાઈ વી. ઘોળકીયાની નોર્થઝોન આઈ.ડી.નં.૭૮૧, તા.૦૧/૦૧/૨૦૨૫ (મૂળ આઈ ડી નં.૨૨૩૩, તા.૩૦/૧૨/૨૦૨૪)ની અરજીથી મુદ્દા નં. –૧ થી ૧૨ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૩૧/૦૧/૨૦૨૫ ની અપીલ નં. NZ/SMC/FAP/નં.૪૪/૨૦૨૪–૨૫

અરજદારશ્રી હસમુખભાઈ વી. ઘોળકીયાની વિષયોકત આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૦૧/૦૧/૨૦૨૫ નાં રોજ દાખલ થયેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૭૮૧ થી નોંધાયેલ છે. જેનો જાહેર માહિતી અધિકારી અને તા.દુકાનો અને સંસ્થાના નિરીક્ષકશ્રી, નોર્થઝોન(કતારગામ) તથા જાહેર માહિતી અધિકારી અને વ્યવસાય વેરા વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. એન.ઝેડ/આઉટ/નં.૧૪૭૬, તા.૨૧/૦૧/૨૦૨૫ થી નીચે મુજબની પૂર્તતા કરવામાં આવેલ

"મુદ્દા નં. ૧ ની માંગેલ માહિતી માટે રૂમ.નં.૫ ગુમાસ્તાધારા વિભાગ સીસીટીવી કેમેરાની ફૂટેજ આપવા બાબતે આપશ્રી એ માંગેલ માહિતી અત્રેનાં વિભાગને લાગત નથી. મુદ્દા નં. ૭ ની માંગેલ માહિતી માટે (પ્રોફેશનલ ટેક્ષ વિભાગ–આકારણી વિભાગ) સ્પેશીફીક કયા વિભાગની માહીતી મેળવવા માંગો છો તેનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યેથી થયેલ કાર્યવાહીની ઉપલબ્ધ માહીતી પુરી પાડવામાં આવશે. મુદ્દા નં. ૮ ની માંગેલ માહિતી માટે મોઘમ સ્વરૂપે ફરીયાદ ભષ્ટાચાર સંબંધે ઈશ્યુ થયેલ નોટીસો તેમજ ઘર.નં.૪૬ ઘનશ્યામભાઈ હરીભાઈ માલવીયાની ઈમ્પેકટ બાબતની નોટીસ ની નકલ પુરી પાડવા જણાવેલ હોય વિગેરે ઉકત કામગીરી કરવાનાં પાવર્સ અત્રેનાં વિભાગને ન હોય માહીતી ઉપલબ્ધ નથી. આપશ્રી લાગત માહીતી શહેરી વિકાસ વિભાગ તેમજ અન્ય લાગુ વિભાગો પાસેથી માહીતી મેળવી શકો છો. જે આપશ્રી ની જાણ સારૂ."

તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં.એન.ઝેડ /એ.આર.ડી. /આઉટ /નં. ૪૪૩, તા.૨૧/૦૧/૨૦૨૫ થી નીચે મુજબની પૂર્તતા કરવામાં આવેલ.

"મુદ્દા નં. ૧ ની માંગેલ માહિતી માટે વિષયોકત માહિતી (સીસીટીવી કેમેરાની ફુટેજ) અત્રેના આકારણી અને વસુલાત વિભાગને લાગત નથી. જેથી માહિતી નીલ છે. લાગત વિભાગ પાસેથી માહિતી મેળવી લેવી. વધુમાં જણાવવાનું કે, ઉકત વિષયોકત મુદ્દાસર

આપશ્રી દ્વારા અગાઉ કરવામાં આવેલ નોર્થઝોન આઈ.ડી.નં.૨૪૧, તા.૨૧/૦૬/૨૦૨૪ (નોર્થઝોન ઈન ન.૧૫૯, તા.૨૯/૦૪/૨૪) મૂળ આઈ.ડી.નં.મધ્યસ્થ કચેરી/૬૨૪, તા.૧૮/૦૬/૨૪ અરજીમાં સમાન પ્રકારની માહિતી માંગવામાં આવેલ છે. જેના અનુસંધાને અત્રેના આકારણી અને વસુલાત વિભાગના પત્ર નં.એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/૨૪૬, તા.૦૪/૦૭/૨૪ ના રોજ જવાબ પાઠવવામાં આવેલ. મુદ્દા નં. ૭ ની માંગેલ માહિતી માટે(આકારણી વિભાગ) સ્પેશીફીક કઈ સંસ્થાની માહિતી મેળવવા માંગો છો તેનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યે–થયેલ કાર્યવાહીની ઉપલબ્ધ માહિતી પુરી પાડવામાં આવશે. મુદ્દા નં. ૮ ની માંગેલ માહિતી માટે, ઉકત વિષયોકત મુદ્દાસર અરજદારશ્રી દ્વારા અગાઉ કરવામાં આવેલ નોર્થઝોન આઈ.ડી.નં.૫૭૧, તા.૦૫/૧૧/૨૦૨૪ મૂળ આઈ.ડી.નં.સી.ઝેડ/૧૮૦૨, તા.૨૯/૧૦/૨૪ ની અરજીમાં સમાન પ્રકારની માહિતી માંગવામાં આવેલ છે. જેના અનુસંધાને અત્રેના આકારણી અને વસુલાત વિભાગના પત્ર નં.એન.ઝેડ/એ.આર.ડી./ આઉટ/૩૭૮, તા.૨૫/૧૧/૨૪ ના રોજ જવાબ પાઠવવામાં આવેલ. ઉકત હકીકતે માહિતી નીલ છે. જેની જાણ સારું.''

તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ હિસાબનીશશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. નોર્થઝોન/આઉટ / નં. ૧૪૨૧, તા.૧૦/૦૧/૨૦૨૫ થી નીચે મુજબની પૂર્તતા કરવામાં આવેલ

''આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ હેઠળની અરજી અન્વયેની માહિતી અત્રેના નોર્થ ઝોન એકાઉન્ટ વિભાગને લાગત ન હોય, જેથી આપશ્રીને માહિતી પુરી પાડી શકાય તેમ નથી. જે આપશ્રીની જાણ સારૂ.''

તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી. લો. ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. એન.ઝેડ/આઉટ / નં. ૧૪૨૦, તા.૧૦/૦૧/૨૦૨૫ થી નીચે મુજબની પૂર્તતા કરવામાં આવેલ

''અત્રેના ખાતાને લાગું પડતું નથી.''

તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. નોર્થ ઝોન/મહેકમ/આઉટ/નં. ૩૮૧૮, તા.૦૫/૦૨/૨૦૨૫ થી નીચે મુજબની પૂર્તતા કરવામાં આવેલ

''મુદ્દા નં. ૬ ની માંગેલ માહિતી માટે અત્રેના ખાતાને લાગત અશંત માહિતી કલમ ૮ (૧) (જ):– કર્મચારીઓની અંગત બાબત હોય, આપના ધ્વારા માંગવામાં આવેલ માહિતી '' માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ '' અન્વયે કલમ ૮ (૧) (જ) મુજબ ત્રાહિત પક્ષકારને આપી શકાય નહી. જે જાણશો. (સુપ્રીમ કોર્ટના માન. ન્યાયાધિશશ્રી કે. રાધાક્રિશ્નન અને માન. ન્યાયાધિશશ્રી દિપક મિશ્રાનો ચુકાદો SLP NO. 27734 OF 2012 લાગુ પડતી કલમ ૮ (૧) (જ)).''

જાહેર માહિતિ અધિકારીશ્રીઓ ધ્વારા જવાબ ન પાઠવ્યાનો આક્ષેપ કરી અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૪૪, તા.૩૧/૦૧/૨૦૨૫ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરી.

અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૦૫ માં પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા અને માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.એન.ઝેડ. / આરટીઆઈ / આઉટ / ૧૬૦૩, તા.૦૫/૦૨/૨૦૨૫ થી જાહેર માહિતી અધિકારીશ્રીઓને જણાવવામાં આવતા જાહેર માહિતી અધિકારી અને તા.દુકાનો અને સંસ્થાના નિરીક્ષકશ્રી, નોર્થઝોન(કતારગામ) તથા જાહેર માહિતી અધિકારી અને વ્યવસાય વેરા વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. નોર્થ ઝોન/આઉટ/નં. ૧૬૪૦, તા.૧૦/૦૨/૨૦૨૫ થી, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૪૬૧, તા.૧૧/૦૨/૨૦૨૫ થી, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી. લો. ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં.૧૭૫, તા.૧૪/૦૨/૨૦૨૫ થી પૂર્તતા કરવામાં આવેલ.

અરજદારશ્રીની તા.૩૧/૦૧/૨૦૨૫ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા.૦૫/૦૨/૨૦૨૫ નાં પત્ર નં. એન.ઝેડ/આરટીઆઈ/આઉટ/૧૬૦૩ થી પત્ર પાઠવી તા.૨૫/૦૨/૨૦૨૫ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી, આકારણી ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી કે.એમ. રાઠોડ, હિસાબી વિભાગના જાહેર માહિતી અધિકારી શ્રીમતી ચિત્રા કુમાર ગેનીવાલા, મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી શ્રીમતી મીનાબેન ભીટોરા, લો વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રી એ.એ.વસાવા, તથા ગુમાસ્તા વિભાગના જાહેર માહિતી અધિકારી શ્રી ધર્મેશકુમાર એમ. પટેલ હાજર રહેલ હતા.

રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી દ્વારા આકારણી વિભાગને લાગત નીચે મુજબ રજુઆત કરવામાં આવેલ.

'' કે.એમ.રાઠોડ સાહેબ ચોખ્ખા છે. પણ કાયદા મુજબ માહિતી માંગેલ છે તે યોગ્ય રીતે રજુ કરશો. ''

જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા નીચે મુજબની રજુઆત કરવામાં આવેલ.

''અરજદારશ્રીને યોગ્ય તે જવાબ આપવામાં આવેલ છે. મહદઅંશે માહિતી લાગત નથી. તેવુ અરજદારશ્રીને સુનાવણી દરમ્યાન કહેલ છે. જેથી યોગ્ય તે હુકમ થઈ આવવા વિનંતી.''

રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી દ્વારા ગુમાસ્તા વિભાગ તથા વ્યવસાય વેરા વિભાગને લાગત નીચે મુજબ રજુઆત કરવામાં આવેલ.

'' મુદ્દા ૧ થી ૭ / જે મુદ્દા ગુમાસ્તા અને વ્યવસાયવેરા બાબત ઘર–૧૯ માંગણી કરેલ છે. બાકીના મુદ્દામાં કાયદાના જાણકાર અધિકારીશ્રીની તમામ જાણકારી માહીતી રજુ કરવા વિનંતી.''

જયારે જાહેર માહિતી અધિકારી અને વ્યવસાય વેરા વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા નીચે મુજબની રજુઆત કરવામાં આવેલ.

'' અરજદારશ્રીને તેઓની રજુઆત અનુસંધાને યોગ્ય તે માહિતી પુરી પાડવા પ્રયત્ન કરેલ છે. અરજદારશ્રી અમો I/C PIO સાથે તે મુદ્દે સમંત પણ થયેલ છે. જેથી સદર કામે યોગ્ય તે હુકમ ફરમાવવા વિનંતી.''

જયારે જાહેર માહિતી અધિકારી અને તા.દુકાનો અને સંસ્થાના નિરીક્ષકશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા નીચે મુજબની રજુઆત કરવામાં આવેલ.

''રૂમ નં. ૫ ગુમાસ્તાધારા વિભાગમાં CCTV કેમેરા લગાડવામાં આવેલ ન હોય CCTV આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.''

રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી દ્વારા એકાઉન્ટ વિભાગને લાગત નીચે મુજબ રજુઆત કરવામાં આવેલ.

''૧ થી ૧૨ મુદ્દામાં કોઈ પણ માહિતી રજુ કરેલ નથી. CCTV ની માહિતી ૩૦૦૦ દિવસ રજુ થયેલ નથી. ૩૦ દિવસ આપેલ નથી. ૩ કલાકના માહિતી આપેલ નથી. માહિતી છુપાવી રાખેલ. ૩૦૦૦ દિવસથી રજુ થતી નથી માટે માહિતી CCTV ની માંગેલ છે. નમુના (ક) મુજબ રજુ કરશો.''

જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ હિસાબનીશશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા નીચે મુજબની રજુઆત કરવામાં આવેલ.

''અરજદારશ્રીને પત્ર નં. નોર્થઝોન/આઉટ/નં. ૧૪૨૧, તા.૧૦/૦૧/૨૦૨૫ થી પ્રત્યુતર પૂરો પાડવામાં આવેલ છે. વધુમાં અત્રેની કચેરીમાં આવેલ રૂમ નં. ૨૦૪ માં નાયબ હિસાબનીશની ઓફિસમાં સી.સી.ટી.વી. કેમેરા નહિ હોવાથી માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.''

રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી દ્વારા મહેકમ વિભાગને લાગત નીચે મુજબ રજુઆત કરવામાં આવેલ.

'' વિશાળ જાહેર હિતમાં માંગણી કરેલ છે. આ સુનાવણી સમય દરમ્યાન મીનાબેન નમુના (ક) મુજબ માહિતી માંગેલ રજુ કરેલ નથી. કાર્યપાલકની સુનાવણી હાજર રહેલ નથી. તા.૧૧/૦૭/૨૦૧૮ થી ભ્રષ્ટાચાર આચરનાર વ્યકિતની માહિતી માંગેલ છે. જાહેર હિતમાં રજુ કરવી જોઈએ. સરકાર પગાર આપે તે માહિતી રજુ કરતા જરૂર નથી પણ ભ્રષ્ટાચાર હેઠળ રકમ એકત્ર કરેલ હોય કાગળ ગુમ કરતા હોય ભુમાફીયાની મદદ કરતા હોય તેની સાથે મળી રકમ બનાવેલ ની માહિતી માંગેલ છે. સુપ્રીમ કોર્ટનો નિર્ણય આ બાબત મુકે છે તે યોગ્ય નથી મે મારી સોસાયટી બનાવ બાબત તમામ માહિતી માંગેલ છે. ઈ.ચા.પર્સોનલ ઓફિસર કાયદાના જાણકાર છે.''

જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા નીચે મુજબની રજુઆત કરવામાં આવેલ.

''અરજદારની આઈ ડી નં. ૭૮૧, ૦૧/૦૧/૨૦૨૫ નો જવાબ અત્રેથી તા. ૦૫/૦૨/૨૦૨૫ મહેકમ આઉટવર્ડ નં. ૩૮૧૮ થી નિયત સમયમાં જવાબ આપેલ હોય તેમજ કર્મચારીને આપવામાં આવેલ શોકોજ નોટીસની માહિતી માંગેલ હોય જે અંગત માહિતી હોય ગીરીશ રામચન્દ્ર દેસ પાંડેનો ચુકાદો મુજબ આપી શકાય તેમ ન હોય જેની નકલ સદર અરજદારને પૂરી પાડવામાં આવશે. વધુમાં અન્ય માહિતી જેમાં મહેકમ વિભાગમાં સી.સી.ટી.વી. કેમેરા ઉપલબ્ધ ન હોય માહિતી આપી શકાય તેમ નથી.''

રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી દ્વારા લો વિભાગને લાગત નીચે મુજબ રજુઆત કરવામાં આવેલ.

'' સીસીટીવીની બાબત માહિતી માંગેલ છે. CCTV ની માહિતી રજુ કરતા નથી. અશ્વીન એ. વસાવા કાયદાના જાણકાર છે. ૩૦૦૦ દિવસથી આ માહિતી જાણકાર છે. માહિતી માંગેલ તમામ અમારી સોસાયટીની બાબત છે કામ થતા નથી. તે કાયદા વિભાગને મુદ્દા લાગુ ન થતા હોય જવાબ યોગ્ય નથી. ધારા–૪ નું પાલન કરશો.''

જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી. લો. ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા નીચે મુજબની રજુઆત કરવામાં આવેલ.

''અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી અત્રેના ખાતાને લાગું પડતી નથી.''

અરજદારશ્રીની નમૂના ''ક'' ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રીઓ ધ્વારા કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે તેઓશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારીશ્રીઓની રૂબરૂ સુનાવણી દરમ્યાનની રજુઆતને ધ્યાને લેતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ)ને મુદ્દા નં. ૧ બાબતે લાગત જાહેર માહિતી અધિકારીશ્રીને તબદીલ કરવી. તથા મુદ્દા નં. ૭ બાબતે કાર્યરત આકારણી અધિકારી, મદદ. આકારણી અધિકારી, વ્યવસાયવેરા નિરીક્ષકોના નામની પૂર્તતા કરવી. અન્ય મુદ્દા બાબતે વિશેષ પૂર્તતા કરવાની રહેતી નથી.

– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. વ્યવસાયવેરા વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ) તથા જાહેર માહિતી અધિકારી અને તા.દુકાનો અને સંસ્થાના નિરીક્ષકશ્રી, નોર્થઝોન(કતારગામ)ને જો ચેમ્બરમાં અથવા ખાતામાં CCTV લગાડેલ હોય તો સીસીટીવી બાબતે લાગત ખાતાને તબદીલ કરવા હુકમ કરવામાં આવે છે તથા અન્ય બાબતોએ અરજદારશ્રીના મુદ્દા સ્પષ્ટ થતા ન હોવાથી તેઓએ સ્પષ્ટ માહિતી માંગતી અરજી સંબધિત જાહેર માહિતી અધિકારીશ્રીને કરવી.

– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ હિસાબનીશશ્રી નોર્થઝોન(કતારગામ)ની ચેમ્બરમાં CCTV ન હોવાથી જેનો રેકર્ડ જ બનતો ન હોવાથી માહિતીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જેથી વિશેષ હુકમ કરવાનો રહેતો નથી.

– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા કરેલ પૂર્તતા યોગ્ય છે. અરજદારશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાનની રજુઆત RTI ના કાર્યક્ષેત્ર હેઠળ નથી. તે બાબતે અરજદારશ્રી સંબંધિત વિભાગને પુરાવા સહ રજુઆત કરવી જોઈએ. અત્રેના કોઈ વિભાગમાં આ પ્રકારની માહિતી રેકર્ડ પર હોતી નથી. જેથી વિશેષ હુકમ કરવાનો રહેતો નથી.

– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી. લો. ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ)ને સીસીટીવી બાબતે લાગત જાહેર માહિતી અધિકારીશ્રીને તબદીલ કરવી. તથા અરજદારશ્રી જણાવ્યા મુજબ તેમની સોસાયટીની બાબત છે જે અત્રેના કાયદા વિભાગને લાગુ પડતી નથી જેથી તે બાબતે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય તેથી માહિતી અત્રેના કાયદા વિભાગમાં નથી જેથી તે બાબતે વિશેષ હુકમ કરવાનો રહેતો નથી.

ઉપરોકત હુકમથી અરજદારશ્રી નારાજ હોય તો, અરજદારશ્રી ૯૦(નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન દ્વિતીય અપીલ કરી શકે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.
(૨) જાહેર માહિતી અધિકારી અને તા.દુકાનો અને સંસ્થાના નિરીક્ષકશ્રી, નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.
(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ હિસાબનીશશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.
(૪) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.
(૫) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. આસી. લો. ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.
(૬) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. વ્યવસાય વેરા વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.
(૭) શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા,
પ્રતિ.....અપીલ અરજી અન્વયે ઉપરોકત હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(બી.બી.મોરે)
અપીલ અધિકારી અને
આસી. મ્યુનિ.કમિશનર

ટેલીફોન નં. ૨૪૮૦૫૧૮
ફેક્ષ નં. ૦૨૬૧–૨૪૮૬૩૦૦
Email:amc.nz@suratmunicipal.org
વહીવટી ભવન, નોર્થઝોન(કતારગામ)
રામજી કૃપા રો–હાઉસની બાજુમાં,
ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૪૬,
તા.૦૬/૦૩/૨૦૨૫

અરજદારઃ– શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા

સામાવાળાઃ– (૧) શ્રીમતી મીનાબેન ભીટોરા, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ અરજદારશ્રી હસમુખભાઈ વી. ધોળકીયાની નોર્થઝોન આઈ.ડી.નં.૯૪૫, તા.૨૪/૦૨/૨૦૨૫ (મૂળ આઈ ડી નં ૪૭૦, તા.૨૦/૦૨/૨૦૨૫ (મધ્યસ્થ કચેરી), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરનો આઈ.ડી.નં. RTI-૧૭ પી. તા.૨૯/૦૧/૨૦૨૫)ની અરજીથી મુદ્દા નં. –૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૦૬/૦૩/૨૦૨૫ ની અપીલ નં. NZ/SMC/FAP/નં.૪૬/૨૦૨૪–૨૫

અરજદારશ્રી હસમુખભાઈ વી. ધોળકીયાની વિષયોકત આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૨૪/૦૨/૨૦૨૫ નાં રોજ દાખલ થયેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૯૪૫ થી નોંધાયેલ છે. જેનો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. નોર્થ ઝોન/મહેકમ/આઉટ/નં.૪૨૮૧, તા.૧૮/૦૩/૨૦૨૫ થી નીચે મુજબની પૂર્તતા કરવામાં આવેલ

''અત્રેના વિભાગમાં આ પ્રકારની માહિતી નિભાવવામાં આવતી નથી.''

જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા જવાબ ન પાઠવ્યાનો આક્ષેપ કરી અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૪૬, તા.૦૬/૦૩/૨૦૨૫ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરી.

અરજદારશ્રીની તા.૦૬/૦૩/૨૦૨૫ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા.૧૫/૦૩/૨૦૨૫ નાં પત્ર નં. એન.ઝેડ/આરટીઆઈ/આઉટ/૧૮૧૦ થી પત્ર પાઠવી તા.૦૧/૦૪/૨૦૨૫ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તથા મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી શ્રીમતી મીનાબેન ભીટોરા હાજર રહેલ હતા.

રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી દ્વારા નીચે મુજબ રજુઆત કરવામાં આવેલ.

'' મીનાબેન જવાબ કરેલમાં અમને બરાબર લાગે છે. કે શ્યામજીભાઈ વાનાણી બાબત અમને જાણ ન હતી. આ અધીકારીને તમામ જાણ ન હોય આ સમય દરમ્યાનની જવાબદારી સરકારની છે. તેમને તપાસ કરવી જોઈએ. કરેલ છે. તેના કાગળ અન્ય એજન્સીને આપેલ છે. માહીતી જાણ માટે લખેલ છે.''

જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા નીચે મુજબની રજુઆત કરવામાં આવેલ.

"અરજદારશ્રીની માહિતી નિયત સમયગાળા દરમ્યાન નોર્થઝોન/મહેકમ/આઉટ નં./૪૨૮૧ તા.૧૮/૦૩/૨૦૨૫ નાં રોજ માહિતી પૂરી પાડેલ છે."

અરજદારશ્રીની નમૂના "ક" ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે તેઓશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રી રૂબરૂ સુનાવણીમાં કરેલ રજુઆત અને જાહેર માહિતી અધિકારીશ્રીએ કરેલ પૂર્તતા ધ્યાને લેતા વિશેષ હુકમ કરવાનો રહેતો નથી.

ઉપરોકત હુકમથી અરજદારશ્રી નારાજ હોય તો, અરજદારશ્રી ૯૦(નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/def_ault.aspx ઉપર ઓનલાઈન દ્વિતીય અપીલ કરી શકે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પર્સોનલ ઓફિસરશ્રી, નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી હસમુખભાઈ વી. ધોળકીયા,
પ્રતિ.....અપીલ અરજી અન્વયે ઉપરોકત હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(બી.બી.મોરે)
અપીલ અધિકારી અને
આસી. મ્યુનિ.કમિશનર

ટેલીફોન નં. ૨૪૮૦૫૧૮
ફેક્ષ નં. ૦૨૬૧–૨૪૮૬૩૦૦
Email:amc.nz@suratmunicipal.org
વહીવટી ભવન, નોર્થઝોન(કતારગામ)
રામજી કૃપા રો–હાઉસની બાજુમાં,
ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૪૭,
તા.૧૩/૦૩/૨૦૨૫

અરજદારઃ– શ્રી મુકેશભાઈ મકનભાઈ ચૌહાણ,

સામાવાળાઃ– (૧) શ્રી કે.એમ. રાઠોડ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુકેશભાઈ મકનભાઈ ચૌહાણની નોર્થઝોન આઈ.ડી.નં.૯૨૩, તા.૧૪/૦૨/૨૦૨૫ (સિવિક ઈન નં.૪૯૧, તા.૧૪/૦૨/૨૦૨૫)ની અરજીથી ટેના નં.૬૩એ–૧૭–૧૦૬૧–૦–૦૦૭, ઘર નં.૮૫૦ આંબેડકરનગર, ચૌહાણ નિવાસ, કોસાડ, સુરત આ મિલકત આપના દફતરે અમારા પિતાશ્રી મકનભાઈ વસનજીભાઈનું નામ ચઢાવતી આપેલ પુરાવાની પ્રમાણિત નકલ આકારણી કરનાર અધિકારીનું નામ, આકારણી કરતી વખતે સમય તારીખ, વાર, વર્ષ જણાવવું આકારણી કરવા માટે કરવામાં આવેલ અરજી ફોર્મ ની પ્રમાણિત નકલ આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા.૧૩/૦૩/૨૦૨૫ ની NZ/SMC/FAP/નં.૪૭/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૯૨૩, તા.૧૪/૦૨/૨૦૨૫ (સિવિક ઈન નં.૪૯૧, તા.૧૪/૦૨/૨૦૨૫)

અરજદારશ્રી મુકેશભાઈ મકનભાઈ ચૌહાણની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૧૪/૦૨/૨૦૨૫ નાં રોજ દાખલ કરેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૯૨૩ થી નોંધાયેલ છે. જેનો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં.એન.ઝેડ /એ.આર.ડી. /આઉટ /નં. ૪૮૯, તા.૦૪/૦૩/૨૦૨૫થી ''અરજદારશ્રીએ માંગેલ માહિતીના સદર મુદ્દા અન્વયે જણાવવાનું કે, ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પાના નંગ–૦૧ ના રૂા.૨/– લેખે પાના નંગ–૦૧ ના રૂા.૦૨/–(અંકે રૂપિયા બે પૂરા) અત્રેના ઝોનના નાગરિક સુવિધા કેન્દ્રમાં કચેરીના ચાલુ કામકાજના સમય દરમ્યાન દિન–૦૩ (ત્રણ)માં ભરી તેની રસીદની નકલ અત્રે રજુ કર્યેથી રૂબરૂ માહિતી પુરી પાડવામાં આવશે.જેની જાણ અરજદારશ્રીને કરીએ.'' મુજબનો પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ.

જાહેર માહિતી અધિકારીશ્રીનાં ઉપરોકત પત્ર અન્વયે અરજદારશ્રીએ માહિતી નાં નાણાં રૂ.૦૨/– રસીદ નં–૪૦૦/૬૪, તા.૧૩/૦૩/૨૦૨૫ થી ભરેલ જે અન્વયે અરજદારશ્રીને તા.૧૩/૦૩/૨૦૨૫નાં રોજ રૂબરૂ માહિતી પૂરી પાડેલ છે.

જાહેર માહિતિ અધિકારી ધ્વારા પાઠવેલ માહિતી અધુરી હોવાનો આક્ષેપ કરી અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૪૭, તા.૧૩/૦૩/૨૦૨૫ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરતા.

અરજદારની પ્રથમ અપીલ અરજી અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૦૫ માં પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પક્ષ રજુ કરવા અને માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.એન.ઝેડ./ આરટીઆઈ/આઉટ/૧૮૧૧, તા.૧૫/૦૩/૨૦૨૫ થી જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં. એન.ઝેડ/એ.આર.ડી./આઉટ/નં.૫૦૪, તા.૨૭/૦૩/૨૦૨૫ થી પૂર્તતા કરવામાં આવેલ.

અરજદારશ્રીની તા.૧૩/૦૩/૨૦૨૫ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૧૫/૦૩/૨૦૨૫ નાં પત્ર નં.એન.ઝેડ./આરટીઆઈ/આઉટ/૧૮૧૧ થી પત્ર પાઠવી તા.૦૧/૦૪/૨૦૨૫ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી અને આકારણી ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી કે.એમ. રાઠોડ હાજર રહેલ હતા.

રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

''મારી કોઈ રૂમ વધારાની નથી. વારંવાર રજુઆત કરવા છતાં બિલ આવે છે. સ્થળ પર આવીને જોઈ ગયા છે. કોઈ વધારાની રૂમ નથી.''

જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

''અરજદારશ્રીની ઉપરોકત રજુઆત મૂળ ID માં કરેલ નથી. મૂળ ID માં માંગ્યા મુજબની – વિગતો ગ્રામપંચાયત ના પ્રોવાઈડ ઉપલબ્ધ રેકર્ડ મુજબના માંગણા રજીસ્ટ્રર ની કોપી પ્રોવાઈડ કરેલ છે. ''હાલની રજુઆત રૂમ વધારાના નથી બીલ આવે છે–રજુઆત ID સાથે સુસંગત નથી. જેથી ID - નુ કોમ્પલાઈન કરેલ છે. રૂમ હોવા કે ન હોવા બાબત અલગથી આકારણી વિભાગને રજુઆત કરવી રહે.'' RTI – ના કાયદાનો દુરઉપયોગ કરી – પ્રેશરાઈઝડ કરી–કાર્યવાહી કરાવી શકાય નહી – કાયદામાં એવી કોઈ જોગવાઈ નથી–આકારણી વિભાગની કામગીરી–તબકકાવરની હોય છે. બીલો ખોટા આવતા હોય–તો નિયમોનુસાર ઉપરી અધિકારીઓની મંજુરી લેવી પડે–તેવી કાર્યવાહી ભુતકાળમાં થયેલ છે. જે રજુ કરીશું. જેથી સદર ID - પૂર્ણ ગણી – દફતરે કરવા રજુઆત છે.''

અરજદારશ્રીની નમૂના ''ક ''ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા તેઓશ્રીને લાગત મુદ્દા ની કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે અરજદારશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રીને આકારણી દફતરે ઉપલબ્ધ ગ્રામ પંચાયતની રજીસ્ટરની નકલ આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ)ને રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીએ કરેલ રજુઆત અન્વયે છેવટે સ્થળ તપાસ કરનાર સર્વેયર / વોર્ડ ઈન્સપેકટરનું નામ, સ્થળ તપાસની તારીખ અને જો આકારણી કરવા માટે અરજી કરવામાં આવી હોય તો તેની નકલ / પૂર્તતા અત્રેની જાણ હેઠળ કરવાનો હુકમ કરવામાં આવે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી મુકેશભાઈ મકનભાઈ ચૌહાણ,
પ્રતિ..... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(બી.બી.મોરે)
અપીલ અધિકારી અને
આસી. મ્યુનિ.કમિશનર

ટેલીફોન નં. ૨૪૮૦૫૧૮
ફેક્ષ નં. ૦૨૬૧–૨૪૮૬૩૦૦
Email:amc.nz@suratmunicipal.org
વહીવટી ભવન, નોર્થઝોન(કતારગામ)
રામજી કૃપા રો–હાઉસની બાજુમાં,
ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૪૮,
તા.૧૫/૦૩/૨૦૨૫

અરજદારઃ– શ્રી સાગરભાઈ સવાણી

સામાવાળાઃ– (૧) શ્રી જી.આર.ચાંપાનેરી, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સાગરભાઈ સવાણીની નોર્થઝોન આઈ.ડી.નં.૮૭૦, તા.૨૭/૦૧/૨૦૨૫ (સિવિક ઈન નં.૪૫૫, તા.૨૭/૦૧/૨૦૨૫)ની અરજીથી સુરત શહેરમાં ઝોન દીઠ ઓન સ્ટ્રીટ પે એન્ડ પાર્કિંગ સાઈટની સંખ્યા, ખાનગી એજન્સીને કોન્ટ્રાકટ તરીકે સોંપવામાં આવેલ તેની સંખ્યા, દરો, મલ્ટીલેવલ પાર્કિંગ બિલ્ડીંગની સંખ્યા, મલ્ટીલેવલ પાર્કિંગ બિલ્ડીંગ એજન્સીને કોન્ટ્રાકટ તરીકે સોંપવામાં આવેલ તેની સંખ્યા, દરો, નિયમો વિગેરે માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા.૧૫/૦૩/૨૦૨૫ ની NZ/SMC/FAP/નં.૪૮/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૮૭૦, તા.૨૭/૦૧/૨૦૨૫ (સિવિક ઈન નં.૪૫૫, તા.૨૭/૦૧/૨૦૨૫)

અરજદારશ્રી સાગરભાઈ સવાણીની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૨૭/૦૧/૨૦૨૫ નાં રોજ દાખલ કરેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૮૭૦ થી નોંધાયેલ છે. જેનો જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, નોર્થઝોન(કતારગામ) દ્વારા પત્ર નં.નોર્થ ઝોન /આઉટ /નં.૧૭૦૭, તા.૨૧/૦૨/૨૦૨૫થી મુદ્દા નં ૧ અને ૨ ની માહિતી માટે "અત્રેની કચેરીનો ઉપલબ્ધ રેકોર્ડ ચકાસતા આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી નીલ છે. " મુજબનો પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ. તથા મુદ્દા નં ૩ થી ૮ ની માહિતી માટે ‘‘નાણા ભરવા જણાવેલ.’’

જાહેર માહિતી અધિકારીશ્રીનાં ઉપરોકત પત્ર અન્વયે અરજદારશ્રીએ મુદ્દા નં ૩ થી ૮ ની માહિતી માટે માહિતી નાં નાણાં રૂ.૫૦/– રસીદ નં–૪૦૦/૧૪૮, તા.૨૫/૦૨/૨૦૨૫ થી ભરેલ જે અન્વયે અરજદારશ્રીને તા.૨૫/૦૨/૨૦૨૫નાં રોજ રૂબરૂ માહિતી પૂરી પાડેલ છે.

જાહેર માહિતિ અધિકારી ધ્વારા પાઠવેલ માહિતી અધુરી હોવાનો આક્ષેપ કરી અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી નં.૪૮, તા.૧૫/૦૩/૨૦૨૫ નાં રોજ દાખલ કરી માંગેલ માહિતી પૂરી પાડવા અપીલ કરતા.

અરજદારશ્રીની તા.૧૫/૦૩/૨૦૨૫ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૧૫/૦૩/૨૦૨૫ નાં પત્ર નં.એન.ઝેડ./ આરટીઆઈ/આઉટ/૧૮૨૫ થી પત્ર પાઠવી તા.૦૧/૦૪/૨૦૨૫ નાં રોજ બપોરે ૧૨:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી અને જમીન મિલ્કત ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી જી.આર.ચાંપાનેરી હાજર રહેલ હતા.

રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

‘‘મારા દ્વારા ૨૭/૦૧/૨૦૨૫ ના રોજ પે એન્ડ પાર્કિંગ સાઈટ ની સુરતના તમામ ઝોન દિઠ માહિતી માંગવામા આવી હતી. તેમા માત્ર કતારગામ ઝોનની એમા પણ એક જ પે એન્ડ પાર્કની માહિતી આપવામાં આવી હતી. જે અધુરી હોય પ્રથમ

અપીલ કરી હતી. તો મને RTI ના નિયમ પ્રમાણે ૩૦ દિવસમાં સંપૂર્ણ માહિતી મળેલ નથી. જેથી મને સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવે. અને નિયમ અનુસાર અધિકારી સામે પગલા લેવામાં આવે.''

જયારે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

''સદર અરજી તબદીલ કરવા જોગ છે. અરજદારશ્રીને કતારગામ ઝોન મારફત નિયત સમય મર્યાદામાં માહિતીની નકલો પૂરી પાડવામાં આવેલ છે. ''

અરજદારશ્રીની નમૂના ''ક ''ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા તેઓશ્રીને લાગત મુદ્દા ની કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે અરજદારશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રીને પૂરી પાડવામાં આવેલ માહિતીની નકલો ધ્યાને લેતા નોર્થઝોનની સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અન્ય ઝોનની મુદ્દા નં. ૧ થી ૬ ની માહિતી માટે સુ.મ.પા. ના અન્ય ઝોનમાં અત્રેની જાણ હેઠળ તબદીલ કરવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી નોર્થઝોન(કતારગામ)ને હુકમ કરવામાં આવે છે.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી સાગરભાઈ સવાણી,
પ્રતિ..... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(બી.બી.મોરે)
અપીલ અધિકારી અને
આસી. મ્યુનિ.કમિશનર

ટેલીફોન નં. ૨૪૮૦૫૧૮
ફેક્ષ નં. ૦૨૬૧–૨૪૮૬૩૦૦
Email:amc.nz@suratmunicipal.org
વહીવટી ભવન, નોર્થઝોન(કતારગામ)
રામજી કૃપા રો–હાઉસની બાજુમાં,
ગજેરા સ્કુલની પાછળ, કતારગામ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

અપીલ અરજી NZ/SMC/FAP/નં.૪૯,
તા.૧૮/૦૩/૨૦૨૫

અરજદારઃ– શ્રી સુનિલકુમાર જગદીશભાઈ પટેલ

સામાવાળાઃ– (૧) શ્રી કે.એમ. રાઠોડ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી, નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુનિલકુમાર જગદીશભાઈ પટેલની નોર્થઝોન આઈ.ડી.નં.૯૮૨, તા.૧૮/૦૩/૨૦૨૫ (ઈ સરકાર આઈ ડી નં. ૦૧૯૮/RTI/૦૨/૨૦૨૫, તા.૦૬/૦૨/૨૦૨૫)ની અરજીથી ટેના નં.૧૯ઈ–૦૫–૧૦૧૧–૦–૦૦૧ વાળી મિલ્કતનાં ટેનામેન્ટની છેલ્લા ૨૦ વર્ષનો રેકર્ડ આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા.૧૮/૦૩/૨૦૨૫ ની NZ/SMC/FAP/નં.૪૯/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ.ડી.નં.૯૮૨, તા.૧૮/૦૩/૨૦૨૫ (ઈ સરકાર આઈ ડી નં. ૦૧૯૮/RTI/૦૨/૨૦૨૫, તા.૦૬/૦૨/૨૦૨૫)

અરજદારશ્રી સુનિલકુમાર જગદીશભાઈ પટેલની સંદર્ભ–૨ હેઠળની આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૧૮/૦૩/૨૦૨૫ નાં રોજ દાખલ થયેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૯૮૨ થી નોંધાયેલ છે. (સદર અરજી ઈ–સરકારના માધ્યમથી તા.૦૬/૦૨/૨૦૨૫ ના રોજ દાખલ થયેલ જેનો આઈ. ડી. નં. ૦૧૯૮/RTI/૦૨/૨૦૨૫ છે.) ત્યારબાદ અરજદારશ્રી દ્વારા તા.૨૦/૦૩/૨૦૨૫ ના રોજ ઈ સરકારમાં કરેલ સદર અરજી તથા તા.૧૪/૦૨/૨૦૨૫ ના રોજ નોર્થઝોન આઈ.ડી.નં. ૯૨૧ ચેતનભાઈ છોટુભાઈ પટેલ ના નામે કરેલ આર.ટી.આઈ. અરજી સમાન પ્રકારની હોય તથા તા.૨૦/૦૩/૨૦૨૫ ના રોજ આઈ.ડી.નં. ૯૨૧ ના અનુસંધાનમાં પુરાવા મળી ગયેલ હોય તથા સદર પુરાવાથી તેઓશ્રીને સંતોષ હોય, ઈ સરકારમાં કરેલ ઓનલાઈન અરજી પરત ખેંચવા માટે અત્રેની કચેરીએ પત્ર નં.એન.ઝેડ /એ.આર.ડી./આઉટ/નં. ૫૦૨ થી લેખિતમાં રજુઆત કરેલ.

અરજદારશ્રી દ્વારા ઈ–સરકારના માધ્યમથી તા.૧૫/૦૩/૨૦૨૫ ના રોજ પ્રથમ અપીલ દાખલ થયેલ જે ઈ–સરકાર Appeal No. 0151/RFA/03/2025 થી નોંધાયેલ છે. તથા અત્રેની કચેરીમાં સદર પ્રથમ અપીલ અરજી તા.૧૮/૦૩/૨૦૨૫ નાં રોજ પ્રથમ અપીલ અરજી નં.૪૯ થી નોંધાયેલ છે.

અરજદારશ્રીની તા.૧૮/૦૩/૨૦૨૫ ની પ્રથમ અપીલ અરજી અન્વયે તા. ૨૦/૦૩/૨૦૨૫ નાં પત્ર નં.એન.ઝેડ./ આરટીઆઈ/આઉટ/૧૮૮૮ થી પત્ર પાઠવી તા.૦૧/૦૪/૨૦૨૫ નાં રોજ બપોરે ૧૨:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારશ્રી તેમજ સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીને હાજર રહેવા જણાવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી ગેરહાજર રહેલ હતા અને આકારણી ખાતાના જાહેર માહિતી અધિકારી શ્રી કે.એમ. રાઠોડ હાજર રહેલ હતા.

રૂબરૂ સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

"અરજદારશ્રી સુનિલકુમાર જે. પટેલ તરફથી અગાઉ નોર્થ RTI ID NO-921, તા.૧૪/૦૨/૨૦૨૫ ના રોજ ચેતન છોટુભાઈ પટેલ ના નામથી અરજી કરવામાં આવેલ, જે અનુસંધાનમાં અત્રેના આકારણી વિભાગ તરફથી પાના નંગ–૨૫ આપવામાં આવેલ. જે અરજી અને ઈ–સરકારની અરજી સમાન હોવાથી, અરજદારશ્રીને અગાઉ માહિતી અત્રેના વિભાગમાંથી મળી ગયેલ હોવાથી

તેમણે ઈ–સરકારની અરજી રૂબરૂ આવી તા.૨૦/૩/૨૫ ના રોજ દફ્તરે કરી ગયેલ છે. જેમાં તેમણે આપેલ માહિતીથી સંતોષ હોવાનું જણાવી અરજી પરત ખેંચેલ છે.''

અરજદારશ્રીની નમૂના ''ક ''ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા તેઓશ્રીને લાગત મુદ્દા ની કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે અરજદારશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારશ્રીની તા.૨૦/૦૩/૨૦૨૫ ની લેખિત રજુઆત ધ્યાને લેતા વિશેષ હુકમ કરવાનો રહેતો નથી.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(બી. બી.મોરે)
અપીલ અધિકારી અને આસી.મ્યુનિ.કમિશનર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આકરણી અને વસુલાત અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી સુનિલકુમાર જગદીશભાઈ પટેલ,
પ્રતિ..... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૦૧, તા.૧૬/૦૫/૨૦૨૪

અરજદારઃ– શ્રી વિશાલ ઘનશ્યામભાઈ નાવડીયા (એડવોકેટ),

સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી, નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ અરજદારશ્રી શ્રી વિશાલ ઘનશ્યામભાઈ નાવડીયા (એડવોકેટ)ની નોર્થઝોન આઈ. ડી. નં. ૯૬, તા.૦૧/૦૫/૨૦૨૪ (સિવિક ઈન નં. ૫૭, તા.૦૧/૦૫/૨૦૨૪)ની અરજીથી વસંતભાઈ વિઠલભાઈ વઘાસીયાએ આરોગ્ય વિભાગ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી, નોર્થઝોન, સુરત મહાનગરપાલિકા, સુરત ને આપેલ અરજી નં. એન.ઝેડ.આરોગ્ય/ઈન. :– ૭૪૫/તા. ૨૭/૦૩/૨૦૨૪ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા.૧૬/૦૫/૨૦૨૪ ની NZ/SMC/FAP/નં.૦૧/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની અરજી નોર્થઝોન આઈ. ડી. નં. ૯૬, તા.૦૧/૦૫/૨૦૨૪ (સિવિક ઈન નં. ૫૭, તા.૦૧/૦૫/૨૦૨૪)

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, અરજદારશ્રી વિશાલ ઘનશ્યામભાઈ નાવડીયા (એડવોકેટ) દ્વારા આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અરજદાર દ્વારા અત્રેનાં ઝોન ખાતે તા.૦૧/૦૫/૨૦૨૪ નાં રોજ દાખલ કરેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૯૬ થી નોંધાયેલ છે. ત્યારબાદ જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી, નોર્થઝોન (કતારગામ) દ્વારા અરજદારશ્રીને પત્ર નં. એન.ઝેડ./આર.ટી.આઈ.સેલ/આઉટ/૩૦૦, તા.૦૬/૦૫/૨૦૨૪ થી ‘ ‘ નોર્થઝોન(કતારગામ)ના આરોગ્ય વિભાગમાં આપશ્રીની તા.૨૭/૦૩/૨૦૨૪થી મળેલ અરજી મુજબ આરોગ્ય વિભાગને જે કામગીરી કરવાની હોય છે તે મુજબ જાહેર આરોગ્યને હાની ન થાય તે માટે ફલેટ નં.૨૦૪ લેકવ્યુ હાઈટના રહિશ શ્રી ચુનીલાલ ભુવાને આરોગ્ય વિભાગ દ્વારા નોટીસ આપવામાં આવેલ છે અને નોટીસના અનુંસધાનમાં જરૂરી કામગીરી કરાવેલ છે. તથા તેઓ પાસેથી જાહેર આરોગ્યને નુકશાન ના થાય તે પ્રમાણેનું કૃત્ય / ન્યુસન્સ ન કરવા માટે લેખીતમાં જવાબ મેળવેલ છે. અત્રેથી આપવામાં આવેલ નોટીસ અને તેઓના લેખીત જવાબની માહિતી મેળવવા માટે નાણા ભરવાનો પ્રત્યુતર પાઠવેલ.’’

જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા પ્રાપ્ત માહિતી થી સંતુષ્ટ ન હોવાને કારણે અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૧૬/૦૫/૨૦૨૪ નાં રોજ દાખલ કરેલ. જે પ્રથમ અપીલ નં.૦૧ થી નોંધાયેલ છે.

અરજદારશ્રીની તા.૧૬/૦૫/૨૦૨૪ ની અપીલ અરજી અન્વયેની લેખિત રજુઆત ધ્યાને લેતા અરજદારને તા. ૧૭/૦૫/૨૦૨૪ નાં પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/આઉટ/૩૪૪ થી તા.૨૯/૦૫/૨૦૨૪ નાં રોજ સમય બપોરે ૧૨:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી હાજર રહેલ હતા. રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીએ નીચે મુજબની રજુઆત કરેલ.

‘‘ફલેટ નં. ૨૦૪ વાળાએ બાંધેલ પાડપત્રી હટાવી આપવા રજુઆત કારણકે તે ભાગમાં ખુબ ગંદકી થઈ હોય અને આરોગ્ય વિભાગને નુકશાન થતું હોય તેથી આરોગ્ય વિભાગને રજુઆત તાડપત્રી હટાવી આપવા.’’

જયારે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

''અરજદારશ્રીને તા.૦૬/૦૫/૨૦૨૪ ના પત્રથી પ્રત્યુતર પાઠવેલ છે.''

અરજદારશ્રીની નમૂના "ક" ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે તેઓશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી, નોર્થઝોન (કતારગામ) દ્વારા અરજદારશ્રીને પત્ર નં. એન.ઝેડ./આર.ટી.આઈ.સેલ/આઉટ/૩૦૦, તા.૦૬/૦૫/૨૦૨૪ માંગેલ માહિતી માટે નાણાં ભરવા જણાવેલ જે અન્વયે અરજદારશ્રીએ માહિતી નાં નાણાં રૂ.૦૪/– રસીદ નં–૪૦૦/૧૨૯, તા.૦૯/૦૫/૨૦૨૪ થી ભરેલ જે અન્વયે અરજદારશ્રીને તા.૦૯/૦૫/૨૦૨૪નાં રોજ ટપાલ દ્વારા ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવામાં આવેલ છે. વધુમાં અરજદારશ્રી દ્વારા તા. ૨૭/૦૩/૨૦૨૪ નાં રોજ કરવામાં આવેલ અરજી તથા અપીલ અરજીનો વિસ્તૃત અભ્યાસ કરતા તથા અરજદારશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાનની રજુઆત ધ્યાને લેતા, તેઓશ્રીની મુખ્ય રજુઆત તાડપત્રી હટાવી આપવા અંગેની હોય, સદર કામગીરી આરોગ્ય વિભાગને લગતી ન હોવાની સ્પષ્ટતા કરેલ છે. વધુમાં લાગત વિભાગમાં સંપર્ક કરવા માટેની સ્પષ્ટતા સહ સમજણ પણ પૂરી પાડેલ હોય, આપશ્રીની સદર પ્રથમ અપીલ અન્વયે અત્રેથી વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ના હોય, સદર પ્રથમ અપીલ અરજી અત્રેથી દફતરે કરવામાં આવે છે. જે આપશ્રીની જાણ સારૂ. આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો અત્રેથી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી જ પૂરી પાડવાની જોગવાઈ છે. કાર્યવાહી કરવાની જોગવાઈ નથી. જે આપશ્રીની જાણ સારૂ.

ઉપરોકત હુકમથી અસંતોષ હોય તો અરજદાર ૯૦(નેવું) દિવસની અંદર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, ૨ જો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકવા સ્વતંત્ર છો.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(ડો.કલ્પેશ આઈ. ખત્રી)
અપીલ અધિકારી અને
નાયબ આરોગ્ય અધિકારી
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી, નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી વિશાલ ઘનશ્યામભાઈ નાવડીયા (એડવોકેટ),
પ્રતિ..... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૦૨, તા.૧૨/૦૬/૨૦૨૪

અરજદારઃ– શ્રી રજનીકાંત ભોગીલાલ પટેલ,

સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી, નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ અરજદારશ્રી શ્રી રજનીકાંત ભોગીલાલ પટેલની નોર્થઝોન આઈ. ડી. નં. ૧૪૮, તા.૨૭/૦૫/૨૦૨૪ (સિવિક ઈન નં. ૮૭, તા.૨૭/૦૫/૨૦૨૪)ની અરજીથી તા.૧૨/૦૪/૨૦૨૪ ના રોજ ડ્રેનેજ લાઈન પાણી ગળવા બાબતે આપેલ કમ્પલેઈનની તથા તા.૦૨/૦૫/૨૦૨૪ ના રોજ ડ્રેનેજ લાઈન પાણી ટપકવા બાબતે થયેલ લેખિત ફરિયાદની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા.૧૨/૦૬/૨૦૨૪ ની NZ/SMC/FAP/નં.૦૨/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની નોર્થઝોન આઈ. ડી. નં. ૧૪૮, તા.૨૭/૦૫/૨૦૨૪ (સિવિક ઈન નં. ૮૭, તા.૨૭/૦૫/૨૦૨૪)

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, અરજદારશ્રી રજનીકાંત ભોગીલાલ પટેલ દ્વારા આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અરજદાર દ્વારા અત્રેનાં ઝોન ખાતે તા.૨૭/૦૫/૨૦૨૪ નાં રોજ દાખલ કરેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૧૪૮ થી નોંધાયેલ છે. ત્યારબાદ જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી, નોર્થઝોન (કતારગામ) દ્વારા અરજદારશ્રીને પત્ર નં. એન.ઝેડ./આર.ટી.આઈ.સેલ/આઉટ/૪૧૫, તા.૦૭/૦૬/૨૦૨૪ થી ‘ ‘તા.૧૨/૦૪/૨૦૨૪ અને તા.૦૨/૦૫/૨૦૨૪ ની અરજીના અનુંસંધાનમાં અત્રે નોર્થઝોન(કતારગામ)ની કતારગામ વોર્ડ ઓફિસ દ્વારા ' C ' કોમ્પલેક્ષ ના ફલેટ નં. ૩૦૪–૩૦૫ વાળી મિલ્કતના માલિક શ્રી જગદીશભાઈ વિનોદભાઈ માળીને આપશ્રીની અરજી મુજબ ન્યુસન્સ બંધ કરવા નોટીસ આપવામાં આવેલ છે. તે મુજબ તેઓએ કરેલ કાર્યવાહી અંગેનો લેખીત જવાબ અત્રેની ઓફિસે પાઠવેલ છે. જેની કુલ નકલ નંગ – ૩ ના રૂા. ૦૬–૦૦ (એક નકલના રૂા. ૦૨–૦૦ લેખે) ભર્યેથી નકલ મેળવી શકશો.’’ મુજબનો પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ.

જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા પ્રાપ્ત માહિતી થી સંતુષ્ટ ન હોવાને કારણે અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૧૨/૦૬/૨૦૨૪ નાં રોજ દાખલ કરેલ. જે પ્રથમ અપીલ નં.૦૨ થી નોંધાયેલ છે.

અરજદારશ્રીની તા.૧૨/૦૬/૨૦૨૪ ની અપીલ અરજી અન્વયેની લેખિત રજુઆત ધ્યાને લેતા અરજદારને તા. ૧૪/૦૬/૨૦૨૪ નાં પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/આઉટ/૪૩૨ થી તા.૨૪/૦૬/૨૦૨૪ નાં રોજ સમય બપોરે ૧૨:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી હાજર રહેલ હતા. રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીએ નીચે મુજબની રજુઆત કરેલ.

‘‘તા.૧૭/૦૪/૨૦૨૪ ની આસપાસ પ્રથમ માળ, સી કોમ્પલેક્ષ, ભુપેન્દ્રભાઈ વકીલને આપેલ નોટીસની નકલ આપવા વિનંતી.’’

જયારે જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

"અપીલ અરજી મુજબ તેઓને અત્રેથી કરેલ કાર્યવાહીની નકલો આપવામાં આવેલ છે. અને તેમની રજુઆત મુજબ તા.૧૨/૦૪/૨૦૨૪ની તેમની ફરીયાદ મુજબ અત્રેના વોર્ડમાંથી બજાવેલ નોટીસની નકલ માંગણી કરેલ છે. તે મુજબ વોર્ડમાં ઉપલબ્ધ હશે તો તેમને પાઠવવામાં આવશે."

અરજદારશ્રીની નમૂના "ક" ની અરજી તથા તે અન્વયે જાહેર માહિતિ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ પૂર્તતા અને અપીલ તબકકે તેઓશ્રીની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી, નોર્થઝોન (કતારગામ) દ્વારા અરજદારશ્રીને પત્ર નં. એન.ઝેડ./આર.ટી.આઈ.સેલ/આઉટ/૪૧૫, તા.૦૭/૦૬/૨૦૨૪ થી માંગેલ માહિતી માટે નાણાં ભરવા જણાવેલ. જે અન્વયે અરજદારશ્રીએ માહિતી નાં નાણાં રૂ.૦૬/– રસીદ નં–૪૦૦/૧૩૧, તા.૧૨/૦૬/૨૦૨૪ થી ભરેલ જે અન્વયે અરજદારશ્રીને તા.૧૨/૦૬/૨૦૨૪નાં રોજ માહિતીના પાના નંગ ૦૩ રૂબરૂ આપવામાં આવેલ છે. પરંતુ અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારીશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાનની રજુઆતને ધ્યાને લેતા, જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી, નોર્થઝોન (કતારગામ)ને અરજદારશ્રી દ્વારા રૂબરૂ સુનાવણી દરમ્યાન કરવામાં આવેલ રજુઆત મુજબની માહિતી અન્વયે કચેરીનાં રેર્કડની ઝીણવટપૂર્વક તપાસ કરી, માહિતી ઉપલબ્ધ થયેથી/મળી આવ્યેથી આર.ટી.આઈ એકટ – ૨૦૦૫ હેઠળ કાર્યરત દિન – ૭ માં નિયત ફી ની ભરપાઈ કરાવી અત્રેની જાણ હેઠળ અચુક પૂરી પાડવા અથવા તે સબબ અરજદારશ્રીને સદર બાબતથી વાકેફ કરવા હુકમ કરવામાં આવે છે. આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો અત્રેથી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી જ પૂરી પાડવાની જોગવાઈ છે. કાર્યવાહી કરવાની જોગવાઈ નથી. જે આપશ્રીની જાણ સારૂ.

ઉપરોકત હુકમથી અસંતોષ હોય તો અરજદાર ૯૦(નેવું) દિવસની અંદર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, ૨ જો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં અથવા ગુજરાત માહિતી આયોગ ની વેબસાઈટ https://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરી શકવા સ્વતંત્ર છો.

એન.ઝેડ/આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં.
તારીખઃ–

(ડો.કલ્પેશ આઈ. ખત્રી)
અપીલ અધિકારી અને
નાયબ આરોગ્ય અધિકારી
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી, નોર્થઝોન(કતારગામ), પ્રતિ.....જાણ તથા અમલ સારૂ.

(૨) શ્રી રજનીકાંત ભોગીલાલ પટેલ,
પ્રતિ..... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૦૩, તા.૨૨/૦૭/૨૦૨૪

અરજદારઃ– શ્રી સુમન્તા ઘોષ

સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને સ્ટેટેસ્ટિકલ આસીસ્ટન્ટશ્રી,નોર્થઝોન(કતારગામ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ અરજદારશ્રી સુમન્તા ઘોષની નોર્થઝોન આઈ. ડી. નં. ૨૦૯, તા.૧૧/૦૬/૨૦૨૪ (નોર્થ ઝોન ઈન નં. ૨૧૨૭, તા.૧૧/૦૬/૨૦૨૪)ની અરજીથી બાળકનું નામ–રેહાના, જન્મ તારીખ–૧૩/૧૦/૨૦૨૨, રજીસ્ટ્રેશન નંબર–૬૮૬૯, રજીસ્ટ્રેશન તારીખ–૨૦/૧૦/૨૦૨૨, એપ્લીકેશન નંબર–૪૩૭૬૦૧૦, જન્મ સ્થળ – સ્પર્શ હોસ્પિટલ અને આઈ.વી.એફ સેન્ટર, અમરોલી, સુરતની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા.૨૨/૦૭/૨૦૨૪ ની NZ/SMC/FAP/નં.૦૩/૨૦૨૪–૨૫
(૨) અરજદાર મજકુરની નોર્થઝોન આઈ. ડી. નં. ૨૦૯, તા.૧૧/૦૬/૨૦૨૪ (નોર્થ ઝોન ઈન નં. ૨૧૨૭, તા.૧૧/૦૬/૨૦૨૪)

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, અરજદારશ્રી સુમન્તા ઘોષ દ્વારા આર.ટી.આઈ.ની માહિતી માંગતી અરજી અરજદાર દ્વારા અત્રેનાં ઝોન ખાતે તા.૧૧/૦૬/૨૦૨૪ નાં રોજ દાખલ કરેલ. જે નોર્થઝોન આઈ.ડી.નં.૨૦૯ થી નોંધાયેલ છે. ત્યારબાદ જાહેર માહિતી અધિકારી અને સ્ટેટેસ્ટિકલ આસીસ્ટન્ટશ્રી,નોર્થઝોન (કતારગામ) દ્વારા અરજદારશ્રીને પત્ર નં. નોર્થઝોન/આઉટ/નં.૫૩૮, તા.૦૩/૦૭/૨૦૨૪ થી " માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ કલમ ૨ (૬) માં જણાવ્યા મુજબ વ્યાખ્યા મુજબની વિગતોની પૂછપરછ/કારણોના રૂપમાં પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબોમાં સમાવી શકાતી નથી. તમે તેનાથી સારી રીતે વાકેફ છો. જો તમે જન્મ પ્રમાણપત્રની ચકાસણી કરવા માંગો છો, તો તમે જન્મ પ્રમાણપત્રમાં આપેલા QR કોડની મદદથી તે કરી શકો છો." મુજબનો પ્રત્યુતર પાઠવી પૂર્તતા કરેલ.

જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા પ્રાપ્ત માહિતી થી સંતુષ્ટ ન હોવાને કારણે અરજદાર દ્વારા પ્રથમ અપીલ અરજી અત્રેનાં ઝોન ખાતે તા.૨૨/૦૭/૨૦૨૪ નાં રોજ દાખલ કરેલ. જે પ્રથમ અપીલ નં.૦૩ થી નોંધાયેલ છે.

અરજદારશ્રીની તા.૨૨/૦૭/૨૦૨૪ ની અપીલ અરજી અન્વયેની લેખિત રજુઆત ધ્યાને લેતા અરજદારને તા. ૨૫/૦૭/૨૦૨૪ નાં પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/આઉટ/૬૪૯ થી તા.૧૭/૦૮/૨૦૨૪ નાં રોજ સમય બપોરે ૧૨:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અત્રેની કચેરીએ હાજર રહેવા જણાવવામાં આવેલ. પરંતુ સદર સુનાવણી ઓડિયો / વિડિયો કોન્ફરન્સ માધ્યમ દ્વારા રાખવા અંગેની અરજદારશ્રીની તા.૦૩/૦૮/૨૦૨૪ની લેખિત રજુઆત જે અત્રેની કચેરીએ તા.૦૮/૦૮/૨૦૨૪ ના રોજ નોર્થ ઝોન/ ઈન / નં. ૩૮૪૭, તા.૦૮/૦૮/૨૦૨૪નાં રોજ મળેલ. જેને ધ્યાને રાખી રૂબરૂ સુનાવણી સદર તારીખે તથા સદર સમયે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી રાખવામાં આવેલ. પરંતુ અપીલ અધિકારીશ્રી સદર સમયે કચેરીના અગત્યના કામમાં વ્યસ્ત હોય, રૂબરૂ સુનાવણી બપોરે ૦૩:૧૦ કલાકે રાખવામાં આવેલ જેની ટેલિફોનિક જાણકારી અરજદારશ્રીને આપવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને સ્ટેટેસ્ટિકલ આસીસ્ટન્ટશ્રી, નોર્થઝોન(કતારગામ) હાજર રહેલ હતા. રૂબરૂ સુનાવણીમાં "અરજદારશ્રી દ્વારા માંગેલ માહિતી મળી રહે તેવો આગ્રહ સેવવામાં આવેલ."

જયારે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા નીચે મુજબની રજુઆત કરેલ.

"અરજદારની આર.ટી.આઈ. સંદર્ભે અરજદારને નિયત સમયમર્યાદામાં તા.૦૩/૦૭/૨૦૨૪, આઉટ વર્ડ નં.–૫૩૮ થી જવાબ પાઠવવામાં આવેલ છે."

